

લવ અને કુશ

ચિત્રકારઃ કનુ દેસાઈ

કુમાર

જૂન ૧૯૪૩

અંક

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું એકલું માસિક · આદ્યતંત્રી · રવિશંકર રાવળ · વર્ષ ૨૦મું · અંક

સંપાદક · બચુભાઈ રાવત

કુમાર

જૂન ૧૯૪૩

અંક ૨૩૪

પ્રકાશન તારીખ ૬–૯–૪૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક·બચુભાઈ રાવત. પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.

તાહરે ચરણ

· ઝૂલણા ·

તાહરે ચરણ આ ઉચ્છલી આવિયું
જગત ક્ષારાબ્ધિથી એક બિન્દુ,
ક્ષાર તેનો હરી, ધાર તુજ ક્ષીરમાં,
અમૃતના અતલ ચૈતન્યસિન્ધુ!

તાહરે ચરણ, જગઝાડીના ઝુંડથી
કંટકિત આવિયો એક ગુંજ,
કાંટ તેની હરી, ધાર તુજ હૃદય પર,
અમિત સૌન્દર્યના દિવ્ય પુંજ!

તાહરે ચરણ ઘનપ્રકૃતિ ઘર્ષણ થકી
સળગતો એક આવ્યો સ્ફુલિંગ,
ક્ષણિકતા તેની હરી, ધાર તવ મુકુટ પર,
શાશ્વતાં તેજના ભવ્ય શૃંગ!

સુન્દરમ્

પરોઢ

· સગ્ધરા ·

વીણીને વ્યોમમાંથી હલમલ કરતા તારલા મત્સ્ય જેવા,
માછીકન્યા સમી ઓ! તરલ ડગ ભરી યામિની જાય ચાલી.
ધીરે ધીરે ઉપાડે તિમિરજવનિકા કોક અદૃષ્ટ હસ્તો,
લીલા પશ્ચાદ્ભૂની અવનવ પ્રગટે તેજઅંધારગૂંથી;
પ્રાચીને પુણ્ય ક્યારે કિરણટશરના કેવડા રમ્ય ફૂટે,
સૂતું ઉત્થાન પામે સચર અચર સૌ, નિંદનાં ઘેન વામે.
માળામાં પંખી જાગે, મધુર રણકતી ઘંટડી દૂર વાગે;
ટૌકો ઊંડો ગજાવે ગગનપટ ભરી કૂટડી ક્રૌંચજોડી.
લાજાળુ નારીવૃન્દો શિર પર ગગરી લેઇ આવે ઉમંગે,
ભાગોળે વેણુ વાના ધણ લઇ નિસરે છેલ્લા ગોપબાલો.
આત્માના મર્મશો શી મનહર મુરલી માતરિશ્વા બજાવે,
પર્ણે પર્ણે ફરૂકે સભર વિલસતાં સૂર્યનાં ભર્ગરશ્મિ;
પોઢેલો જેમ પેલો શતદલકમલે મૂર્છના ભૃંગ ત્યાગે,
જાગે શો પ્રાણ મારો અભિનવ ઝીલતો તેજના રાશિ ભવ્ય!

બાલમુકુન્દ દવે

લગ્નતિથિ

વસંતતિલકા

આજે તિથિ મધુર! આપણુ લગ્નની આ
-વૈશાખ માસ અગિયારશ ઊજળીની-
આવી, ગઈ પુનઃ ઓગણત્રીશ વેળા,
ગાજે વસંતતિલકાઓની ગંજરીઓ.

પૂરી થશે અવશ્ય કો દિન સ્થૂળની તો,
રહેશે પછી અમર પ્રેમનું સૂક્ષ્મ લગ્ન;
સંસાર તો સુભગ સૌરભનેહભીનો
આનંદ જ્યોતિ સમ પ્રાણપ્રસાદ મસ્ત.

સૌભાગ્યકંકણ વની તનયા કુમારી
એ રીત અર્પણ કરી જગમંગલા શી
સાતત્યની: સ્મિત વહો રસરૂપરાશિ,
સોહી રહો વરદ લગ્નવિલોલ સિદ્ધિ.

દેશળજી પરમાર

હેડો!

· પુષ્પિતાગ્રા ·

ગહન નભ તણી અરે ઉંચાઇ,
ખીણખીણનાંઅતલન્ત હે ઊંડાણો!
વિજન રણ તણી અહો સપાટી,
વનવનની અયિ કુંજકુંજ ઘાટી!
અયિ સગદરની તરંગઝોળો,
ખડક તણી કઠિનાઈ વજ્ર શી હે!
મલય પવન હે! વિહંગગીતો,
ઋતુઋતુની રસલક્ષ્મી પુષ્પિતા હે!
નભ વિચરત હે દિનેશ-ચંદ્ર,
ટમટમતા અથ લાખલાખ તારા!
પથિકપથિકના પ્રવાસપંથો;
મુજ મનભાવન રમ્ય હે મઢૂલી!

-બસ સહુ અહિંયાં, અહીં જ આવો
અચલ મઢો સગ દ્વાર છો ભીડેલાં.
ડગ દઈ ડગ કો ભરે પહેરો
સજગ રહીઅહીં સારી રાત સંત્રી!
નિમીલિત દગમાં બધાં ય આવો
સ્મરણ નિસર્ગ વિરાટનાં સતાવો.
વિપગ ડરણ ને વિષાદ ઊંડો
સહીસહીને ફર એ જ રંગ ઝંખે.

વેણીભાઇ જ. પુરોહિત

રહું તો ધપ્યો

· પૃથ્વી ·

વસે વિકટ વિઘ્ન ને અગણ્ કંટકો, પંથમાં
ભયાનક તિમિર વિણ ન ભલે મળે સાથ કો,
રહે અડગ કિન્તુ એક મુજ આત્મશ્રદ્ધા અને
વસે ફરજપાલને હૃદયમાં પ્રફુલ્લિતતા,
રહું સતત ફર્જની કઠિન કેડીએ તો ધપ્યો
ન ફિકર ક્યહીં પૂર્ણતા મુજ પ્રવાસની જોવા.

'પ્રવાસી'

સામયિક ચિંતન

ધાવણની પ્રતિષ્ઠા

[સ્વામી આનંદ]

ઈતિહાસના આદિકાળથી માંડીને આજ સુધી, જેમ આપણા સંતસાધુ ને ઋષિમુનિઓના આદેશઉપદેશોનો ઝોક એક જ રહ્યો છે—સંસારની નશ્વરતા અને આત્મદર્શનની મહત્તા; તેમ આપણા તમામ સાહિત્યસર્જનને સારુ એક જ સામગ્રી આપણે ત્યાં કાળકાળાંતરથી અખૂટપણે ચાલી આવે છે: ઉચ્ચ અને અધિકારી લેખાતા વર્ગોને હાથે અધીન સ્ત્રી-શૂદ્રાદિ અનધિકારી ગણાએલા વર્ગોની વિટંબણા. છેક રામાયણ–મહાભારત કાળનાં સીતાત્યાગ અને દ્રૌપદીવિટંબનથી માંડીને આજની કાડી વિધવાઓ કે આધુનિક કૉલેજ-કન્યાઓ સુધી, અથવા તો શંબૂક એકલવ્યથી માંડીને આજની પંચમ પારિયા ઇ૦ અસ્પૃશ્ય ગણાતી કોમો સુધી, તમામ સ્ત્રીશૂદ્રાદિને એક કે બીજી રીતે પણ, પોતાના કાળના સમાજની, ઉચનીચના અધિકારવાદ ઉપર ઘડાએલી પ્રચલિત માન્યતાઓ અને રૂઢિઓના દોર તથા આતંક તળે અવિરતપણે વેઠવું જ પડ્યું છે. આદિયુગમાં શું, મધ્યયુગમાં શું કે આધુનિક યુગમાં શું, માણસ પોતાને અધીન એવાં આશ્રિતો પર કે પોતાથી નબળાં પર એવો ને એવો શિરજોર રહ્યો છે, અને અધીનોની એવી નબળાઇને જ પાછી એમના અનધિકારનું મુખ્ય લક્ષણ ગણાવીને એમને તમામ જ્ઞાન અને અધિકારથી વંચિત રાખતો આવ્યો છે. વીસમી સદીની લગભગ અધગાળે પહોંચેલો આજનો જમાનો પણ કુળકોમ અને સ્ત્રી-પુરુષાદિના આવા સનાતન છાપના અધિકારોના હકદાવાથી ખાલી નથી. કેળવાએલા અને સંસ્કારી ગણાતા આધુનિકો પણ જાણ્યેઅજાણ્યે એ ચાલતા આવેલા રૂઢિગત સંસ્કારોના વિષથી અને એની ચુંગાલથી મુક્ત નથી હોતા, બલ્કે વખત આવ્યે પોતાના સર્વ કેળવાએલા સંસ્કારોને કોરે મેલી એ જ સનાતન માનસના અચૂક શિકાર થઇ પડે છે, એનું ભાન આજની ઘડીએ પણ સમાજમાં રોજ બનતી નાનીમોટી ઘટનાઓથી આપણને અનેકવેળા તીવ્રપણે થઇ આવે છે.

માનવકુળના અગ્રજ એવા પ્રાચીન બ્રાહ્મણ ક્ષત્રિયોએ કુળલોહી અને ધાવણની પ્રતિષ્ઠા ગાઈ અને અધિકારવાદની દીવાલો ઊભી કરી. આમ કરીને તેમણે ધરતીના ખમીર સમી આમજનતાને તેના તમામ ઊર્ધ્વગામી વારસાથી વંચિત કરીને હમેશને સારુ અપંગ ને [illegible] કરી મેલી. અધિકારવાદના એ ઈજારદારોએ જ્ઞાનને પણ ભોગળો ભીડી ને સત્યને રૂંધ્યું. સમકાલીન દુનિયાને માથે લઇને ફરનારા ને કોઇ સમોવડિયાની શોધમાં ઘોડા છૂટા મેલનારા તે કાળના ક્ષત્રિયોએ અથવા તો 'शापादपि शरादपि'નાં બિરદ બાંધીને ફરનારા બ્રાહ્મણોએ પોતાનાં શૌર્ય, વીર્ય અને તપસ્યાઓને બિનહરીફ ગણાવવાની બળતરામાં પૃથ્વીને નિઃક્ષત્રી કરી મેલવાના કોડ સેવ્યા. એ અધિકારવાદના દોર અને આતંક હેઠળ મોટા મોટા માનવસમાજો ત્રસ્તગ્રસ્ત નિસ્તેજ ને આત્મગૌરવહીન બન્યા.

પણ કુળ-કોમના અભિમાનના નશામાં જિંદગી આખી વીતાડનારા એ ત્રૈવર્ણિકોએ અધિકારવાદનાં બધાં વાડાવંડીઓ ઊભાં કરીને, આટઆટલા કાળના અટ્ટહાસ પછી–આટઆટલા કાળ અકબંધ અધિકારોના કબજાભોગવટા કર્યા પછી, સાધ્યું શું? સંસારની નામી અનામી સૌ સેળભેળ એવી પ્રજાઓની ઘોડદોડમાં એમણે પોતાનાં કુલશીલને જોરે કઈ સરસાઇ સાબિત કરી?

સાચી વાત તો એટલી જ છે કે આ અધિકારવાદની ઇન્દ્રજાળ નરી નરદમ પોકળ ઠરી ચૂકી છે. એના પુરાવા શોધવા આઘે જવું પડે તેમ નથી. જે બ્રિટિશરોએ બસો વરસની વાત પર આ જ દેશની 'લોક' લેખાતી હડધૂત જનતાને હાથમાં લઇને નૂજ દિવસોની કવાયત વાટે ક્ષત્રીપેશામાં પળોટી લીધી અને શિસ્તબદ્ધ સંગઠિત પલ્ટનોમાં ફેરવી નાખીને એની જ મદદથી હિન્દુસ્તાનને જીત્યું, જે જનતાને આજે પણ લાખોની સંખ્યામાં ભરતી કરીને એ જ બ્રિટિશરો દુનિયા આખીને ધમરોળી રહ્યા છે, તે બધી બિલાડીના ટોપની જેમ અઠવાડિયે પખવાડિયે ને મહિનેમાસે ઊભી કરવામાં આવતી હિંદી પલ્ટનો શું હાડા–સિસોદિયાના ને શેખસૈયદોના વંશમાંથી વીણીવીણીને ભરતી કરેલી હોય છે? પચાસ પચાસ ને સો સો મજલાનાં સ્કાઇ-સ્ક્રેપર્સ (આભઊંચાં મકાનો)માં આગ ટાણે ચડી જઈને ભડભડતી અગ્નિઝાળો વચ્ચે ઘૂમનારા ને એવી ઊંચાઇ એથી અંતરીક્ષમાં ભૂસકા મારનારા ફાયર બ્રિગેડના બંબાવાળાઓને તેમનાં કુળશીલ ને શરાતનની હિસ્ટ્રી-ટિકિટોના આધાર પર ભરતી કરવામાં આવે છે શું?

ઊંચનીચ અને જાતપાતના અધિકારવાદની આ અટલી અમને એકલાને જ ડગલે ને



સ્વામી આનંદ: બાવીસ વર્ષ પરનો સ્કેચ (ર.મ.રા.)

પગલે અટકાવીને કાં ઊભા રાખે? બે માથાં લઇને દુનિયાને પાદાક્રાંત કરવા નીકળેલી પ્રજાઓને એ કેમ ક્યાંય નડતી નથી દેખાતી? દુનિયા આખીના કાળા ગોરા કે પીળા તમામ બ્રાહ્મણક્ષત્રી ચાહે તેટલા કૂટી મરે પણ સત્યની પ્રતિષ્ઠા, શીલની પ્રતિષ્ઠા, આવા આભડછેટિયા આચારથી કદિ સ્થપાવાની નથી.

અસલ વાત એ છે કે કાળા માથાનું માનવીમાત્ર એકલોહી એકપ્રાણ ને એકપરિવાર છે. એમાં જાતરંગ, કુળકોમ, ઊંચનીચ, પૂર્વપશ્ચિમ કશા જ ભેદ નથી. માણસની સામે માણસે કાઢેલા તમામ હકદાવા ને અધિકાર તો જીવનની જદ્દોજહદમાં હારી બેઠેલા લોકોએ પૂર્વપરાક્રમોનાં હવાલાં દઇને નોંધાવેલી જીવાઈ-અરજીઓની આળપંપાળ છે. આથમીને અંધારે પડી ચૂકેલાં વાસી શૌર્યશરાતન અને પુરુષાર્થોનાં ભીંતચિત્રામણો સાથે સગપણ કાઢી દેખાડીને ઉદર ભરવાના, ને ઉપર વળી લાયરી કરવાના ધંધા માત્ર છે. એની શેખી ને એનાં કામણ આ કળજુગમાં હવે કારગત રહ્યાં નથી, રહેવાનાં નથી. માનવીમાત્રને જન્મથી મળેલો એવો એક જ અધિકાર છે: પુરુષાર્થ, કર્મ–સતત, અવિરત, અતંદ્રિત કર્મ; સંસારને એની તમામ અવળાઇઓ અને અવળચંડાઇઓમાંથી ખેંચી કાઢીને સ્વર્ગ બનાવવા કૂટી મરનારું કર્મ; જેના વિના તમામ સંસાર ઉત્પન્ન થઇને નાશ પામે એવી ભીતિ જાહેર કરીને ગીતાના ગાનાર પુરુષોત્તમે સ્વયં પોતાને (પરમેશ્વરને) પણ તેમાંથી બાકાત રાખવાને ના પાડી. એ જ એક માનવમાત્રનો અબાધિત જન્મસિદ્ધ હક છે; બાકી તમામ

આળપંપાળ, આણી વળગાડેલી ને ઉપજાવી કાઢેલી ઉટપટાંગ કથા-કહાણી છે.

શું નામી કે શું અનામી, કુળવાન કે કુળહીન, જીવનના પુરુષાર્થક્ષેત્રમાં માનવીમાત્ર એકચારે છે, એ એક જ વાસ્તવ સત્ય છે. વ્યક્તિગત ગણતરીએ કદાચ આનુવંશિક સંસ્કારના વારસદારો ક્યાંય થોડીઘણી પૂંજી લઈને પડમાં ઊતરતા હશે, પરંતુ એવી પૂંજી પણ એમના પુરુષાર્થનું ભાથું બનવા કરતાં મોટે ભાગે એમનાં પ્રમાદ આળસ ને પરોપજીવીપણાની જ સામગ્રી બને છે એવો સદાનો અનુભવ છે. કુલશીલની ઉપાદાનસામગ્રી ગરાસ–વારસામાં મળેલી ટાઢી પૂંજીમાંથી કે નિર્જીવ વાસી આચારવિચારમાંથી નથી નીપજતી. હેમને પારણે પોઢેલા ને હીરની દોરીએ હીંચેલાઓએ સંસારમાં પરદુઃખ દુઃખિયા થઈને આર્તત્રાણને અર્થે આત્મવિલોપનના પંથ ક્વચિત જ ખેડ્યા છે. ત્રિવિધ તાપમાં તપતી બળીઝળી દુનિયાને સાંત્વન દેનારા, વિપદના ઝંઝાવાતો વચ્ચે જાતને જાળીપ્રજાળીને આત્મયજ્ઞને દીવડે દુનિયાને માર્ગ દેખાડનારા, સંકટ સમે નૈયા બનીને આર્ત દુનિયાને પાર ઉતારનારા અને શાંતિ સમયે દીનદુનિયા ખેડૂનું ભાથું બંધાવીને માનવકુળનું સ્થાયી શ્રેય સાધનારા માડીજાયાઓને તો ઘણુંખરું કોઈ દીનદલિત રાંડીછાંડી માતાઓએ જ છાતીએ પથ્થર બાંધીને જણ્યા હતા. તેથી જ તો કહેતી પડી કે મહાપુરુષોનું કુળમૂળ ન તપાસવું. દુનિયા તો અતિ અતિ વેગે સંકોચાતી જાય છે. રાગદ્વેષ અને રંગભેદની સરહદો હવેની દુનિયામાં ટપોટપ ટૂંકી પડવાની છે. ઝાંખા મોંસૂઝણાં નહિ પણ ધોમધખ્યા બળબળતા બપોર નીચે ચાલવાનું છે. વાડાવંડીઓ કરીને હવે નહિ જીવાય. વિરાટને વળગીને, એની સામે નજર નોંધીને જ હવે ચાલવાં પડશે. એ પડકાર ઝીલનારા નીકળશે? "Where there is no vision, people perish." ('દીઠું મેં ગામડું જ્યાં' નામના પુસ્તકની 'ઊર્મિ'માં આવેલી પ્રસ્તાવનામાંથી તારવેલું)

સ્વ. પૂ. ત્રિલોકચંદ્રજી મહારાજ

યોગનિષ્ઠ મુનિવર શ્રી ત્રિલોકચંદ્રજી મહારાજ શ્રાવણ વદ ૩ ને બુધવાર તા. ૧૮–૮–૪૩ ના રોજ દિવંગત થયા એ સમાચારે એમના પરિચયમાં આવેલા યુવાનો તથા નરનારીઓને પોતાને પડેલી ખોટથી ભારે ગ્લાનિ ઉપજાવી છે. એઓશ્રી સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સાધુવર્ય હોવા છતાં પરમ ભારતીભક્ત હતા, અને ધર્મના આડંબરો તથા મ-



ર્યાદાઓને બાજુએ રાખી, અપાર વાત્સલ્ય તથા સરળતાથી અનેક સંપ્રદાયના સાધુ, સંન્યાસી, બ્રાહ્મણ કે ગૃહસ્થ તેમજ ઇસાઇ પારસી વગેરે અન્ય કોમના માણસોના પણ પરમ મિત્ર અને સહાયક બન્યા હતા. તેમની મોટી અભિલાષા હતી કે વાત્રકના કાંઠે શ્રી ઉત્કંઠેશ્વર (ઊટડિયા) મહાદેવના મંદિર આગળ સર્વ વર્ગને ઉપયોગમાં આવે એવું એક સંસ્કૃતિધામ વસાવવું. ત્યાં યોગ અને જ્ઞાનના અભ્યાસીઓ માટે નિવાસ, રસોડું, દવાશાળા, વાચનાલય આદિ કરવાં, ગ્રામજનતા માટે એક ઉદ્યોગશાળા સ્થાપવી, અને દેશના કોઈપણ ભાગના, કોઈ પણ સ્થિતિના, આત્મોન્નતિવાંછુ માટે અતિથિગૃહ નિભાવવું. આવો મહાન પુણ્યહેતુ સાધવા તેમણે ત્યાં 'યોગાશ્રમ' ની સ્થાપના પણ કરી હતી અને તેની આસપાસ જમીનનો મોટો વિસ્તાર રોક્યો હતો. સાધનસામગ્રીવાળા એ કુશાદે મકાનમાં લગભગ દસેક હજાર જેટલાં પુસ્તકોનો સંગ્રહ પણ કર્યો હતો. એમની એ ભાવના સિદ્ધ થશે તો જરૂર તેમના આશીર્વાદ ઊતરશે, ને ગુજરાત એક સંસ્કૃતિકેન્દ્ર ધરાવતું થશે.

એ પરમ કલ્યાણવાંછુ સંતનો ગુજરાતમાં કદાચ ઓછાને પરિચય હશે. એમનો મુખાચ્છાદન (મુહપત્તિ) વગરનો આ સાથે આપ્યો છે તે એક જ ફોટોગ્રાફ તેમની ચોક્કસ આજ્ઞાથી અપ્રકટ રાખવામાં આવ્યો હતો. આજે તે પહેલી જ વાર જાહેરમાં મુકાય છે.

ડૉ. મંજુલાલ મજમુદાર

વડોદરા કૉલેજના ગુજરાતીના પ્રાધ્યાપક શ્રી મંજુલાલ ર. મજમુદાર, પોતાના કલાવિષયક વિદ્વત્તાભર્યા લેખોથી 'કુમાર'ના વાચકોને તો સુપરિચિત છે. ગુજરાતના ગણ્યાગાંઠ્યા પ્રાધ્યાપકોમાંના જેઓ ગુજરાતની સંસ્કૃતિ અને કળાનો અભ્યાસ તથા ઉત્કર્ષ કરી રહ્યા છે તેમાંના તેઓ એક છે; અને ગુજરાતની પ્રાચીન તેમજ અર્વાચીન કલા વિષે સંશોધન અને નોંધો કરી યુનિવર્સિટીને બારણે તેની પ્રતિષ્ઠા કરાવનાર પણ તે એકલા જ છે. તેમણે આજ સુધી ગુજરાતની લોકકળા, સાહિત્ય અને સંસ્કૃતિ ઉપર અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે, પણ હમણાં તાજેતરમાં એમણે ગુજરાતની પ્રાચીન કળા ઉપર એક વિદ્વત્તાપૂર્ણ મહાનિબંધ (થીસીઝ) લખી મુંબાઈ યુનિવર્સિટી તરફના ડૉક્ટરેટ (પંડિત-પ્રવર) ની–પીએચ.ડી.ની–પદવી મેળવી છે તે માટે આપણાં તેમને અભિનંદન હો. —ર.

એક ઉપયોગી પુસ્તક

'આપણું હિંદુસ્તાન': જે અપરંપાર સાધનસંપત્તિ—વનસ્પતિ, ધાન્ય, ઢોર, ખનીજોના ભંડાર અને બેશુમાર માનવબળ આપણો દેશ ધરાવે છે તેનો સાચો અને રસમય ખ્યાલ આપવો, અને એટલી અઢળક સંપત્તિ હોવા છતાં આ દેશ શા કારણે દરિદ્ર રહ્યો છે તેનાં કારણો દર્શાવીને એ કંગાલિયત નાબૂદ કરવા માટે સંપત્તિની કેવા પ્રકારની યોજના કરવી જોઈએ તેના માર્ગ દર્શાવવા,–એવું બેવડું કામ કરતું આ પુસ્તક એક અનન્ય પ્રકાશન છે. સાદી સરળ ભાષામાં, આપણને કોઈ વાર્તા કહેતું હોય એ ઢબે, એ તમામ હકીકત એવી ખૂબીથી એમાં સમજાવી છે કે ઊગતાં કુમાર-કુમારીઓ અને ઓછું ભણેલો આમવર્ગ પણ એ સમજી શકે, અને આપણા દેશ માટે ગૌરવ ધરાવતો થઇ તેની ઉન્નતિ વિષે વિચાર કરતો થઇ જાય. સાથેસાથે પુસ્તકમાંની હકીકતો સીધી હૈયામાં ઊતરી જાય એવી વિશિષ્ટ ઢબનાં સરળ અને ઉઠાવદાર શૈલીનાં થોકબંધ ચિત્રો પણ એમાં આપ્યાં છે, તે એ પુસ્તકની ઉપયોગિતા અને આકર્ષકતાને બેવડી વધારી મૂકે છે. જોકે પરદેશીને હાથે ચીતરાએલી હોવાથી ચિત્રોમાંની પાત્રસૃષ્ટિ હિંદીપણાના ભાવથી ઊણી લાગે છે. આ પુસ્તક મૂળ અંગ્રેજીમાં બહાર પડ્યું ત્યારના અમે એમાંના કોઇકોઈ ચિત્રાત્મક મુદ્દા 'કુમાર'નાં છેલ્લાં પાનાંઓમાં અવારનવાર આપ્યા કરતા હતા તે વાચકોને યાદ હશે. હવે દેશની બીજી ભાષાઓમાં પણ તે ઉતારાયું છે. ઉત્તમ કુમાર-વાચનનું આ પુસ્તક પ્રત્યેક ઘર, શાળા ને લાયબ્રેરીમાં હોવું જોઇએ. લેખક: મીનુ મસાણી; અનુવાદક: પુરુષોત્તમ ત્રીકમદાસ; પ્રકાશક: ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ મુંબાઇ. કિંમત [illegible]

સંગીતકલાની શિષ્ટવર્ગમાં પ્રતિષ્ઠા સ્થાપનારા પુરુષાર્થીઓમાંના એક

ભારતના ગાયનાચાર્ય વઝે બુવા

અન્નને અભાવે અર્ધભૂખી અવસ્થામાં અને કપડાંને અભાવે લંગોટીભર કપરી ગરીબી અને નિરાશામાં જુવાની વિતાવી ગાયનની સાધના કરી એ ગાયનાચાર્ય થયા

ગઈ તા. પાંચમી મેએ ગાયનાચાર્ય રામકૃષ્ણ વઝે બુવા આશરે સિત્તેર વર્ષની ઉમરે અવસાન પામ્યા. તે દિવસે ભારતીય સંગીતના ઈતિહાસનું એક મહાન પર્વ પૂરું થયું.

જ્યારે જ્યારે હું એમને મળવા જતો ત્યારે તેઓ કહેતા, 'હવે મારા થોડા જ દિવસ બાકી છે. નામના મેળવી, પૈસા પણ સારા મળ્યા, તમારા જેવા સંબંધીઓ અવારનવાર મળી જાય છે, એથી વધારે માણસને શું જોઈએ? હવે મારે તો દિવસ ગણવાના જ રહ્યા.

વઝેબુવાનાં દર્શન થતાં અને એમની પાસેથી એમનાં સંસ્મરણો અમે સાંભળતા, ત્યારે છેલ્લાં ૫૦-૬૦ વર્ષનું સંગીત જાણે નજર આગળ સાક્ષાત થઈ જતું. ગાયનકળા શીખવા ખાતર એમણે શું શું વેઠ્યું હતું એનું વર્ણન સાંભળી અમારાં મસ્તક નમી પડતાં.

ગુજરાતમાં વઝેબુવાનું નામ એટલું જાણીતું નથી, જેટલું તે મહારાષ્ટ્રમાં કે ઉત્તર હિંદમાં જાણીતું છે. એટલે મેં એમને એક વાર કહ્યું હતું પણ ખરું કે 'કુમાર'માં હું તમારું ચરિત્ર આપવાનો છું.

એ વખતે ખ્યાલ ન હતો કે એ ચરિત્ર મૃત્યુલેખ થશે!

વઝેબુવા હોય ત્યાં જાણે સાહિત્ય પરિષદ ભરાતી. એમને બધા યે ઓળખતા. સ્વામી વિવેકાનંદ જોડે એમને સારો પરિચય થએલો. એમની જોડે એમણે બે-ત્રણ અઠવાડિયાં ભ્રમણ પણ કર્યું હતું. ભારત-સેવક ગોખલેએ એમને પોતાના સમકાલીન ગાયકોનો ઇતિહાસ લખવાનો આગ્રહ કર્યો હતો. બૅંગલોરમાં બુવા સર સી. વી. રામનને મળ્યા ત્યારે તેમણે પણ બુવા આત્મચરિત્ર લખે તો સારું એમ કહેલું. અને શ્રી કેળકરે તો પોતાના 'સહ્યાદ્રિ' માસિક માટે એમનાં સંસ્મરણો મંગાવ્યાં પણ હતાં.



ગાયનાચાર્ય રામકૃષ્ણ નરહર વઝે, સાવંતવાડી સંસ્થાનમાં આઝરે નામના ગામડામાં જન્મ્યા. એમના પિતા મરણ પામ્યા ત્યારે એમની ઉમર દસ મહિનાની હતી. નાના છોકરાને ઉછેરવાનો બધો ભાર માતાને શિર પડ્યો. કુટુંબ બહુ ગરીબ હતું, અને ગામડું તદ્દન નાનું; એટલે ત્યાં ગુજરાન ચાલે એવું ન હતું. આથી રામકૃષ્ણ ચાર વર્ષનો થયો ત્યારે એની માતા જોડે એને જન્મભૂમિનો ત્યાગ કરવો પડ્યો. મા-દીકરો કાગલ આવ્યાં અને કોઇ દેશપાંડે નામના ગૃહસ્થને ત્યાં નોકરી કરવા રહ્યાં. યથાસમય રામકૃષ્ણ નિશાળે જવા માંડ્યો ને મરાઠી ચોથી સુધી ભણ્યો. પણ ભાઇનું ભણવામાં ચિત્ત ન હતું. નાનપણથી એને ગાયનનો શોખ હતો. નિશાળમાં કે રસ્તામાં જ્યાં જાય ત્યાં રામકૃષ્ણ તાન મારતો ફર્યા કરતો. અંતે એક દિવસ માસ્તરે એની માને કહ્યું, 'છોકરાનું ભણવામાં ધ્યાન નથી. એને ગાયન શીખવાડવાનો પ્રબંધ થઈ શકે તો સારું.' માની પણ એ જ ઈચ્છા હતી, પણ એને મહિને ત્રણ રૂપિયાનો પગાર મળતો, એમાં એ છોકરાને ગાયન શીખવાડવા પૈસા ક્યાંથી કાઢે? છોકરાનું નસીબ સારું એટલે કાગલ દરબારના ગવૈયા બળવંતરાવ પોહરે એને શીખવાડવા તૈયાર થયા. રામકૃષ્ણ એ વખતે નવ વર્ષનો હતો. પોહરે પાસે બે વર્ષ રહી એ વિઠોબા અણ્ણા હડપ નામના પ્રખ્યાત ગવૈયા પાસે શીખવા માલવણ ગયો અને ત્યાં એક વર્ષ રહ્યો.

બાર વર્ષની ઉમરે રામકૃષ્ણને પરણવું પડ્યું. પરણ્યા પછી એને લાગ્યું કે આપણી જવાબદારી તો વધી ગઇ છે, પણ હાલત પ્રતિદિન બગડતી જાય છે. મા પણ બીચારી મજૂરી કરી આપણને ક્યાં સુધી સાચવશે? એટલે ઘેરથી નાસી છૂટવાનો વિચાર એને આવવા માંડ્યો. પણ જવું ક્યાં? પાસે ફૂટી બદામ પણ ન મળે! અને આજની માફક એ વખતે બધે રેલવે પણ ન હતી. એટલે ભાઇએ નક્કી કર્યું કે પગપાળા મુસાફરી કરીશું! તરત જ નિશ્ચય કરી પગે ચાલીને ભાઈ પૂને આવ્યા અને ત્યાંથી મુંબાઇ પહોંચ્યા. ત્યાં થોડા દિવસ રહી લોકોને ગાયન સંભળાવી ત્યાં એણે દસબાર રૂપિયા ભેગા કરી લીધા. આ વખતે એને ચૌદ વર્ષ પૂરાં થવા આવ્યાં હતાં.

મુંબાઈથી રામકૃષ્ણ ઇંદોર ગયો અને ત્યાં જાણીતા મૃદંગ વગાડનાર નાનાસાહેબ પાનસેને મળ્યો. પાનસે એને ગાયન શીખવાડી શકે તેમ ન હતું; નરથાં કે મૃદંગ-વગાડતાં શીખવાડવા તેઓ તૈયાર હતા. પણ આ છોકરાને તો ગાયનની જ ધૂન લાગી હતી. ગાયન તો ગ્વાલિયરમાં શીખી શકાશે, કારણ કે ત્યાં ઘણા ઉસ્તાદો રહે છે, એવી સલાહ મળવાથી રામકૃષ્ણે ત્યાં જવાનો નિશ્ચય કર્યો. એની આ સફરની વાત એના જ શબ્દોમાં સાંભળીએ:

'ચૌદ વર્ષની ઉમરે ઘર છોડી હું ગાયન શીખવા બહાર પડ્યો. ઘર છોડ્યું એટલે બહુ મોટો ત્યાગ કર્યો એમ તો ન હતું. ત્યાગ કર્યો એમ કહું તો ત્યાગ કરવા જેવું ઘરમાં કશું યે ન હતું. હા, પણ ગરીબ છતાં પ્રેમાળ એવી માતા તો હતી જ. એને છોડવા મન તૈયાર થતું ન હતું. પણ ઘરમાં રહેવું એટલે એ બીચારીને એક નહિ પણ બે માણસ માટે માધુકરી માગવા મોકલવા જેવું હતું. એટલે મેં નીકળી

...ાનો નિશ્ચય કર્યો, અને જ્યાં કોઈ પરોપકારી ગાયનગુરુ મળી ર... યાં જવાનું નક્કી કરી ભટકવું શરૂ કર્યું.'

છંદેરથી એ બનારસ ગયા. એ વખતે જાણીતા સંગીતકાર રહિમતખાં અને એમના આશ્રયદાતા છત્રે ત્યાં હતા. એમને ત્યાં થોડા દિવસ રહી, ત્યાં સાંભળી શકાય એટલું ગાયન સાંભળી, રામકૃષ્ણ ગ્વાલિયરને રસ્તે ઊપડ્યા.

ગ્વાલિયરમાં એ વખતે નિસારહુસેનખાં નામના શ્રેષ્ઠ ગાયક રહેતા હતા. એમની પાસે વિદ્યા મેળવવાનો ઇરાદો રાખી વઝેબુવા એમને મળવા ગયા. 'મારા પરમ પૂજ્ય ગુરુ,' તેઓ લખે છે, 'નિસારહુસેનખાં સાહેબને શ્રાવણ મહિનાના એક સોમવારે હું મળ્યો. એમને જોઈને હું તો દિંગ જ થઈ ગયો! એમનું નામ મુસલમાન જેવું. એમનો ધર્મ પણ એ જ, પણ વેશ તો હતો હિંદુ જેવો! એમણે ધોતિયું પહેર્યું હતું, આખા શરીરે ભસ્મ લગાડી હતી. અને ગળામાં જનોઈ હતી! એમને જોઈ હું વિચારમાં પડ્યો. પણ તેમણે જ બોલવાની શરૂઆત કરી: "તારે શું જોઈએ છે? શા માટે આવ્યો છે?" મેં કહ્યું, "મારે આપની પાસે રહી ગાયન શીખવું છે." એમણે તરત જ હા પાડી અને કહ્યું કે મારો ચેલો થવા તૈયાર હો તો કાલથી શીખવાડવા માંડું. મેં ટૂંકમાં મારી કફોડી સ્થિતિનું વર્ણન કર્યું. ખાંસાહેબ બહુ જ દયાળુ હતા. એમણે મને શીખવાડવા માંડ્યું. ખાંસાહેબ એકાદશી, શિવરાત્ર અને શ્રાવણી સોમવારે ઉપવાસ કરતા.

આમ, ગ્વાલિયર આવ્યો તો ખરો, પણ મુશ્કેલીઓ હજી પૂરી થઈ ન હતી. મોટો સવાલ એ હતો કે ખાવું ક્યાં? આખરે માધુકરી માગવાની શરૂઆત કરી. પણ પેટ ભરાય એટલી માધુકરી તો કોઈ દિવસ મળતી નહિ. એમ જ અધભૂખી અવસ્થામાં પાંચ-છ વરસ કાઢ્યાં. જે દિવસે માધુકરી મેળવી શકતો નહિ તે દિવસે અન્નછત્રમાં ખાઈ લેતો. શરીર ઢાંકવા પૂરતાં કપડાં યે મારી પાસે ન હતાં; એટલે પેટભર ખાવાનું યે નહિ ને કપડાં પણ નહિ! લંગોટી પહેરીને જ ફરતો. ઉત્તરનો પ્રદેશ, એટલે ઉનાળામાં તાપ અને શિયાળામાં ટાઢ એટલાં બધાં કે કહેવાની વાત નહિ. અધૂરામાં પૂરું મારા ગુરુ જાતના મુસલમાન. કેટલાયે દિવસ તો મેં રડ્યા જ કર્યું. મનમાં થયું, ક્યાં ભૂલ કરી અને વહાલી માને મૂકી અહીં આવ્યો! પણ નિશ્ચય કર્યો કે વિદ્યા મેળવીશ જ. ગામના લોકો કહેતા, 'આ છોકરો ચોક્કસ ગાંડો થશે એક દિવસ! લંગોટી પહેરી આખો દિવસ ફર્યા કરે છે અને ગાયન ગાયા કરે છે. એક દિવસે એક મોટા માણસે કહ્યું, "તું શું કામ અહીં આવ્યો છે? ગાયન તને કોઈ દિવસ આવડવાનું નથી. તું રૂપાળો છે; નાટકમાં જાય તો સારું" મેં એમને કહ્યું: "અહીં તમે આજે પચાસેક વિદ્યાર્થીઓ જુઓ છો, પણ યાદ રાખજો કે હું જ સૌથી સરસ ગાઇશ એક દિવસ."

અમારા ગુરુજી હંમેશાં એક દોહરો ગાતા:

> ખાને કૂ અન્ન નહિ, રહેને કૂ જગા નહિ,
> રાગકી સમૃદ્ધિ હૈ ઔર સબ આબાદી આબાદ.

એવી જ મારી સ્થિતિ હતી. કોઈને ત્યાં જઉં તો તે તરત જ કાઢી મૂકતા. મુસલમાન લોકો મને કહેતા, "અબે લૌંડે, તૂ કાયકુ આયા? તેરેકુ ગાના નહિ આ સકતા." આ હીન શબ્દો ખમી લઇને પણ હું મારા ધ્યેયને વળગી રહ્યો. જેના પર ઈશ્વરની કૃપા હોય છે તે કોઈથી બીતો નથી. જે લોકો મારી મશ્કરી કરતા તેઓ જ આગળ જતાં મને વખાણતા થયા. પણ આ નવ વરસમાં એક દિવસે ય પૂરું ઊંઘ્યો હોઉં એવું યાદ નથી. દહાડે તો ચેન જ પડે નહિ. કોઈ પણ ચીજ સાંભળું કે તરત જ લખી નાખું. ગામમાં નવો ગવૈયો આવે કે તાન પૂરો પકડવા જાઉં. એમ મારા દિવસ જતા.'

ગ્વાલિયરમાં મહામહેનતે વિદ્યા પ્રાપ્ત કરી વઝેબુવા આગ્રા, જયપુર, ફતેપુર, રેવા વગેરે ઠેકાણે ફર્યા. જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સારા ગવૈયાઓ પાસે રહેતા અને એમની પાસેથી શીખાય તેટલું શીખી લેતા. આજે છે એવા સંગીતવર્ગો તે વખતે ન હતા. ચોવીસે કલાક ગુરુ સાથે રહેવું પડે, એની સેવા કરવી પડે અને ગુરુને શીખવવાનું મન થાય ત્યારે જ એ શીખવે! તેમ છતાં પણ એક બ્રાહ્મણ યુવાન મુસલમાન ગુરુઓ પાસે રહી વિદ્યા કમાયો એ પ્રશસ્ય નથી?

અધ્યયન પૂરું કરી વઝેબુવા દેશ આવવા ઊપડ્યા. રસ્તામાં એમને અનુભવ થયો કે વિદ્યા મળતાંની સાથે જ કાંઈ નિર્વાહનો સવાલ ઊકલી જતો નથી; અને સંગીત ઉપર આજીવિકા ચલાવતાં મુશ્કેલીઓ તો ઘણી નડશે. તેઓ અમરાવતીમાં એક વીશીમાં ઊતર્યા હતા. ગામમાં બધે ફાંફાં માર્યા, પણ એમનું ગાયન કરાવવા કોઈ તૈયાર થયું નહિ. એક વકીલે કહ્યું, 'જોગ વકીલને ઘેર જાઓ; એઓ ગાયન કરાવશે ને પૈસા પણ સારા આપશે.' વઝેબુવા ત્યાં ગયા. પણ ત્યાં ખબર પડી કે વકીલસાહેબને ગાયનનો શોખ બીલકુલ ન હતો. વીશીવાળો રોજ પૈસા માગે. બુવાના ગજવામાં હતા માત્ર આઠ આના! વીશીવાળાએ કહ્યું, મારા પૈસા આપો, નહિ તો વીશીમાં પીરસવા રહી જાઓ! ઘડીભર બુવાને થયું કે જે વિદ્યા વડે એક પાઈ મળી શકતી નથી તે વિદ્યા મેળવવામાં આ પાંચ નકામાં વર્ષ ગુમાવ્યાં. વીશીવાળાને માંડમાંડ સમજાવ્યો: 'ચાર દિવસમાં તારા પૈસા આપીશ. અથવા તારે ત્યાં નોકરી કરી તારું દેવું પતાવી દઈશ.' બુવાએ તો દરરોજ જોગ વકીલને ત્યાં જવા માંડ્યું! બે દિવસ તો વકીલસાહેબે પૃચ્છા પણ ન કરી. ત્રીજે દહાડે કારકુનને કહે. 'આ છોકરો બીચારો રોજ આવે છે ફીના બે રૂપિયા આપી દો એને.' બુવાએ કહ્યું, 'હું વિદ્યાર્થી નથી, ગવૈયો છું,' તો વકીલ કહે. 'ગવૈયો? એ શું? પેલા તાન મારે છે એ જ આલિયા કે? ભાઈ, તારું ગાયન નથી સાંભળવું મારે. એમ ને એમ જ તને પાંચ રૂપિયા આપીશ!' બુવાને એ જ જોઈતું હતું. કહે કે લાવો, વીશીવાળાને આપવા થશે. પછી વકીલને શું થયું કોણ જાણે, કે તેઓ તૈયાર થયા. એમના નાના ભાઈ પણ સાંભળવા બેઠા. ગાયન સાંભળીને નાના ભાઈએ વકીલને કહ્યું, 'માણસ ગુણી છે.' નવાઈની વાત કે વકીલસાહેબ પણ ખુશ થયા. એમણે બુવાને દૂધ આપ્યું અને કારકૂનને કહ્યું: 'વીશીમાંથી એમનો સામાન લઈ આવો અને વીશીવાળાના પૈસા ચૂકવી દો.' એ વકીલને ત્યાં બુવા ચાર મહિના રહ્યા.

ત્યાંથી બુવા ફરી ગ્વાલિયર ગયા અને ત્યાંથી બરેલી. બરેલીમાં એમને સ્વામી વિવેકાનંદ જોડે ભેટો થયો. બે જણા પંદરેક દિવસ સાથે હતા એ દરમ્યાન સ્વામીજીના જ્ઞાનનો લાભ પોતાને બહુ મળ્યો એમ તેઓ ઘણીવાર કહેતા. બરેલીથી બુવા નેપાળ ગયા. સારા નસીબે ત્યાં નોકરી મળી ગઈ. પણ એક જ વર્ષ ત્યાં રહી બુવા દક્ષિણમાં આવ્યા.

આ પછી શરૂ થાય છે બુવાનો ભાગ્યકાળ. ઘણા શિષ્યોને તેઓ વિદ્યા આપે છે, પૈસા કમાય છે અને આખા દેશમાં ખ્યાતિ મેળવે છે.

વિદ્યા મેળવવામાં પોતાને કેટલાં કષ્ટ પડ્યાં હતાં તે બુવા કોઈ દિવસ ભૂલ્યા ન હતા. પોતાના શિષ્યોને તેઓ ઉદાર હૃદયથી વિદ્યા આપી દેતા. એમનો શિષ્યવર્ગ ઘણો મોટો છે. એમાં જાણીતાં ગાયિકા કેસરબાઈ અને મોઘુબાઇ, મહારાષ્ટ્રના નટ બાપુરાવ પેંઢારકર, વિનાયકરાવ કાગળકર, ગુરુરાવ દેશપાંડે અને બીજાં ઘણાં છે. હરિભાઉ ઘાંચેકર એમના શિષ્ય ગણાય છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે બુવાને લાગ્યું કે આપણાથી હવે કોઇને શીખવાશે નહિ ત્યારે એમણે 'સંગીતકલા પ્રકાશ' નામના પુસ્તકના બે અમૂલ્ય ભાગ બહાર પાડ્યા.

ગાયકના ચરિત્રમાં જાણવા જેવું બીજું તો શું હોઈ શકે? ગાયક તરીકે તોવઝેબુવા મહાન હતા જ, પણ વ્યક્તિ તરીકે પણ તેઓ ઓછા મહાન ન હતા. જે વખતમાં ગાયનકલા સારા લોકોમાં પ્રચાર પામી ન હતી તે વખતમાં એ કલા મુસલમાનો પાસેથી શીખી લઇ સારા લોકોમાં ફેલાવનારા થોડા પુરુષાર્થીઓમાં એમનું સ્થાન અવશ્ય રહેશે. એમનો સ્વભાવ ખૂબ જ મીઠો હતો. પોતાના દોષો તેઓ જોઇ શકતા, એટલે એમને ખાસ અભિમાન જેવું ન હતું; અને તેથી તેઓ લોકોમાં બહુ પ્રિય થઈ પડતા.

શરીરે ઠીંગણા, જરા જાડા અને વર્ણે ગૌર, એવી મૂર્તિ કલ્પી શકો તો તેઓ કેવા દેખાતા એનો ખ્યાલ આવી જશે. એક વખત એમનું વજન બસો વીસ રતલ હતું! પણ એમનામાં ધ્યાન ખેંચી લેનાર વસ્તુ તો એમની આંખો હતી. જોતાં જ નાનાં નિરાગસ બાળક યાદ આવે એટલી એ નિર્મળ, મસ્તીભરી અને આનંદભરી દેખાતી. તેઓ બોલતા પણ તેમ જ. કલાકોના કલાકો સુધી વાતો કર્યે જ જાય. વચ્ચે પાંચ પાંચ મિનિટે 'હવે ઘરડો થયો છું, સ્મરણશક્તિ નબળી થઇ ગઈ છે' એમ કહી એટલી નિખાલસતાથી હસે કે આપણને પણ હસવું આવી જાય. કોઈ શંગારિક ચીજ કે ઠુમરી ગાતા ત્યારે તો એમની આંખોમાંની મસ્તી ક્યાં યે સમાતી નહિ. પણ વઝેબુવા દરબારી કે કાફી કાનડા જેવો રાગ એવા ઢંગથી ગાતા કે શ્રોતાઓ એમની ઠુમરીઓનું રંગીલાપણું ભૂલી જઈ ગંભીર વાતાવરણ અનુભવતા.

જિંદગીનાં છેલ્લાં સાત–આઠ વર્ષ એમની તબિયત સારી રહેતી ન હતી. લોહીનું દબાણ વધી ગયું હતું, મધુપ્રમેહ હતો જ, એમાં વળી હૃદયવ્યથા (angina pectoris) અને હૃદયનો દમ (cardiac asthma) એ વ્યાધિએ ઉમેરો કર્યો. અમે મળવા જતા ત્યારે એમના angina–એમના શબ્દોમાં 'અનજનીયાની વાત ન નીકળી હોય અને એ કુચ્ચાર પર અમે ન હસ્યા હોઈએ એવું ભાગ્યે જ બનતું. ઇ. ૧૯૩૯ની આખરમાં કે ૧૯૩૯ના પ્રારંભમાં તેઓ અમદાવાદ આવ્યા ત્યારે આધાર વગર એકલા ચાલી પણ શકતા ન હતા. મધુમેહ હતો, એટલે ડૉક્ટરે ખાંડ ખાવાની ના પાડેલી. પણ બુવાને શીખંડ વગર તો ચાલે જ કેમ? એટલે ડૉક્ટરનું કહ્યું કોઇ દિવસ માનતા જ નહિ. જમવા બેઠા હોય ત્યારે 'મને ડાયાબીટીસ થયો છે' એમ કહેતા જાય અને શીખંડ ઉડાવતા જાય, એટલે જોનારને હસવું આવ્યા વગર ન રહેતું. એક વખતે મારી બહેનો એમને ત્યાં જમવા ગઇ હતી ત્યારે એમને કહે, 'હું તો ઘરડો છું અને એમાં વળી ડાયાબિટિક. તમે તો જુવાન છો. પણ ચાલો જોઇએ, તમે વધારે શીખંડ ખાઓ છો કે હું!' આવું તો ઘણું કહી શકાય એવું છે. પણ આ પરિચય કાંઈ મારાં સ્મરણો આપવા માટે લખવા બેઠો નથી, એટલે આટલેથી સમાધાન માનવું પડશે. (અનુસંધાન પૃ. ૧૫૬મે)



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૩]

સળગતા તારાના રૂપમાંથી ઠરીને પૃથ્વીનું બંધારણ ઘટ્ટ થયા બાદ, આજથી ત્રણ કરોડ વર્ષ ઉપર તેના પર પહેલવહેલી જીવસૃષ્ટિ પ્રકટી. ત્યારથી માંડીને તેનો વિકાસ ઉત્તરોત્તર જે રૂપમાં થતો આવ્યો છે તેના ક્રમવાર જુદા જુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડ્યા છે. ગયા હપતામાં આપણે તેના 'કાર્બોનિફેરસ' યુગ સુધી આવી પહોંચ્યા, જે આજથી એક કરોડ ને ત્રીસ લાખ વરસ પર થઈ ગયો. તે પછી પચાસ લાખ વરસનો ગાળો વીત્યા બાદ, એટલેકે આજથી એંશી લાખ વર્ષ પર, પૃથ્વી પરના જીવો વિકાસ પામતાં પામતાં જે કક્ષાએ પહોંચ્યા હતા તેનો પરિચય આ પડખેનું ચિત્ર આપે છે. વૈજ્ઞાનિકોએ એને 'પર્મિયન યુગ' કહ્યો છે. આ યુગમાં ત્રણ રસમય હકીકતો બની. એક તો એ કે સમસ્ત પૃથ્વી પર પહેલવહેલી નક્કર જમીનનો ઉદય થયો. પૃથ્વીનો એ વિભાગ તે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના પ્રદેશો. એ મહાન ખંડો તે ઉદીયમાન ધરિત્રીના પ્રથમ પુત્રો. આ યુગનો બીજો રસમય બનાવ તે એ કે આજ સુધીના જીવો જે જમીન અને પાણી બનેમાં વસી શકે તેવા હતા તે હવે ધીમેધીમે 'રેપ્ટાઈલ'–જમીન ઉપર પેટે ચાલનારાં પ્રાણીઓ–નું રૂપ લેતા ગયા. પર્મિયન યુગના આ રેપ્ટાઇલ, હતા તો માત્ર થોડાક જ ફુટના કદના, પણ તે જમીન પરની જીવસૃષ્ટિના આદિ વડવા હતા એ હકીકત નોંધપાત્ર છે. કેટલાક તો ગરોળી જેવા જ હતા, પણ કેટલાકની પીઠ પર કરવતના જેવા દાંતાવાળી કલગી આખી કરોડ ઉપર હતી. માછલાં જે આજ સુધીના યુગોમાં વધુમાં વધુ જીવતાં પ્રાણી ગણાતાં, તેનો નંબર હવે ઊતરવા લાગ્યો. જોકે તેમના રૂપબંધારણમાં ફેર થયો, અને પર્મિયન યુગની માછલી પહેલવહેલી આજના જેવી સરખા ઘાટની પૂછડી ધરાવતી થઈ. (જુઓ, પડખેનું ચિત્ર.) આ યુગનો ત્રીજો અગત્યનો બનાવ તે ફળવાળાં ઝાડનું પ્રાકટ્ય. ફર્ન–હંસરાજ–ના છોડ તો એ વેળા રાક્ષસી કદનાં વૃક્ષો જેવડાં પૂરબહારમાં ફાલતાં જ હતાં; પણ હવે એક એવાં ઝાડની નવી ઉત્પત્તિ થઈ કે જેના પર શંકુ આકારનાં ફળ બેસવા લાગ્યાં. આમ, પર્મિયન યુગમાં પૃથ્વીના ઇતિહાસનું પ્રાથમિક પ્રકરણ પૂરું થયું અને તેના જીવનનો નવો સફો શરૂ થયો. એનો પરિચય આવતા અંકથી. (COURTESY: WORLD OF WONDER)

પાપ અને પુણ્ય

બાની ધર્માસ્થામાં મને અત્યંત શ્રદ્ધા હતી. મને લાગતું કે બાના લોહીમાં જ એ વણેલી છે. પણ મોટાભાઇને એ ધર્માસ્થા પ્રત્યે એક પ્રકારનો અણગમો હતો. કદિક હું મોટાભાઇને તેમની એ સૂગ દૂર કરવા આગ્રહ પણ કરતો કે 'બાની આ ધર્માસ્થામાં અનાસ્થાનાં આંધણ મૂકવાં એ જ મહાપાપ છે.' મોટાભાઈ પછી કશું બોલતા નહિ. એથી મને મારા વાક્યનો વિજય જણાતો.

એક દિવસ અમે બન્ને ભાઈઓ જમવા બેઠા. બા રોટલીનો થોકડો થાળીમાં મૂકીને અમને પીરસવા રસોડામાંથી બહાર આવ્યાં. પણ ત્યાં તો 'રામરોટી . . .' કહેતો રામરોટીવાળો ચાલીમાં આવીને ઊભો. રોટલીની થાળીને જમીન પર એકદમ મૂકતાં બા દોડયાં પાછાં રસોડામાં, અને ત્યાંથી બાજરાનો એક રોટલો લઇ બહાર નીકળ્યાં. રામરોટીવાળાને તે આપ્યા પછી જ અમને બેભાઇઓને તેમણે પીરસ્યું.

'આને તું ધર્માસ્થા કહે છે ને? પેટજણ્યાને પીરસ્યા સિવાય દોટ દીધા રામરોટીવાળા ભણી. પીરસીને ગયાં હોત તો શું બગડી જવાનું હતું?' મોટાભાઇને મેં કશો જવાબ આપ્યો નહિ. કૂતરાં માટે રોટલા ઉઘરાવવા આવતો છોકરો 'રામરોટી . . .' એમ ટેલ નાખતો. અમે બધા એને રામરોટીવાળો કહેતા.

મોટાભાઈની ગેરહાજરીમાં એક દિવસ મેં બા ન દેખે એમ બહાર ચાલીમાં ઊભા રહેલા રામરોટીવાળાને ચાલી જવા હાથના ઈશારાથી ફરમાન કર્યું. પણ બાની નજર બહાર તે રહ્યું નહિ. બાએ એ ચાલ્યા જતા રામરોટીવાળાને પાછો બોલાવ્યો; અને 'લે, ભા, ધરમનું કામ છે; એમાં તે શરમાવાનું હોય? કંઇ કામમાં હોઇએ તો તારે અમને બોલાવીને પણ રોટલો માગી લેવો. કૂતરાંના મોઢે રોટલો જાય છે ને! ક્યાં કોઈ બીજાને આપી દેવો છે!' કહી તેની ટોપલીમાં રોટલો નાખ્યો.

'બા, મને પીરસીને ગઈ હોત તો શું બગડી જવાનું હતું?' મારા પ્રશ્નના જવાબમાં પ્રથમ તો બા હસ્યાં. થોડીવાર પછી વળી તે ગંભીર બની ગયા ને મારી પાસે બેઠાં. એક નાના બાળકની જેમ હું તેમની ધર્મભાવનાને સમજવા પ્રયત્ન કરવા લાગ્યો. બાએ ધીમે સાદે કહ્યું: ગાંડા, પહેલાં ધર્મનું કામ, પછી બીજું બધું. મનખાદેહ ફરીફરીને નથી મળવાનો. એટલે જેટલું કર્યું તેટલું સાથે! પાપનો પોટલો તો રોજ બાંધતા જ છે ને! પુણ્યનો અવસર તો ક્યારેક જ આવે છે.

અને અમારા માળામાં બા કંઈ એકલાં જ આવાં નહોતાં. પુણ્યનાં ભાથાં બાંધવાનો કંઈ બાનો જ ઈજારો નહોતો. અમારા ઘરની બાજુમાં રહેતાં સાઠ વર્ષનાં જીવી ડોશી યે લાકડીના ટેકે ધ્રૂજતા શરીરને ટકવીને, આંખ પર હાથની છાજલી કરી. 'લે, ભા, બટકુંક રોટલો પડયો છે તે લેતો જા; કાંઈ સૂકો, ટાઢો, કાચોકોરો કે બળેલો રોટલો રામરોટીવાળાને આપતાં, અને 'મનખાદેહ ક્યાં ફરી-ફરીને મળવાનો છે તે આવા ધરમના કામમાં ઢીલ કરીએ?' એમ ગણગણતાં ગણગણતાં, જગતની મોહમાયાભરી જાળમાંથી મુક્તિ અપાવતી અને ભવગંગાને પાર કરવામાં હોડીરૂપ બનતી આવી સુભગ તકનો પોતે પૂરેપૂરો લાભ લીધો છે એવા ભાનસહિત એક લાંબો શ્વાસ લેતાં. એ જીવી ડોશીનાં જેવાં જ રંભા ડોશી પણ ધર્મ-શ્રધાળુ અને મોક્ષને ઈચ્છનારાં હતાં. જીવી ડોશીને મળેલા પુણ્ય અવસરથી પોતે વંચિત નથી રહી ગયાં એનું ભાન તે એક સપાટામાં કરાવી દેતાં. એ જ જીવીડોશીને ઉદ્દેશીને, ઊંચે સાદે—ઠેઠ અમારા ઘેર એમનાં પુણ્ય કર્યાની જાહેરાત સંભળાય એટલા સાદે—તે બોલતાં: 'જીવી, તેં તો રાંડ સૂકો રોટલો આપ્યો! આપણને બા એવું ના આવડે; આપણે તો બા આપણા ભાણામાંથી જ ફડશ એક રોટલો રામરોટીવાળાને આપ્યો. ધરમનું કામ છે ને, બા.'

પણ આ બધા ધર્મશ્રદ્ધાળુઓના મુકુટરૂપ તો રેવાશંકર મહા-રાજને જ ગણી શકાય. ધરભંગ માણસની આધિઉપાધિઓનો કંઈ પાર હોતો નથી. અને એના પ્રકારો પણ અનેકાનેક હોય છે. રેવા-શંકર ધરભંગ હતા. એમનાં વચનો જ એમની મુશ્કેલીઓનો ચિતાર રજૂ કરતા. બાજરાનો રોટલો બાને તે આપતા, અને અત્યંત ગળગળા સાદે એ આર્તનાદને વહેતો મૂકતા: 'બોન, ઇ હતી ત્યારે તો એના હાથથી જ એ રામરોટીવાળાને રોટલો આપતી. હવે તો જાણો છો ને! આપણે રહ્યા નોકરિયાત માણસ! સૂર્ય ઊગે જઇએ અને રાત પડયે આવીએ! એમાં ક્યાં રામરોટીવાળાનો ભેટો થાય. અને આ ગામડું એવું છે કે કૂતરાને બોલાવીએ એટલે કૂતરૂં આવીને હાજર થાય? તમે આ રોટલો આપી દેજો. આ પાપી આતમાના ભાગ્યમાં ધર્મ આચરવાનો નહિ લખ્યો હોય; નહિ તો સગા હાથે રોટલો નાખ-વાનું ન બને એવું હોય?' તેમની આંખમાં આંસું આવી જતાં, સાદ ગળગળો થઈ જતો અને પોતાને પાપી આત્મા કહેવા છતાં, અમારા બધાંથી પોતે પુણ્યવાન આત્મા છે એવો ખુમારીભર્યો ભાવતરવરાટ તેમના મુખની વધતી જતી પ્રસન્નતામાં તે છુપાવી શકતા નહોતા.

અને એ નિયમિતપણે અમારે ઘેર બાજરાનો રોટલો આપી જતા. મને એ લોકો ઉછૃંખલ માનતા, પણ મારી ઉછૃંખલતાએ કદાપિ તેમને તેમના ધર્મ પ્રત્યે અનાદર સેવતો કરી મૂક્યો નહોતો એની રેવાશંકરને ખબર હતી, અને એથી જ એ, 'ભાઇને વીહ નોરી વળગવા તો દો; પછી ખબર પડશે કે પાપ અને પુણ્ય શું? અત્યારે તો ફક્કડની જેમ ફરે છે; પણ પરણ્યા પછી ખબર પડશે કે ધરમના પરતાપ વિના કેમ જીવાય છે!' એવાં વચનો ઉચ્ચારી, ભવિષ્યમાં હું પણ તેમના જેવો ધર્મિષ્ઠ થવાનો છું એવી આગાહી આપતા. મને પણ તેમના કથનમાં સત્ય છુપાએલું લાગતું. કારણ કે મોટાભાઈની જેમ તેમના ધર્માચરણ પ્રત્યે હું ટીકા કરતો નહિ—ટીકા કરવાનું કશુ કારણ જડતું નહિ.

પણ એક દિવસ મને લાગ્યું કે એ મારી ભ્રમણા હતી. હું જિંદ-ગીમાં ધર્મિષ્ઠ થવાનો જ નથી. નહિ તો તો એ પ્રસંગ બન્યો જ ન હોત.

વાત એમ હતી કે સાંજના હું ઑફિસેથી જરા વહેલો છૂટી ગયો. એવામાં રસ્તામાં મારાથી થોડે દૂર ચાલ્યા જતા રામરોટીવાળા પર મારી નજર પડી. મને થયું કે હમણાં તે મારી સામે જોશે અને મને 'બાબુ સા'બ' કહી તે સલામ ભરશે. પણ એમાંનું કશું જ બન્યું નહિ. ન તો તેણે મારી સામે જોયું, ન તો તેણે સલામ ભરી. મને જોવા છતાં ન જોયાનો ડોળ કરતો તે નીચું માથું રાખી ચાલવા માંડયો. મને થયું કે તેની કંઈ ધૂનમાં તે એમ કરતો હશે. પણ ત્યાં તો મારી દૃષ્ટિ તેની રોટલાની ટોપલી પર પડી: ટોપલી ખાલી હતી.

'બધા ધર્માત્માઓ શું સાથે જ મૃત્યુ પામી ગયા!' મને પ્રશ્ન થયો. રોજ રોટલાથી ભરચક બનતી રામરોટીવાળાની ટોપલી આજે ખાલી કાં?

હું આવીને જ્યાં ઘરમાં પગ મૂકું છું ત્યાં તો લાકડીના હા-થાને વારંવાર હાથ વડે ઊંચોનીચો કરી જમીન સાથે અફાળતાં જીવી ડોશી, છીંકણીના તડાકા સાથે વાતના રસની તીવ્ર સુગંધ લેતાં રંભાડોશી, ચશ્માને વારેથડીએ વાક્યના આરોહઅવરોહ સાથે

ઊંચાંનીચાં કરીને આંખો તથા મુખ પર ગુસ્સો, તિરસ્કાર, ઘૃણા, ક્રોધ, નફરત એમ સર્વ પ્રકારના ઉગ્ર ભાવોની નોંધને પ્રકટ કરતા રેવાશંકર મહારાજ, અને કંઈક ખોટું કાર્ય કરાઈ ગયું છે, એનું પ્રાયશ્ચિત્ત કર્યા સિવાય છૂટકો નથી, એવા ભાવની જાહેરાત કરતી લજ્જાભરી મુખાકૃતિને જમીન સાથે જડી રાખતાં બા,–સર્વને મેં એક મહાન ભયંકરતાના ભાર તળે ચગદાતાં જોયાં.

બધાંએ મારી સામે જોયું. મેં તેમની સામે જોયું. ઘડીભર શાંતિ! ઘડીભર ગંભીર ભાવોની ભયંકરતા! ઘડીભર વળી આંખોની અશ્રુસૂચક ઉઘાડવાસ! ઘડીભર નાકના ટેરવાનું ફુલાવું તો ઘડીભર હોઠનું ક્રોધમાં ફફડવું. આ બધું શું હતું, કોના પર હતું, મને કાંઇ સમજાયું નહિ.

પણ વિજયનો હર્ષ કોને નથી હોતો? વિજયની વાત કરવી કોને નથી ગમતી?

'મને તો પહેલેથી જ વહેમ આવેલો કે દાળમાં કંઈક કાળું છે!' રેવાશંકરે ચૂપકીદી તોડીને બોલવાનું શરૂ કર્યું.

'ઈ એ છાનું રે બાપલા?' જીવીડોશીનો એ સૂર હતો.

'ગીંઢા તો ન હોય ઈ કરે!' રંભાડોશીએ ડોકિયાંનો તડાકો લીધો.

'પણ આપણે કશી તપાસ કર્યા સિવાય જ એને રોજ રોટલા આપતાં ગયાં.' એ બાનું વાક્ય હતું.

'મને તો કાલે ખબર પડી. રેવાશંકરે આગળ ચલાવ્યું. 'ઓલ્યા નરોત્તમે મને કહ્યું કે કાકા, મારી સગી આંખે મેં જોયું. મારી જીભ ઈ બાળી નાખું જો હું ખોટું બોલતો હોઉં તો. ત્યારે મને એની વાત પર વિશ્વાસ બેઠો. બાકી નરોત્તમ પર મને આમ વિશ્વાસ ન આવે!'

'બાકી મને ય, રેવાશંકરભાઇ, સાચું પૂછો તો, પહેલેથી ઠગ તો લાગતું'તું કે જીવ, માન ના માન, પણ આ રામરોટીવાળાની શિકલમાં જ કંઈક ભરી દાનતની છાપ છે. પણ આ તો આપણે ધરમી જીવ, એટલે કોઈ જીવને વિના તપાસે દુઃખી કરવો સારું નહિ એમ માનીને બોલ્યાં નહિ.' જીવીડોશીએ સામા માણસના મુખભાવ કળી જવાની પોતાની અનોખી રીતની સર્વને પિછાન કરાવી.

પણ પછી વાત સંકેલાઈ ગઈ. સૌ પોતપોતાને ઘેર ગયાં.

જમતાં જમતાં મેં બાને પૂછ્યું, બા, શું હતું? શાની વાત હતી?

'રામરોટીવાળાની!'

'એનું શું છે?'

'જનમનો જૂઠો! ચોર નહિ તો! આજ રેવાશંકરે બરાબર ઝઘડો લીધો! પાપ કરે અને અમને ય પાપના ખાડામાં નાખે!' બાનો પુણ્યપ્રકોપ સળગી ઊઠ્યો.

'શું કોઇના ઘરમાંથી કંઇ ચોરી કરી કે?'

'ચોરી કરે તો તો સારું જ ને? મનને ય મનાવવા થાય કે ઘરમાં એ ચીજ લાવ્યા જ નહોતા! લાવ્યા તે ખોવાઈ ગઇ!'

'ત્યારે તેણે કર્યું શું?'

'શું કર્યું? પાપનાં પોટલાં એણે બાંધ્યાં; ભેગાં અમને ય બંધાવ્યાં!' પાપના પોટલાના ભાર તળે બાનો આત્મા તો કોણ જાણે- પણ તેમનો સાદ તો દબાઈ ગયો હતો એમાં મને શંકા રહી નહિ.

કૂતરાં માટે રોટલા ભેગા કરે છે; દયા પ્રચારક મંડળ તરફથી એના બદલામાં તે મહિને દહાડે ત્રણ રૂપિયા પગાર લે છે; છતાં જાત ચોરની, તે લખ્ખણ જાય? ઇ તો ચોરી પકડાઈ ગઇ ત્યારે ખબર પડી કે રામરોટીવાળો ય મૂઓ અધર્મી હોય છે.'

મને હજી એ મહાન ચોરનો મહા અધર્મ સમજાયો નહોતો.

'નરોત્તમે રેવાશંકરને વાત કરી: કાકા, હું હાલ્યો આવતો'તો ઑફિસમાંથી. રસ્તામાં મનને થયું કે લાવ જરા બગીચામાં લટાર મારી આવું. જ્યાં બાંકડા પર બેસવા જાઉં છું ત્યાં તો પાસેના ઝાડ નીચે રામરોટીવાળો બેઠેલો. મને જરા થયું કે જોવા તો દે શું કરે છે, બેટમજી અહીં બગીચામાં. હું બાંકડા પર લપાઇને જોવા મંડ્યો. ટોપલીમાંથી કુણા માખણ જેવા રોટલા વીણીવીણીને તેણે પોતાના ખોળામાં લીધા. મને થયું કે રોટલા ટોપલીમાં આડાઅવળા છે તે ઠીક કરતો હશે; ત્યાં તો એણે માંડ્યા બટકાવવા! હું તો જોઇ જ રહ્યો! કાકા, કૂતરાંના રોટલા એ ખાઇ રહ્યો'તો! મને મનમાં ખાઈ ગઇ. થયું કે સાલાને અહીં જ ખોખરો કરી દઉં!' બાની વાત હજી પૂરી નહોતી થઇ; પણ વચ્ચે રંભાડોશી કેમ આવ્યાં તે જોવા એ ઊભાં થયાં.

'આપણે તો કૂતરાંને રોટલા પહોંચે છે જ એમ જાણીએ,' બાની જ કથનશૈલીમાં રંભા ડોશીએ વાર્તાપ્રવાહને ચાલુ કર્યો: 'પણ વચમાં જ એ ખાઇ લે! આપણે બટકું રોટલાનું આપીને આપણે કંઇક પુણ્ય પામીએ ત્યાં તો રામરોટીવાળો જ રોયો ખાઈ જાય અને આપણને પુણ્યને બદલે પાપના ખાડામાં નાખે.'

'પણ રેવાશંકરે શું કીધું, મૂઇ, ખબર છે?' કહેતાં જીવી ડોશી આવ્યાં. 'ઇ કે રોટલો ચૂલામાં બાળી નાખવો બહેતર, પણ એને આપવો હરામ!'

'તે મેં ય ક્યાં આજે આપ્યો છે?' રંભાડોશી બોલ્યાં.

'મેં ય નથી આપ્યો!' બાનો અવાજ હતો.

'તો જ એ અધર્મમાંથી બચશો.' એ રેવાશંકરનો અવાજ હતો.

અને પછી તો વાણીપ્રવાહ અસ્ખલિત વહેવા લાગ્યો. પણ હું ઊભો થઇ ગયો. મારા ચિત્તની સ્વસ્થતા અસ્વસ્થતામાં ફેરવાઇ ગઇ હતી. એના કારણરૂપ હતો પેલો રામરોટીવાળો—જે એક ભયંકર ચોર તરીકે સાબિત થઈ ચૂક્યો હતો, જેણે પોતાની ભૂખ સંતોષવા માટે કૂતરાના રોટલામાંથી રોટલા ખાઇને એક મહાન પાતક વહોરી લીધું હતું, જેણે આ પુણ્યવાન આત્માઓના પુણ્યવાન કાર્યને પાતકના મહાન ગર્તમાં ગબડાવી દીધું હતું!

અને એ અનાથ હતો, ગરીબ હતો; બગીચાના બાંકડા રાત્રે એના છત્રપલંગ બનતા, બગીચાનાં વૃક્ષો વીજળીપંખા રૂપ હતાં; એ વાતની મને અને આ શ્રદ્ધાળુ આત્માઓને ખબર હોવા છતાં એ ચોર હતો, અપરાધી હતો, પાપી હતો. રોટલા કૂતરાંને ખાવાના હતા, માણસને નહિ, એનું એને જ્ઞાન નહોતું એથી એ અજ્ઞાન પણ લેખાઇ ગયો.

પણ હવે એના પાપી પડછાયાથી અમારો માળો અભડાતો નહોતો—તેની મગદૂર નહોતી કે અમારા માળામાં તે પગ દઇ શકે.

'સત્યમ્'

કચ્છનાં કીર્તિમંદિરો

આપણા પ્રાંતના એ ઓછા ઓળખાએલા અંગની સાંસ્કૃતિક સમૃદ્ધિનો પરિચય આપતી લેખમાળાનો આગળ હપતો

[૩] કંથકોટ


લેખક
રામસિંહજી કા. રાઠોડ
ડી. ડી. આર.


પોષની સુદ સાતમનો દિવસ હતો. અમે ભચાઉથી સવારે નીકળ્યા ત્યારે ઠંડી ન હતી. પણ મેદાનનો ભાગ મૂકી વાગડા પહોંચ્યા ત્યાં તો આંધીનું તોફાન ચડી આવ્યું અને થોડાં ફોરાં પણ પડી ગયાં. અને પછી તો ટાઢે પોતાનું કામ શરૂ કર્યું. અમારી સાથેના એક બુઢ્ઢાને તો ગોદડાં લપેટી ઊંટ ઉપર બેસવું પડ્યું. વાગડાથી કંથકોટ બહુ આઘું તો નથી, પણ રસ્તો ડુંગરાળ અને વિકટ હોઇ અમારી ખરી કંટાળાભરી મુસાફરી અહીંથી શરૂ થઈ. અને કંથકોટથી થોડે દૂર રહ્યા ત્યારે તો થાકીને લોથ થએલા, અને બપોર પણ થવા આવ્યા હોઈ ભૂખ પણ કકડીને લાગેલી. હવે આકાશ સ્વચ્છ થઇ એમાં માત્ર વાદળાંની આછી શ્વેત લહરીઓ રહી હતી. એ છાશિયું આસમાન કલ્પનામાં અનન્ત ઊંડો એવો છાશનો કટોરો જણાયો; અને ખજૂરીના એક જ લાંબા વૃક્ષની પીઠે પૂર્વાકાશમાં ઊંચે ઝાંખો દેખાતો અર્ધ ચંદ્ર મારા સાથીઓને બાજરાના ટાઢા રોટલાના અડધા કટકા કે ડુંગળીની પાળ જેવાં દેખાયાં! પણ કલ્પના કાંઇ થોડું જ કલ્પદ્રુમ બની પેટની ભૂખ મટાડે છે? આમ, કલ્પનાસૃષ્ટિમાં વિહરતા છેવટે અમે ખાખરાથી ભર્યાભર્યા હરિત અને મનોહર દેખાતા છેતરવાવ વાળા વોંકળામાં પ્રવેશ્યા. થાક અને ભૂખથી વિહ્વળ થઇ ગએલું મન અહીંના સૃષ્ટિસૌંદર્યમાં પ્રવૃત્ત થયું અને ખાખરાની છાયા તળે અમે પલાશપત્રના પ્યાલામાં વોંકળાની વાવ માંહેના કન્યાળાનું શીતળ જળ પી વિશિષ્ટ પ્રકારની શાતા અનુભવી. પછી તો તરત ગિરિદુર્ગ કંથકોટની તળેટીએ છપરીમાં આવી લાગ્યા. કંથાદુર્ગ પર પહોંચવાની ઉત્સુકતાએ અમે અલ્પાહાર ઝટપટ પતાવી ઉપર જવા તલપાપડ થઇ રહ્યા.


છપરીમાં મુખ્ય વસતિ ખેડૂતો અને ધણારોની છે, થોડાં ઘર સંઘાર અને માણુકાનાં છે, અને એક ઘર કાઠીનું છે જે તેમના જૂથથી વિખૂટું પડતાં અહીં સંબંધે ઇસ્લામી બની હજુયે કાઠીના સ્વસંસ્કાર જાળવી રહ્યું છે. અમારાં ઊંટ–ઘોડાંને નીચે છપરીમાં મૂકી ત્યાંથી સામેની કેડી પર થઈ ટૂંકા માર્ગે સીધા કંથકોટ પર પગે પહોંચવાનું એ વખતે યોગ્ય લાગ્યું. એ સાંકડી, અતિ સીધા ચડાણવાળી કેડીમાં થઇને, તેમાં પગથિયાં જેવા થઇ રહેલા તેના ઘસ પર, એક પછી એક એમ અકેક પગ મૂકતાં વારાફરતી અકેક જણ જ જઈ શકે છે. કંથકોટના ડુંગરનો એ ૪૬૨ ફૂટનો ચડાવ ચડીને ઉપર પહોંચતાં ત્યાંથી જે વિહંગદૃશ્ય જોવા મળ્યું તેથી લાગેલા થાકની અસરનું ભાન ન રહ્યું. અમારી સાથે ભોમિયા તરીકે આવેલા ભીલને તો સીધા સપાટ મેદાનમાં ચાલતાં સામાન્ય માણસને લાગે તેટલી અસર પણ અહીં દોડીને પહોંચી આવતાં નહોતી લાગી.

અહીં ઊભે કિલ્લાની ભવ્યતા અનુભવતાં અમને એની સ્થળપસંદગીની મહત્તા સમજાઇ. નીચલી શ્રેણિના મધ્યયુગી પડો, (Lower jurrasic) નો બનેલો, સમથલ ટોચવાળો કંથકોટનો ડુંગર તેમજ તૃણ જાળાં અને ટાંઠારાથી છવાએલા આજુબાજુના ઊંચાનીચા ડુંગરો અને તે વચ્ચેની ફળદ્રુપ તથા હરિયાળી ખીણો જોતાં, સર્વ દુર્ગોમાં શ્રેષ્ઠ એવા કંથકોટની

કંથકોટ તથા તેની આજુબાજુના પ્રદેશનો લેખકે દોરેલો નકશો







ડાબી બાજુ: કંથકોટના પ્રાચીન જૈન મંદિરના ખંડિયેરનો પથારી-નકશો (ગ્રાઉન્ડ પ્લૅન); ઉપર: એ મંદિરમાંના શિલાલેખની નકલ

કિલ્લા તરીકેની વિશિષ્ટતાનું ઋચાપન વાસ્તવિક લાગે છે.[1] ડુંગરોની વચ્ચે થઈ ડુંગરાળ માર્ગે કંથકોટ સુધી પહોંચવું જેમ વિકટ છે, તેમ કંથકોટના સીધા સટ દીવાલ જેવા બની રહેતા ચડાવો અતિ દુર્ગમ છે. એવા સીધા ચડાવ પર આવી રહેલી, કંથકોટના ડુંગરની ટોચની ત્રણેક માઇલના ઘેરાવાની સમતલ સપાટી ઉપર, કાળા મોટા પત્થરોથી કિલ્લાની દીવાલ ચણેલી છે. પણ હવે તો એ જર્જરિત થઈ ઘણે સ્થળે ઘસાઈ ગઇ છે. જોકે કયાંકકયાંક નાના ઢુળીઆઓથી જીર્ણોદ્ધાર થએલા ભાગો પણ છે. એ કિલ્લાની રાંગે રાંગે ફરીને નીચેનું આકર્ષક લાગતું દૃશ્ય નિહાળતા અમે કિલ્લાના સિંહદ્વાર તરફ ચાલ્યા.

આ સિંહદ્વાર પાસે કંથકોટના કિલ્લાનો સાચો ખ્યાલ આવે છે. ભાગળ પરનો માળ સાબૂત નથી, પણ દોઢીના ઝરૂખા અને દેવળીના ભાગો જે કાંઈક સાજા છે તે જોતાં ત્યાંની આબાદીનો આછો ચિતાર નજર સમક્ષ તરી રહે છે. ડુંગરના ઢોળાવનાં સીધાં ચડાણો અને કિલ્લાની દીવાલને એવીરીતે યોજવામાં આવ્યાં છે કે દરવાજાને ઉત્તમ રક્ષણ મળે છે. કિલ્લામાં દાખલ થવાનો આ એક જ મુખ્ય પ્રવેશમાર્ગ છે. એ માર્ગ ડુંગરોમાં અટવાતો અને ઊંચોનીચો ચડતોઊતરતો એવી રીતે સર્પાકારે આવે છે કે અજાણ્યો તો ત્યાં આડે માર્ગે જ ચડી જાય. અને આ પ્રવેશદ્વાર પણ એવી રીતે ગોઠવાઇ રહેલું છે કે દૂરથી તો બધે સરખી દીવાલ જ દેખાય. દરવાજા પાસે પ્રવેશ માટે ડુંગરનો એવો વળાંકો અને ચડાવ યોજાએલો છે કે દુશ્મનના લશ્કરનો એકીસામટો ધસારો ન આવી શકે. કિલ્લાને વધુ રક્ષણ આપવા તેની ચોતરફ જ્યાં જરૂરી લાગી ત્યાં પરિખા પણ બનાવેલી દેખાય છે, જે અત્યારે તો પુરાઇ ગએલી હાલતમાં જોવામાં આવે છે. દરવાજાની બાજુના બુરજોની દીવાલમાંના કાળા પત્થરોની શિલાઓ પર **माढा सीला-पसला—दे. प.—स. भ.—वघट—दादा** વગેરે અક્ષરો કોરાએલા જોવામાં આવે છે. એ કાં તો ત્યાંના કારીગરોના ટૂંકા નામાક્ષરો હોય અથવા હનુમાને સેતુબંધ બાંધતાં જેમ દરેક પત્થર પર **राम** લખેલું એવી કોઈ ભાવનાથી કંથડનાથને દાદા કહેતા તેથી તેમ કોરેલું હોય.

૧ રાજવલ્લભ: અધ્યાય ૪થો


भूदुर्ग जलदुर्गमद्रिविषये दुर्गं भवेद्गह्वरे
तेषामुत्तममद्रिमुर्ध्नि रचितं तद्भूरिणांदुर्गमं ॥

ભૂમિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને ગહ્વરદુર્ગ એ ચાર પ્રકારના કિલ્લાઓમાં ત્રીજો જે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે.

અંદર સીસું ઉતારીને આ પથ્થરોના સાંધા કયાં કયાં બેસાડેલા છે તે, તથા અહીં દ્વાર પર અને બીજે નગારખાનું, દોઢી, મેડી, ઝરૂખા, ચોકી અને દ્વારપાળની બેઠક વગેરે આવેલાં છે તેનાં ખંડિયેરો અહીંના પહેલાંના વૈભવ, કારીગરી અને લશ્કરી હીલચાલોના ગવાહ બની રહે છે.

દરવાજામાંથી પ્રવેશીને અંદરના ઊંડાણમાર્ગે થઈ થોડે દૂર જતાં ઉપરની સપાટીએ પહોંચાય છે. આ માર્ગની પશ્ચિમે ૧૭૦૦-૧૭૨૧ વગેરે સાલોના કેટલાક વિવિધ પ્રકારના પાળિયા છે. તેમાં ઊંટડિયા પાળિયાના નામથી જાણીતો ઊંટનો એક પાળિયો છે, જે અહીં કોઈ યુદ્ધમાં કામ આવેલ ઊંટનો હોવાનું જણાય છે. આ પાળિયાઓની સામે ઊંચા મોટા ટેકરા જેવા થઇ ગએલા દેખાતા પડથાર પર આવેલું જિન મંદિર આપણું લક્ષ સૌ પહેલું ખેંચે છે. બેવડા મંડપના આ ગંદિરનો ગભારો તો અર્ધ પડેલી સ્થિતિમાં છે, અને મંડપની છતના ઘણાખરા ઘુમ્મટો અને કેટલાક સ્થંભો પણ પડી ગએલા છે કે જર્જરિત હાલતમાં છે. આ મંદિરની ઘસાઈ ગએલી અને અસ્પષ્ટ શિલ્પસમૃદ્ધિમાં પણ આપણને ઉચ્ચ કૃતિની કારીગરી, આવેગભર્યા ભાવોની જમાવટ અને કઠણ પથ્થરોમાં પણ જે કોમળતા ને લાવણ્ય એ વખતના કારીગરો ઉતારી શકતા તે દેખાય છે. મંદિરના ગભારામાં, તેના ભંગારના ખડકલામાં અને અન્ય શિલાઓ ઉપર તથા ઘુમ્મટોની છતમાં શિલ્પના ખવાઇ ગએલા પણ અચ્છા નમૂના મળી આવે છે. આ દેરાસરમાં તદ્દન અસ્ફુટ એવા પાંચેક શિલાલેખોના લગભગ ઘસાઇ ગએલા જેવા અને બિલ્કુલ અસ્પષ્ટ અવશેષો જોવા મળે છે. તેમાંથી મંડપના એક સ્તંભ પર સં. ૧૩૩૦નો લેખ છે અને તેમાં આમ્રદેવનાથ સુત લાખુ તથા પાસીલે તે બંધાવ્યું એમ લખે છે. બીજા એક સ્થંભ પર સં. ૧૩૨૪ના શ્રાવણ સુદિ ૫ સોમવાર જ્ઞાતિ શ્રીમાળી' એટલું ઉકલે છે. એ પરથી સિદ્ધ થાય છે કે ભદ્રેશ્વરમાં થઇ ગએલા જગડુ અને કંથકોટમાં આ મહાવીર મંદિર બંધાવનાર જૈનો એક જ શ્રીમાળ વંશના હતા. કંથકોટના આ મંદિરનો જગડુચરિતમાં ઉલ્લેખ નથી, એટલે એ ગ્રંથ તૈયાર થયા બાદ અને પનરોતેરા દુકાળ પછી સં. ૧૬૪૦ લગભગ એ બંધાયાનું ઠરે છે.

આ જિનમંદિરના પડથાર પર ઊભેઊભે, અંધકારનો નાશ કરી જગતનું રક્ષણ કરતા અને પરમ સુખોની વૃદ્ધિ પમાડતા મહાતેજસ્વી પ્રતાપવાન ભગવાન સૂર્યનારાયણના મંદિર તરફ આપણું ધ્યાન દોરાય છે. એ સૂર્યમંદિરનું સ્થાપત્ય સાદું છતાં આકર્ષક દેખાય




છે. સૌરાષ્ટ્રમાં પ્રાચી કુંડ પાસે ભીમનાથનું સૂર્યમંદિરનું જ ખંડેર છે તેની રચનાને લગતી આ મંદિરની રચના છે. મંદિરની ડેલીમાં પ્રવેશતાં ત્યાં કેટલાક જૂના પાળિયા જોવા મળે છે. આ ડેલીમાં કંથડના પૂજારી કનફટા ગુરુ, જે દાદા કહેવાય છે, તેમનું રહેવાનું મકાન છે. ત્યાંથી આંગણું પસાર કરી આગળ વધતાં પૂર્વાભિમુખ આવેલા સૂર્યમંદિરમાં પ્રવેશાય છે. આ મંદિર આછી લાલ મોટી છાટોનું બાંધેલું છે, અને બાંધણીમાં શિલ્પકામ બહુ ઓછું છે. માત્ર શિખર પર અને ગર્ભમંદિરના દ્વાર પર સાખમાં થોડું શિલ્પ છે. સ્તંભોના સરામાં કીચકો મૂકેલા છે અને સ્તંભો ભદ્ર સહિત અથવા સાદા છે. મંદિર બધી બાજુથી બંધ હોવાથી અંધારિયું લાગે છે, અને તેમાં યે હમણાં પાછળથી, અગ્રભાગના મંડપના સ્તંભોની વચ્ચે પણ પ્રવેશદ્વાર મૂકી બાકીનો ભાગ ચણતર કરી લઇ લીંપી મૂકેલ છે એટલે એ વધુ અંધારિયું લાગે છે. એટલે જ ચામાચીડિયાંનું કાયમનું નિવાસસ્થાન એ બન્યું છે, અને ત્યાંથી સતત એક પ્રકારની દુર્ગંધ નીકળ્યા જ કરે છે. એ કારણે ગભારામાં તો જરા વાર ઊભવું પણ અસહ્ય બની જાય છે.

એ ગભારામાં ઓટલા જેવી પાલખ પર, પરિવેશ સહિતની ચાર ફૂટ નવ ઈંચ ઊંચી સૂર્યભગવાનની મૂર્તિ છે. સૂરજની આ પ્રતિમાની બીજે કશે નથી એવી ખાસ વિશિષ્ટતા એ છે કે તેના બન્ને હાથ નમસ્કાર કરતા જોડેલા છે. સૂર્ય ભગવાનના રથને સાત અશ્વો જોડેલા મનાય છે, તેને બદલે પાલખમાં નીચે સાત કિરણો કોરેલાં છે જે અત્યારે લીંપણમાં આવી ગએલાં છે. મંદિરના પ્રવેશદ્વાર પાસેના સ્તંભોમાંના ડાબી તરફના એકમાં એક શિલાલેખ છે, જેમાં ભગવાનના રુદ્રસ્વરૂપની પ્રાર્થના છે. એ લેખ વાંચી શકાય એટલું નાનું બાકોરૂં રહેવા દઈ બાકીના ભાગમાં સ્તંભોની વચ્ચે નવું ચણતર કરી દેવાયું છે. ગભારા પરનું મંદિરનું શિખર અર્ધું પડી ગએલું છે, અને તેવી જ સ્થિતિ સભામંડપ પરના શિખરની છે. એ શિખરમાં ઉપર ગાળ હોય અને હવા અજવાળું જાય તેવી રીતે બારી મૂકેલી છે. પ્રસંગે પ્રસંગે અહીં સૂરજ ભગવાનનું પૂજન થાય છે ખરું. મંદિરને પડખે નવલખા તરીકે જાણીતા મકાનમાં એક ટાંકું અને ખજાનો મૂકવાનું ભંડારિયું છે; અને હદ્દમાં બીજાં પુરાણાં મકાનોના ખંડિયેરો છે; પાછળ પાયગા છે. ચોતરફનાં ખંડિયેરોમાં નજરે પડતા કોરેલા ઉઠાવદાર પથ્થરો તથા પુરાણી ઈંટોના અને કપાલિકાના કટકા જોતાં ત્યાંની એક સમયની આબાદી અને જાહોજલાલીનો ચિતાર ખડો થાય છે.

સૂર્યનારાયણના મંદિર પાછળ એક નાનું પ્રાચીન શિવાલય છે, પણ તે ખાસ આકર્ષક નથી. ત્યાંથી થોડે દૂર ઊંચા પડથાર પર શ્વેત અને મનોહર લાગતું કંથડનાથનું દહેરૂં છે. આગળથી ભવ્ય લાગતા, ઊંચા પડથાર પરના એ મંદિરમાં જઈ તેની પરિક્રમા કરીને તેના પૃષ્ઠ ભાગે જતાં, તે કેટલી ભેંકાર ભેખડ પર આવેલું છે તેનો અને નીચેની કરાળ ઊંડી ખીણનો ખ્યાલ આવે છે. દાદા કંથડનાથનું મૂળ મંદિર, સાડે જ્યારે આ કિલ્લો ચણાવ્યો ત્યારે, જે ટેકરી પર કંથડનાથે તપ આદર્યું હતું ત્યાં, ગઢની દીવાલ સાથે જ એક બુરજાકારે ઊંચો પડથાર કરાવી લઈ તે પર કરાવેલું. પણ એ મંદિર ઈ. ૧૮૧૯ના





[ગથાળે : કંથકોટ પરના સૂર્યમંદિરમાંના શિલાલેખની નકલ; ડાબી બાજુ: સૂર્યમંદિરમાંની સૂર્યની મૂર્તિનો સ્કેચ; ઉપરઃ કંથકોટ ઉપરની કંથડનાથી બાવાઓની સમાધિઓના પ્રકાર]

ધરતીકંપમાં જમીનદોસ્ત થઈ જતાં ત્યાંના ગરાસીઆ દેદાઓએ સને ૧૮૨૦માં એ જ પડથાર પર હાલનું મંદિર ચણાવી જીર્ણોદ્ધાર કરેલો. ઘુમ્મટાકારનું એ મંદિરનું શિખર અને ચાર સ્તંભો પર ટેકવેલી તેની આગળની ઘુમ્મટવાળી પડાળી, તેની ઊંચાઇ તેમજ શુભ્રતાને લીધે કંથકોટ આવતાં ઘણે દૂરથી આપણું આકર્ષણ બને છે. મંદિરના ગભારામાં પાલખ પર કંથડનાથની શ્વેત સંગેમરમરની સુંદર નાની મૂર્તિ આગળ દાદા કંથડનાં આરસ પર કોરેલાં બે પગલાં છે. દાદાની મૂર્તિના કાનમાં કનફટાઓ પહેરે છે તેવી મુદ્રા કે દર્શન, ને માથે ટોપ છે. પદ્માસન વાળી બેઠેલી એ મૂર્તિના એક હાથમાં બેરખો છે અને બીજો હાથ પલાંઠી પર મૂકેલો છે. મૂર્તિના ખભા પર બે તોતા બેસાડેલા છે.[૨] દાદા પાસે કાળી ઊનની શેલી, ભગવો, રૂદ્રાક્ષ વગેરે, કનફટાઓ ધારણ કરે છે તે વસ્તુઓ મૂકેલી છે. મંદિરના ઊંચા પડથારનાં પગથિયાં ઊતરી નીચે જતાં બાજુએ કંથડનાથી યોગીઓની વિવિધ પ્રકારની, વિશિષ્ટ આકારની, પથ્થરના ગોળ તથા ચોરસ પડથાર અને પથ્થરના કોરેલા બાજઠ પર મૂકેલી, લાંબી લીંગોવાળી સમાધિઓ આવેલી છે. મનફરામાં કે કંથકોટમાં જ્યારે કોઈ કંથડપંથી કનફટા યોગીઓના ગુરુ કે પૂજારી ગુજરી જાય ત્યારે તેને અહીં સમાધિ આપવામાં આવે છે. કંથડદેરી સામે એક ભોંયરૂં છે જે અત્યારે પુરાઇ ગએલું છે. કહેવાય છે કે પહેલાં એ કિલ્લામાંથી છટકબારી હશે. ઘણા વખત પહેલાં એક યોગી તેનો તાગ લેવા અંદર ગએલો, પણ ગાંડો થઈ પાછો નીકળ્યો હતો. ત્યાંથી થોડે દૂર ઘણા જૂના પાળિયા છે, પણ તે ક્યારના છે તે ઉકેલી શકાય તેવું નથી. દસમી કે અગીઆરમી સદીના હશે એવું ધારી શકાય છે. (ચાલુ)

૨ સાડના પાળેલા તોતાઓને ભસ્મીભૂત કર્યાના પાપનું **પ્રાયશ્ચિત્ત** કરવા તોતાઓને કંથડનાથે ખભે ધારણ કર્યા છે.

નરભક્ષી સિમ્બા!

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ. પૅટર્સનના અંગ્રેજી પુસ્તક
'ધ મૅન-ઈટર્સ ઑવ ત્સાવો' ઉપરથી રૂપાંતર કરનાર
હરિનારાયણ આચાર્ય



આ વાર્તામાં આવતા બંને સિંહના અવશેષો શિકાગો મ્યૂઝિયમમાં મઢીને ગોઠવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી ઉતારેલું આલેખન.

[ગોરા કાળા ઘઉંવર્ણા દોઢસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર, ત્સાવોના બે મનુષ્યભક્ષી સિંહોને લગતી લે. કર્નલ પૅટર્સનની આ પરાક્રમ-કથા, જગતના સાહસ-સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આફ્રિકામાં રેલવેના ઇજનેરી બાંધકામ દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયંકર માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડ્યો. એ પ્રસંગે એણે એકલે હાથે અનેક પ્રકારની મથામણો, પ્રયત્નો ને યુક્તિઓ કરી જે પ્રબળ ને અવિશ્રાંત પુરુષાર્થ કર્યો તેની રોમાંચક હકીકત પાછલા હપતાઓમાં આવી ગઈ છે. તેમને ફસાવવા માટે ઊભી કરેલી તરકીબોને તે નકામી કરી મૂકતા; તેમને માટે ઊભા કરેલા કાંસલામાંથી યે હાથતાળી આપી છટકી જતા; અને કેટલીક વાર તો સામે મોંએ કરેલા ગોળીબારોમાંથી પણ આબાદ બચી જતા; આમ, ભલા નરબંકાઓની પણ હિંમત ઓગાળી નાખે એવા એ પિશાચોની રંજાડ છેવટે એટલી તો વધી પડી કે એ આખો પ્રદેશ તેમના ત્રાસથી થરથરી ઊઠ્યો, રેલવેનું કામ કરનારા બધા મજૂરો હિજરત કરી નાસી ગયા અને લોકો તેમને કોઈ અગમ્ય અંશનો અવતાર માનવા લાગ્યા! છતાં આવી સ્થિતિમાં એકલા પડી ગએલા પૅટર્સને લેશમાત્ર હિંમત ન હારતાં છેવટે એમનો કેવી રીતે નાશ કર્યો તેની રોમાંચક હકીકત આ અંકમાં પૂરી થાય છે.]

૧૨ બીજા સિંહનો સામનો

પણ રખે માની બેસતા કે આ સિંહના મરવાથી ત્સાવોમાં અમારી મુશીબતોનો અંત આવ્યો હતો. કારણ હજુ એનો સાથી તો જીવતોજાગતો છૂટો હતો. અને થોડા જ દિવસમાં અમને અણગમતી રીતે એ વાતનું ભાન કરાવવા પણ લાગ્યો. પહેલા સિંહને માર્યાને થોડી જ રાતો ગઈ હશે ત્યાં તો એના એ સાથીએ પી. ડબ્લ્યુ. ઇન્સ્પેકટરના બંગલાનાં પગથિયાં ચડીને, ઓશરીમાં આંટા મારતાં મારતાં, ઘરધણીને જ પકડવાનો પ્રયત્ન કર્યો. એના મૂગા મૂગા ફરવાનો અવાજ સાંભળીને, કોઇ ઘાસલેટિયો ટાઢ થઇને આવ્યો હશે એમ સમજી, ઇન્સ્પેકટરે બૂમ મારી કે 'ભાગ, નીકળ અહીંથી!' પણ એના સદ્‌ભાગ્યે બહાર આવવાની કે બારણું ઉઘાડવાની તકલિફ લીધી નહિ. આમ, માણસનું માંસ હાથ કરવામાં નિષ્ફળ જતાં સિંહે ઈન્સ્પેકટરનાં બેત્રણ બકરાં ઝડપી લીધાં અને ત્યાં ને ત્યાં જ ચડાવી ગયો.

આ બનાવની જાણ થતાં જ, બીજી રાતે સિંહની રાહ જોઇને ઈન્સ્પેકટરના બંગલા નજીક જ બેસવાનો મેં નિશ્ચય કર્યો. નસીબજોગે એની અડોઅડ જ, અંદરથી બંદૂક ફોડી શકાય એવી ભીંતમાં બાકોરાંવાળી પતરાંની એક ઓરડી હતી. સિંહને લલચાવવા એના આંગણામાં આશરે છમણ વજનના રેલના ટુકડા સાથે ત્રણ મોટાં બકરાં બાંધી રાખ્યાં હતાં. પરોઢિયા સુધી તો કશું જ બન્યું નહિ, પણ આખરે સિંહ આવી પહોંચ્યો અને એક બકરા ઉપર તરાપ મારીને, એ એના બે સાથીઓ અને ભેગી રેલ—એ બધું યે ઘસડતો લઈ ચાલતો થયો! એની તરફ ભડાકા તો મેં કેટલા યે કર્યાં, પણ રાતના ગાઢ અંધકારને લીધે કશું ય દેખાતું ન હતું. આમ, સિંહને તો નહિ પણ એક બકરાને મારવામાં હું સફળ થયો! આવે વખતે ટૉર્ચ લાઈટની જરૂરિયાત મને ખૂબ જણાતી.

સવાર પડતાં વેંત હું સિંહની પાછળ જવા નીકળ્યો. છાવણીમાંથી બીજા કેટલાક પણ મારી સાથે થયા. રેલ સાથે બકરાં લઇ જતાં પડેલા રસ્તે સહેલાઈથી અનુસરી શકાતું. પાએક માઇલ ગયા હોઈશું ત્યાં, સિંહ ભોજનમાં ગુંથાયો હતો તે સ્થળે અમે જઇ પહોંચ્યા. અમને આવતા સાંભળીને એ, ઝાંખરાંની આડમાંથી ક્રોધાવિષ્ટપણે ઘુરકવા લાગ્યો. પણ જરા વધારે નજદીક ગયા કે ખાવાનું પડતું મૂકીને એણે ઝાંખરાંમાંથી રસ્તો કરી ખૂબ વેગથી દોડતાં દોડતાં અમારા ઉપર હુમલો કર્યો. એક જ પળમાં મારી સાથેનો એકેએક માણસ જ્યાં ફાવ્યું ત્યાં ઝાડ ઉપર ચડી ભરાઇ બેઠો. અપવાદ તરીકે પાછળ રહ્યા હું ને મારો એક મદદનીશ મિ. વિંકલર. પણ સિંહ ઠેઠ સુધી ધસી આવ્યો નહિ. અને જે જાળા વચ્ચે એ ભરાઇ બેઠો હતો ત્યાં પથરા ફેંકતાં, ત્યાંની નિઃસ્તબ્ધતા ઉપરથી સિંહ આગ ડર દેખાડીને છાનોમાનો ચાલ્યો ગયો હોય એમ લાગ્યું. અમે પણ ફરીથી સાવધાનપણે એની પાછળ પાછળ ચાલ્યા અને પેલા જાળા પાસે પહોંચતાં જ અમારી ખાતરી થઇ કે બે બકરાં આખાં પાછળ છોડી દઇને એ ખરેખર અમારા હાથમાંથી છટકી ગયો છે.

એના હમેશના સ્વભાવ પ્રમાણે અધૂરું ભોજન પૂરું કરવા માટે સિંહ જરૂર એ સ્થળે પાછો આવશે, એવી ખાતરીથી મેં, બકરાં પડ્યાં હતાં તેની અડોઅડ એક માંચડો બંધાવ્યો, અને અંધારું થતાંમાં તો એના પર ચડી બેઠો. આ વખતે પહેરો ભરવાની સગવડ સારૂ હું મારી

સાથે મારા બંદૂક ઉપાડનાર નોકર માહિનાને પણ લેતો આવ્યો હતો; કારણ સિંહની વાટ જોઇ બેસવાથી આટલા દિવસના ઉજાગરાના થાકને લીધે હું તદ્દન નબળો પડી ગયો હતો.

માંચડા પર ઠરી ઠામ થઈ જેવો હું ઝોકાં ખાવા માંડું છું, ત્યાં તો અચાનક કોઈ મારો હાથ પકડતું લાગ્યું. ઝબકીને જોઉં છું તો માહિનાને બકરીવાળી દિશામાં આંગળી કરતો મેં જોયો. 'શેર' એમ ધીમેથી ગણગણ્યો પણ ખરો. તરત મેં મારી નક્કર ગોળી ભરેલી બેનાળી બંદૂક હાથમાં લીધી અને ધીરજથી રાહ જોવા લાગ્યો. થોડીવારમાં એ ધીરજનો બદલો મળ્યો, અને જે સ્થળે સિંહ દેખાય છે, એવું હું ધારતો હતો ત્યાં નજર રાખતાં, તે સ્થળની ઝાડીમાં ખડખડાટ થવા લાગ્યો અને સિંહને લપાતો છુપાતો ઝાડી બહાર આવતો જોયો. એ અમારી બરોબર હેઠળ થઇને નીકળ્યો એવી જ મેં એના ખભામાં બંને નળીઓ લગભગ સાથે જેવી જ ફોડી, અને ગોળી વાગતાં જ મારી ખુશાલી વચ્ચે એને ગુલાંટ ખાતાં પડતો જોયો. પણ બેનાળી હેઠી મૂકીને છ બારની રાઇફલ હાથમાં લઉં છું ત્યાં તો છલંગ મારી એ ઝાડીમાં ભરાઈ ગયો!

એની પાછળ ફાવી તેટલી ગોળીઓ મેં છોડી. જો કે મારી તો ખાતરી હતી કે એને વાગ્યું તો છે જ. એટલે અજવાળું થતાં જ અમે એની પાછળ જવા નીકળ્યા. એકાદ માઈલ સુધી તો લોહીની ધારે-ધારે જવાનું અઘરૂં ન હતું. નાસતાંનાસતાં એણે વચ્ચે કેટલીક વખત શ્વાસ ખાધો હતો એ ઉપરથી મને વિશ્વાસ પડ્યો કે જરૂર એને કારમો ઘા થયો છે. છતાં અંતે તો મારો પ્રયત્ન સફળ ન થયો; કારણ થોડી વારમાં લોહીનાં ટીપાં અદશ્ય થઇ ગયાં અને પત્થરિયા ભોંય આવી, એટલે એનાં પગલાંને અનુસરવાનું અશક્ય બની ગયું.

આ અરસામાં હિન્દુસ્તાનની સરકારી રેલવેઓનો માજી સલાહકાર સર ગિલ્ફૉર્ડ મૉલ્સવર્થ પરદેશખાતાની કચેરી તરફથી રેલવેઓની તપાસણી માટે નીકળેલો હતો તે ત્સાવોમાં આવી પહોંચ્યો. અહીં ચાલતાં પૂલનાં અને બીજાં બાંધકામ તપાસીને એણે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. (આ વખતે એણે કેટલાક ફોટોગ્રાફ પણ લીધા હતા, જેમાંથી એકબે અહીં પ્રસિદ્ધ કરવાની એણે ઉદારચિત્તે રજા આપી છે). નરભક્ષીઓના લીધે જે અનેક પ્રકારની હાડમારીઓ અમારે ભોગવવી પડી હતી તે વિષે એણે ભારે દિલસોજી દર્શાવી અને બેમાંના એક સિંહના મારવાથી એને અપાર આનંદ થયો. બાકી રહેલાને જલદી હણવાની મને ખાતરી છે કે કેમ, એમ એણે પૂછતાં મેં જરા વધારે-પડતા વિશ્વાસથી હા પાડી કે જરૂર, હું એને અલ્પ સમયમાં જ હણવાની ઉમેદ રાખું છું. તે સાંભળીને એના મોં પર ઝળકી ઊઠેલું અવિશ્વાસનું સ્મિત આજે પણ મારી નજરે તરે છે.

હવે એમ બન્યું કે આ પછીના દસ દિવસ સુધી અમારા એ શત્રુનું નામનિશાન પણ ન જણાયું અને અમને ધીરેધીરે વિશ્વાસ બેસવા લાગ્યો કે ગોળીના ઘાને લીધે એ કોઈ ઝાડીમાં જ રામશરણ થઈ ગયો છે. છતાં સાવચેતી તો અમે પ્રથમ જેવી જ રાખતા હતા. અને એ ઠીક જ થયું; નહિ તો સિંહના ભોગ થઈ પડેલાઓની યાદીમાં વળી એક વધુ બલિદાનનો ઉમેરો થયો હોત. કારણ ડીસેમ્બરની ૨૭મી તારીખે, મારી છાવણીની પડખેના ઝાડમાં સૂઈ રહેલા મારા ડેલા-વાળાઓના 'સિંહ અમને પકડવા મથી રહ્યો છે' એવા કકળાણથી હું અરધી રાતે ઊંઘમાંથી જાગી ઊઠ્યો. આવે વખતે બહાર જવું એ કેવળ ગાંડપણ જ હતું, કારણ આકાશમાં ગાઢ વાદળાં પાછળ ચંદ્રમા સંતાઈ બેઠો હતો અને મારી આગળ એક વાર છેટેની કોઈ ચીજ જોવાનું અશક્ય હતું. એ દશામાં મારાથી એટલું બન્યું કે સિંહને ભડકાવી નસાડવા ખાતર મેં થોડા ખાલી ભડાકા કર્યાં. આની અસર પણ દેખીતીરીતે સારી થઈ, કારણ એ રાતે એણે ફરીથી કોઈ સ્થળે સતામણી કરી નહિ. તપાસ કરતાં જણાયું કે જે સ્થળેથી રાતે બુમો આવી હતી ત્યાં નરભક્ષી થોડો વખત ભમી ગયો હતો, એ ઉપરાંત એકેએક તંબૂની અંદર પણ ફરી આવ્યો હતો. ઝાડના ફરતી તો એનાં પગલાંની હારમાળા જ પડી હતી.

૧૩ બીજા સિંહનો વિનાશ

વળતી રાતે મેં એ જ ઝાડમાં મારૂં સ્થાન લીધું. એવી આશામાં કે કદાચ સિંહ ફરીથી ત્યાં આવે. કમનસીબે એ રાતની કાર્યવહીનો આરંભ પણ ખરાબ રીતે થયો. જેવો હું મારા બેસણે ચડવા જાઉં છું તેવો જ પાસેની ડાળ ફરતા વીંટળાઈ બેઠેલા એક ઝેરી સાપ ઉપર મારો હાથ પડ્યો! હું તો તરત જ વિચારવેગે હેઠળ ઊતરી ગયો, પણ મારા માણસે એને વાંસડાથી પૂરો કરી નાખ્યો. સારા નસીબે રાત તો ચોખ્ખી નિરભ્ર હતી અને ચંદ્રના તેજમાં દિવસ પેઠે બધું સ્પષ્ટ દેખાતું હતું. પહેલી રાતના મેં જાગરણ કર્યું અને બે વાગતાં માહિનાને એનો વારો સાચવવા જગાડ્યો. એકાદ કલાક ઝાડને પીઠ ટેકવી હું શાંતિથી ઊંઘ્યો હોઈશ ત્યાં કંઇક બની રહ્યું છે, એવા અકથ્ય ભાવને લીધે હું અચાનક જાગી ઊઠ્યો. પણ માહિના તો સાવધાન હતો અને એના જોવામાં કંઈ આવ્યું ન હતું. બારીકાઈથી ચોતરફ નજર કરતાં, કંઇ આડુંઅવળું થયું હોય એવું મને પણ લાગ્યું નહિ. છતાં અરધોપરધો સંતોષ પામીને જેવો હું ફરીથી સૂવા જાઉં છું, ત્યાં થોડે છેટે નીચાં ઝાંખરાં વચ્ચે કંઇક હાલતું હોય એવો મને ભાસ થયો. સ્થિર નજરે એ જ સ્થળે થોડી વાર જોઇ રહેતાં મારી પાકી ખાતરી થઇ કે મારી ભૂલ થતી નહતી. અમારી આસપાસ ભમી રહેલો એ નરભક્ષી જ હતો. વચ્ચે બેચાર ઝાંખરાં સિવાય, અમારી આસ-પાસની તમામ જગ્યા સાવ ખુલ્લી ઉઘાડી હતી, એટલે અમારા ઊંચા આસનેથી એ વિશાળકાય પ્રાણીને, અમારી આસપાસ અત્યંત અ-સાધારણ શાંતિથી, વચ્ચે વેંત જેટલા આશ્રયની ઓથે પણ ચાલાકીથી છુપાતાં લપાતાં ભમતો જોવાનું દશ્ય અત્યંત આકર્ષક હતું. એની હોશિયારી ઉપરથી જણાઈ આવતું હતું કે માણસનો શિકાર કરવાની ભયંકર રમતમાં એ અત્યંત પાવરધો હતો. આ વખતે એને નાસી છૂટવા દેવાનું કોઇ પણ જોખમ ન વહોરવાનો મેં નિશ્ચય કર્યો હતો, એટલે એની રાહ જોતો હું બેઠો. આખરે ભમતો ભમતો એ વીસેક વાર જેટલો પાસે મારી બરોબર સામે આવ્યો કે મેં મારી ૩૦-



રાઇફલમાંથી એની છાતી વચ્ચોવચ્ચ ગોળી છોડી. ગોળી એને વાગ્યાનો થડાકો મેં સાંભળ્યો પણ ખરો, પણ કમનસીબે એ ઘા તત્કાળ જીવલેણ નીવડ્યો નહિ. એક ભયંકર ઘુઘવાટો કરી એણે પૂંઠ ફેરવી અને મોટી લાંબી લાંબી ફલંગો ભરતો એ નાઠો. નજરથી એ દૂર થાય ત્યાર પહેલાં મેં બીજા ત્રણ બાર કર્યા અને એના એક વધુ ઘુઘવાટા પરથી હું જાણી શક્યો કે ત્રણમાંની છેલ્લી ગોળીથી એ ફરી એક વાર ઘવાયો છે.

અધીરા જીવે અમે સવાર પડવાની રાહ જોતા બેઠા ને પરોઢની પ્રથમ કિરણરેખા સાથે જ એની ભાળ લેવા અમે નીકળી પડ્યા. સાથે એક દેશી પગીને પણ લીધો હતો, જેથી હું છૂટથી ચોપાસ નજર રાખી શકું. મારી પાછળ માર્ટીની બંદૂક લઇને માહિના ચાલતો હતો. રસ્તામાં ઠેરઠેર લોહીનાં ખાબોચિયાં ભરાયાં હતાં, એટલે એની એંધાણીએ અમે ઝડપથી આગળ વધી શક્યા જંગલમાં માઇલેક ગયા હોઇશું ત્યાં તો અમારી સામેની દિશામાંથી સાવધાન કરનાર ઘુરઘુરાટ સંભળાયો. ઝાડવાં આઘાંપાછાં કરીને જોયું તો અમારી તરફ તાકી રહેલો અને ક્રોધની ગર્જના કરતાં દાંત દેખાડતો સિંહ નજરે પડ્યો. તરત નિશાન તાકી મેં બાર કર્યો, એટલે એ પણ ઝાડીમાંથી બહાર કૂદી આવ્યો અને અત્યંત મક્કમતાથી અમારા ઉપર હુમલો કર્યો. ફરી મેં ગોળી છોડી અને એને ગુલાંટ ખવડાવી દીધી. છતાં એક જ ક્ષણમાં એ ઊભો થયો અને લંગડાતી દશામાં પણ અને તેટલી ઝડપથી એ મારા પર ફરીથી ધસી આવ્યો. ત્રીજી વખત ગોળી મારતાં પણ એની કંઇ અસર દેખાઈ નહિ, એટલે એને માર્ટીનીથી અટકાવવાના ઈરાદે મેં એ બંદૂક લેવા પાછળ હાથ કર્યો. પણ ભયંકર નિરાશા વચ્ચે મને ભાન આવ્યું કે એ તો ત્યાં હતી જ નહિ! અચાનક થએલા હુમલાની બીક માહિના માટે અસહ્ય થઇ પડી હતી એટલે અત્યારે તો એ અને માર્ટીની બંને પાસેના ઝાડની ટોચે પહોંચી ગયાં હતાં! આ દશામાં મારે પણ એમને પગલે જવા સિવાય અન્ય માર્ગ ન હતો, અને રજ પણ વિલંબ કર્યા સિવાય મેં એમ કરી પણ નાખ્યું. સિંહનો એક પગ મારી ગોળીથી તૂટી ગયો ન હોત તો જરૂર એણે મને નાસવાં પહેલાં પૂરો કરી નાખ્યો હોત કારણ ભાંગેલે પગે પણ એ, હું ઝાડ પર પૂરો ચડી જાઉં ત્યાં તે ઝાડના મૂળમાં આવીને ઊભો રહ્યો હતો.

સિંહને ભાન આવ્યું કે એ મોડો પડ્યો છે ત્યારે ખોડંગતો ખોડંગતો ઝાડીમાં જવા લાગ્યો. પણ એટલામાં તો મેં માહિનાના હાથમાંથી કારબીન ખૂંચવી લીધી હતી. એમાંની પહેલી ગોળીએ જ એના રામ રમી જતા દેખાયા. કારણ ભડાકો થતાં જ એ ગુલાંટ ખાઇ હેઠો પડ્યો અને શાંતિથી ત્યાં જ પડ્યો રહ્યો. બેવકૂફપણે હું તરત ઝાડ ઉપરથી હેઠળ ઊતર્યો અને એ પડ્યો હતો ત્યાં જવા નીકળ્યો, પણ મારા આશ્ચર્ય અને ભયના થથરાટ વચ્ચે એ તો ચડપ લઇને ઊભો થયો અને મારા પર ધસી આવવાનો પ્રયત્ન કરવા લાગ્યો! પરંતુ આ વખતે તો માર્ટીનીની બે ગોળી— એક માથામાં અને એક છાતીમાં—એ એને કાયમને માટે શાંત કરી દીધો, અને દોડતો આવતાં આશરે પાંચ વારથી યે



ત્સાવો નદીનો સંપૂર્ણ થએલો પૂલ

ઓછે અંતરે ભોંય પર પટકાઈ પડ્યો ને બહાદુરીથી મરણ પામ્યો. મરતાં મરતાં યે પાસે પડેલી ઝાડની ડાળીને એ બચકાં ભરતો હતો.


આ દરમ્યાન બંદૂકના અવાજથી આકર્ષાઇને છાવણીમાંના તમામ કારીગરો ત્યાં આવી પહોંચ્યા હતા. એમના અનેક સાથીઓનો જીવ લેનાર આ વ્યાલ તરફ એમને એટલો તો તિરસ્કાર ઉપજ્યો હતો કે એના મડદાના ટુકડે ટુકડા કરી ખૂંદી નાખતાં એમને રોકતાં મને અપાર મહેનત પડી. આખરે અહીંના આદિવાસીઓ તેમજ છાવણીના મજૂરોના અનહદ આનંદ અને ખુશાલી વચ્ચે હું સિંહના મૃતદેહને ઉપડાવીને મારા વાડામાં લઈ ગયો. ઝીણવટથી ગણતાં જણાયું કે એના શરીરમાં ઓછામાં ઓછી છ ગોળીનાં કાણાં દેખાતાં હતાં. દસેક દિવસ ઉપર માંચડા ઉપરથી મારેલી નક્કર ગોળી પણ એની પીઠ પર માંસમાં થોડે જ ઊંડે ભરાઈ બેઠેલી હતી નાકના ટેરવાથી પૂંછડીની અણી વચ્ચેની એની લંબાઇ નવ ફૂટ અને છ આંગળ, અને ખભા આગળથી ઊંચાઇ ત્રણ ફૂટ અને અગિયાર આંગળ હતી. એના વિદેહ સાથી પેઠે એની ચામડી પણ વાડના કાંટાથી અનેક સ્થળે ઊઝરડાઈ ગઈ હતી.

આ બીજા નરભક્ષીના નિધનના સમાચાર પણ દેશભરમાં વીજળી વેગે ફેલાઇ ગયા અને એ શેતાનોના અવશેષો અને એમને મારનારને જોવા આદિવાસીઓનાં ટોળાં ઠેર ઠેરથી ઊભરાવા લાગ્યાં. વધુ આનંદની વાત તો એ હતી કે બીકના માર્યા જે મજૂરો નાસી ગયા હતા તે પાછા ત્સાવોમાં આવી ગયા અને મારા અપાર સંતોષ અને આનંદની વચ્ચે રેલ્વેનું બાંધકામ પુનઃ શરૂ થઈ ગયું. ફરીથી કોઇ પણ વગડાઉ પ્રાણીએ અમને હેરાન કર્યાં નહિ. બંને સિંહને મારવાથી મજૂરોની મારા પ્રત્યેની હવેની વર્તણુક જોઈ મને ખૂબ ગંમત પડતી. પહેલાંની પેઠે મારૂં કાસળ કાઢવાની ધારણાને બદલે હવે એનાં જ લોકો મારા માટે શું શું કરી નાખવા તૈયાર હતા! એની નિશાની રૂપ એક સુંદર ચાંદીનો પવાલો અને મારા આખરી વિજયને વર્ણવતું હિંદુસ્તાની ભાષામાં લખેલું એક વિસ્તૃત માનપત્ર અગણે મને ભેટ આપ્યાં. એ પવાલાને તો હું મારા કિંમતી ખજાનારૂપ અને અત્યંત પરિશ્રમે જીતેલાઈનામ જેવો જ ગણીશ.

'ત્સાવોના નરભક્ષી સિંહ'ની આ કથા પૂરી કરૂં ત્યાર પહેલાં એક વાત જણાવતાં નવાઈ લાગશે કે તમામ કોટિનાં જંગલી પ્રાણીઓમાં અજબ એવું માન માત્ર આ બે સિંહોને જ મળ્યું છે. એ માન એટલે ઇગ્લંડની ઉમરાવ સભામાં વડા પ્રધાનના મુખે એમનાં પરાક્રમો (?)નું વર્ણન. યુગાન્ડા રેલ્વે બાંધવામાં નડેલી મુશ્કેલીઓનું વર્ણન કરતાં સદ્‌ગત લૉર્ડ સેલિસબરીએ, આ બંને સિંહોના રંજાડની, એથી બંધ પડી ગએલા બાંધકામની અને મારા હાથે એમનો વિનાશ થતાં ચાલુ થએલા કામની વિગત કહી દેખાડી હતી. વળી 'સ્પેક્ટેટર' પત્રમાં (સને ૧૯૦૦માં) પણ 'સિંહ: જેમણે રેલ્વે અટકાવી' વિષે લેખ આવ્યો હતો. અઠ્ઠાવીસ હિન્દીવાનો અને અનેક અણનોંધ્યા આદિવાસીઓનો ભક્ષ કરનાર ત્સાવોના આ બે સિંહોને મળેલી આ બધી પ્રસિદ્ધિ અસ્થાને તો ન જ કહેવાય.

માણસની માફક ઊભાં ચાલતાં અને પાણીમાં તરતાં વિચિત્ર પંખી

પેંગ્વિન



સરજનહારની આ સૃષ્ટિમાં પંખીની જે અસંખ્ય જાતો થાય છે તેમાં દેખાવે ને રહેણીકરણીમાં પેંગ્વિન જેવી વિચિત્ર કોઈ નથી. એ અદ્‌ભુત પંખી ભાગ્યે જ બધાએ નજરે જોયું હશે; પણ તેનું નામ તો ઘણાએ સાંભળ્યું હશે, અને થોડાઘણાએ તેનાં ચિત્રો પણ જોયાં હશે. એ ચિત્ર પરથી જ જણાયું હશે કે આ પક્ષી લગભગ માણસની માફક જ ઊભુંઊભું ચાલે છે. સુપ્રસિદ્ધ ફ્રેંચ લેખક આનાતોલ ફ્રાંસે 'પેંગ્વિનનો ટાપુ' નામનું પુસ્તક લખીને આ પક્ષીને અમર બનાવ્યું; અને ત્યાર પછી ઍલન લેઈન નામના ઇંગ્લંડના એક સાહસિક ગ્રંથપ્રકાશકે, બ્રિટિશ પુસ્તક પ્રકાશનના ઇતિહાસમાં અપૂર્વ એવી, છ પેન્સ (છ આના)ની કિંમતમાં વાઙ્‌મયનાં લગભગ બધાં જ ક્ષેત્રોને લગતાં પુસ્તકો આપતી, અત્યંત સસ્તી ગ્રંથમાળા 'પેંગ્વિન બુકસ'ના નામથી કાઢીને તો, એ પંખીના નામને ઘરગથુ બનાવી દીધું છે.

આ પક્ષી મોટે ભાગે દક્ષિણ ધ્રુવ આગળના પ્રદેશનાં વતની છે. એની લગભગ બાવીસ તો ઉપજાતિઓ છે અને દક્ષિણ ધ્રુવથી માંડીને વિષુવવૃત્ત નજીકના પ્રદેશમાં આવેલા ગૅલેપૅગૉસ ટાપુઓ સુધી તે નજરે પડે છે. વિષુવવૃત્તની ઉત્તરે પક્ષી તે જોવામાં આવતું નથી. સામાન્યરીતે જ્યાં પુષ્કળ વાદળાં હોય એવા ખડકાળ ટાપુઓ જેવા કે ફૉકલૅંડ દક્ષિણ ઑર્કની, દક્ષિણ શેટલૅંડ વગેરે ઉપર તેની વસતિ હોય છે.

રહેવાને માટે તેને ઠંડી આબોહવા જોઇએ. આ પંખીની એમ્પરર નામની સૌથી મોટી જાત તો પોતાનાં ઇંડાં છેક દક્ષિણ શીતકટિબંધની સીમા ઉપર આવેલા ભાગમાં અને તેય ભર શિયાળામાં સેવે છે. જે વખતે ત્યાંનું ઉષ્ણતામાન -૭૦ ડિગ્રી ફેરનહાઈટ રહે છે! ઉષ્ણ પ્રદેશમાં રહેતાં પેંગ્વિનો પણ સમુદ્રોમાં જ્યાં પાણીના ઠંડા પ્રવાહો વહેતા હોય છે ત્યાં જ રહે છે. પેંગ્વિનોને મીઠા પાણી કરતાં ખારૂં પાણી વિશેષ ગમે છે. જોકે પ્રાણી-સંગ્રહસ્થાનોમાં તેમને મીઠાં પાણીમાં રાખવામાં આવ્યાં છે તો તેમાં પણ તે રહ્યાં છે ખરાં.

તરવામાં આ પક્ષી બહુ નિપુણ છે અને જો બહુ દૂર ન જવું હોય તો તે અતિ વેગથી તરે છે. તરતી વખતે તે મોટે ભાગે સપાટીની નીચે પાણીની અંદર જ રહે છે. માત્ર મોજ ખાતર સહેલ કરતાં હોય ત્યારે અથવા તો સૂતું હોય ત્યારે તે સપાટી ઉપર આવે છે. સપાટી ઉપર તરતી વખતે તેનું માથું તથા પીઠ પાણીની ઉપર જ હોય છે, માત્ર પાંખો પાણીમાં ડૂબેલી હોય છે. પાણીમાં હલનચલન કરતી વખતે તેઓ આ પાંખોનો ઉપયોગ કરે છે, અને પગને પાછળની બાજુએ સંકેલીને ભેગા કરી રાખે છે. માત્ર એને દિશા બદલવી હોય ત્યારે 'સ્ટીઅરિંગ' તરીકે, કે વેગ ઘટાડીને અટકવું હોય ત્યારે 'બ્રેક' તરીકે તે પગનો ઉપયોગ કરે છે. જ્યારે પાણીમાં તરનારાં બીજાં પંખીઓ આનાથી ઉલટું કરે છે. તેઓ તરતી વખતે પોતાની પાંખો સંકેલી લે છે અને પગનો હલેસાંની માફક ઉપયોગ કરે છે.

શત્રુથી બચીને નાસી છૂટતી વખતે કે કોઇ શિકારની પાછળ પડવાનું હોય ત્યારે પેંગ્વિન અતિશય ઝડપથી તીરની માફક સૂસવતું તરે છે. તે વખતે માત્ર તેની ચાંચ અને પૂંછડી જ પાણીની સપાટી ઉપર દેખાય છે. તેની પાંખો એ વખતે જે વેગભર પાણીને પાછળ ધકેલતી કામ કરતી હોય છે તે જોતાં તે પાણીમાં અક્ષરશઃ 'ઊડતું' જ હોય છે એમ કહી શકાય. એ વખતે માત્ર શ્વાસ લેવા પૂરતું જ તે પોતાનું માથું બહાર રાખે છે. પણ પેંગ્વિનની પાંખો આ રીતે માત્ર પાણીમાં જ 'ઊડવા' માટે ઉપયોગી થાય છે; તે જ પાંખો વતી તે હવામાં લેશમાત્ર ઊડી શકતું નથી, કેમકે ઊડવા માટે જરૂરી લાંબાં પિચ્છ તેની પાંખોમાં હોતાં નથી. માત્ર માછલીનાં ભીંગડાંના આકારનાં નાનાં પીછલાં હોય છે. જમીન ઉપર એ પાંખો માત્ર લડતી વખતે ફટકો મારવામાં, અને કેટલીક જાતો કવચિત ચાલતાં ચાલતાં ટેકો લેવામાં વાપરે છે. બરફ પર ચાલવાની તેની બે રીત છે: એક તો માણસની પેઠે ટટ્ટાર રહીને, અને બીજી, પેટભર રહીને પગની લાતો વડે જમીન પાછી ધકેલતાં ધકેલતાં.

બીજાં પંખીઓની માફક આને પણ પીછાં જ હોય છે, પરંતુ તે પીછાં સંકેલીને પોતાના શરીર સાથે ચોંટાડી દેતાં તેને આવડતું નથી. જમીન ઉપર તે ચાલતું હોય છે ત્યારે પણ તે ફેલાએલાં જ રહે છે. પગ, પંજા અને માથાના કેટલાએક ભાગ ઉપર તેને પીછાં હોતાં નથી. બતકની માફક જ તેનાં પગનાં આંગળાંઓની વચ્ચે પાતળી ચામડી હોય છે; અને પીંછા ઉપર પણ એવો જ તૈલી પદાર્થ હોવાથી પાણીથી તે પલળતાં નથી તથા ગમે તેટલો વખત પાણીમાં રહ્યા પછી બહાર નીકળે છે ત્યારે તરત જ એ કોરૂં થઇ જાય છે. પણ જો જમીન પર એ ઘણો લાંબો સમય રહ્યું હોય તો પાણીમાં પાછું જતી વખતે તે પોતાનાં પીછાં ધોઈ નાખે છે અને કેટલીક વાર તો આ પ્રકારની સફાઈના કામમાં તે કલાકોના કલાકો ગાળે છે! બીજાં પક્ષીઓ પણ આ જાતનો સ્નાનનો વિધિ કરતાં હોય છે ખરાં, પણ તે પાણીની બહાર કરતાં હોય છે; ત્યારે આ પક્ષી એ બધું કામ પાણીની અંદર તરતાં તરતાં જ કરે છે. અને જ્યારે પાણીમાં ઊંધીચત્તી ગુલાંટો મારીને, ડોક વાંકી વાળીને, દરેકે દરેક પીછાં સુધી પોતાની ચાંચ લઈ

જઈને તે પીછાં સાફ કરતું હોય છે ત્યારે તે બહુ મોહક લાગે છે. આ જાતની સાફસૂફી કલાકો સુધી કર્યા પછી પણ જો મોજમાં આવે તો ફરી પાછું તે તત્કાળ પાણીની બહાર આવે છે, અને પછી ફરી પાછું શરીરને ગંદું કરવામાં જાણે કે કશી જ અડચણ ન હોય એમ દબદબાથી જમીન ઉપર ચાલવા લાગે છે!

પેંગ્વિનનાં જૂનાં પીછાં ખરી પડીને જ્યારે નવાં આવતાં હોય છે ત્યારે તે બહુ કદરૂપું લાગે છે. એ વેળા તે પોતે પણ અસ્વસ્થ રહેતું જણાય છે. અંદરથી જોર કરીને ઉગતાં આવતાં નવાં પીછાંને લીધે ઉપરનાં પીછાં જ્યારે ખરી પડતાં હોય છે ત્યારે તેની વેદનાથી તે હેરાન પણ બહુ થાય છે. વળી નવાં પીછાં પૂરાં ન આવી રહે ત્યાં લગી તે બનતાં સુધી પાણીની નજીક પણ જતું નથી, અને તેથી એ કાળ દરમ્યાન એવી સ્થિતિમાં તેને ખોરાક પણ મળતો નથી; કારણકે તેનો ખોરાક તો માછલી જ છે, અને પાણીમાં ગયા સિવાય માછલી મળવી અશક્ય. આ ક્રિયા ૧૦ થી ૧૫ દિવસમાં પૂરી થાય છે.

વર્ષમાં અમુક જ વખતે તેને જૂનાં પીછાં ખરી પડીને નવાં આવે છે એવું નથી હોતું. તેની કોઈ નિશ્ચિત ઋતુ નથી હોતી, તેમ એક વરસમાં કેટલી વખત એવું બને તે પણ નિશ્ચિત નથી હોતું. પ્રાણીસંગ્રહસ્થાનોમાં રાખેલાં પેંગ્વિનો વિષે પણ કંઈ નિશ્ચિત નથી જણાયું.

પેંગ્વિનના પગનો ઉપરનો ભાગ પીછાંથી ઢંકાએલો રહેતો હોવાથી તેના પગ દેખાય છે બહુ ટૂંકા, પણ વાસ્તવિકરીતે તેમ નથી. વળી તેના પગનાં આંગળાં તથા નખ પણ બહુ મજબૂત હોય છે. તેની મદદથી તે ટેકરી કે ઝાડ ઉપર ચડી શકે છે ને કૂદકા પણ મારી શકે છે.

પોતાને ઈંડાં મૂકવાની ઋતુ આવતાં આ પક્ષી જમીનમાં ખાડા કે ભુગદાઓ તૈયાર કરે છે અને તેની કિનાર ઉપર ડાળીઓ, ઘાસ કે પથ્થરો ગોઠવી દે છે. પણ તેમના આ માળામાં કાંઈ ખાસ ભલીવાર નથી હોતો. કેટલીક જાતો તો આવા માળા યે નથી બનાવતી. દર વખતે માદા બે કે કવચિત ત્રણ ઈંડાં મૂકે છે, અને નર તથા માદા બંને ઈંડાં સેવવાનુંકામ કરે છે. આ સેવવાનું કામ આશરે ચાર અઠવાડિયાં ચાલે છે. માદા વર્ષમાં બે વાર ઈંડાં મૂકે છે: સપ્ટેમ્બરમાં અને ફેબ્રુઆરીમાં. બચ્ચાં લગભગ ત્રણ માસ માબાપ સાથે રહે છે, અને એ કાળ દરમ્યાન માબાપઅર્ધી ચાવેલી માછલીઓ તેમને ખાવા આપે છે. બચ્ચાં નાનાં હોય ત્યારેજ કદાચ જો માબાપનાં પીછાં ખરવા લાગે તો તેઓ પાણી સુધી જતાં નથી અને પરિણામે બચ્ચાં મરી પણ જાય છે! નર અને માદાના બાહ્ય સ્વરૂપમાં કશો ખાસ ફરક જણાતો નથી, અને ઉન્માદના સમય સિવાય નર તથા માદાને જુદાં ઓળખી પણ શકાતાં નથી.

કિંગ પેંગ્વિન જેવી કેટલીક જાત એક જ ઈંડું મૂકે છે, અને તે બે સાથળની વચ્ચે દબાવી રાખીને સેવે છે. એ વેળા જો કોઇ તેની પાસે જાય તો એ એમ ને એમ ઇંડા સાથે જ ત્યાંથી ચાલ્યું જાય છે!

પેંગ્વિન જમીન ઉપર ઊભાં ઊભાં પોતાની પૂંછડીના ટેકે ઊંઘી શકે છે; અથવા તો ઊંધાં પડીને કે પાણીમાં તરતાં તરતાં પણ ઊંઘી શકે છે. ગધેડાંની માફક મોટેથી ભૂંકનારી તેમજ બિલાડીના જેવો 'મ્યાંઉ મ્યાંઉ' એવો નાનો અવાજ કાઢનારી પણ તેની જાતો થાય છે. ઊભું હોય છે ત્યારે તેની ઊંચાઈ ૧૨થી ૧૪ ઇંચની હોય છે. તેનું વજન બારેક રતલ હોય છે. તેને રોજનો આશરે ૧ રતલ ખોરાક જોઇએ છે. આ ખોરાકનો ઉપયોગ મોટે ભાગે શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખવા માટે થતો હોવો જોઇએ; કારણકે શરીરના વજનના પ્રમાણમાં તેના ખોરાકનું પ્રમાણ ઘણું વધારે હોય છે અને તેટલા પ્રમાણમાં તેમનાથી હલનચલન થઈ શકતું નથી. મોટે ભાગે તે માછલીઓ, તથા ઉપરના ભાગમાં કવચ હોય એવાં કરચલા જેવાં નાનાં પ્રાણીઓ ખાય છે.

જમીન ઉપર દોડવામાં પણ પેંગ્વિનનો વેગ પાણીમાં તરવા જેવો જ હોય છે. તે બહુ ઝડપથી દોડી શકે છે. ઊભું ઊભું ધીમે ચાલે ચાલતું હોય છે ત્યારે તે માણસની માફક જ ડગલાં ભરતું ભરતું ચાલે છે. અને એ વખતે પાંખો ફેલાવેલી રહેતી હોવાથી તે બહુ વરવું અને વિચિત્ર લાગે છે.

પેંગ્વિનો પાણી પીતાં હોય એમ જણાતું નથી; દિવસોના દિવસો સમુદ્રમાં રહેનારાં આ પ્રાણીઓને મીઠું પાણી મળવાનો સંભવ ઝાઝો હોતો નથી. અલબત્ત, પાણીમાં માથું ડુબાવી માછલીઓ પકડીને ખાતી વખતે તેમના પેટમાં થોડુંક પાણી જતું તો હશે જ.

પ્રાણીસંગ્રહસ્થાનોમાં જે પેંગ્વિન રાખવામાં આવે છે તે મોટે ભાગે ટોળાંબંધ ફરે છે. બને તેટલી ઊંચી જગ્યાએ ચડવાનું તેમને ગમે છે, અને રમતે ચડે છે ત્યારે અતિ ઊંચે બેઠેલા પોતાના કોઈ નજીકના પાડોશીને ત્યાંથી ધક્કેલી નીચે ગબડાવી દેવામાં તેને બહુ આનંદ આવતો જણાય છે. ગુસ્સા તથા બચાવ વખતે તેની ચાંચ એ તેનું હથિયાર છે. તે વડે તે બીજાં પેંગ્વિનોને તેમજ માણસોને પણ કરડે છે અને તેથી મોટામોટા જખમો પણ થાય છે.

આ પ્રાણી ઘણું હઠીલું અને નિર્ભય હોય છે. એક વાર અમુક બાબત કરવાનું તે મન ઉપર લે તો પછી તેને તેમ કરતાં અટકાવવું બહુ મુશ્કેલ હોય છે. જોકે તે અત્યંત સમૂહપ્રિય છે અને ટોળાંમાં જ ભમે છે. કવચિત પોતે એકલું પડી ગયું હોય તો તેનું ભાન થતાં તરત તે પાછું ટોળામાં આવીને સામેલ થઈ જાય છે.

દક્ષિણ પાસિફિકના કેટલાક ટાપુઓ ઉપર તો ૩૦ થી ૪૦ હજાર પેંગ્વિન એક જ ટોળામાં રહેતાં જણાયાં છે. સૈનિકોની માફક કતારબંધ ટુકડીઓમાં તેઓ ગોઠવાઈને ચાલે છે, અને નવાઈભર્યું તો એ છે કે ટોળામાં પણ વર્ગવાર વહેંચાઈ જવાની કોઇ કુદરતી પ્રેરણા તેમનામાં હોય છે. નાનાં બચ્ચાં આપમેળે એક ટોળામાં જુદાં પડી જાય, પીછાં ખરવાની દશાવાળાં જુદાં, માદાઓ જુદી, વગેરે.

એક મુસાફર લખે છે કે 'રૂપગર્વીલા મોરની માફક પેંગ્વિનને પણ પોતાના ઠસ્સાનું અભિમાન હોય છે. પીછાં ખરવાની દશાવાળાં પેંગ્વિનને તે પોતાના ટોળામાં ભળવા દેતાં નથી. અને વારંવાર પોતાની બંને બાજુઓ તથા નીચે છાતી અને પેટ સામે ડોક ફેરવીને રૂઆબથી નજર કરતા રહીને, તથા ત્યાં કાંઈ ડાઘડુઘ કે કચરો કસ્તર વળગ્યું હોય તો ચાંચ વડે તે એસવતા રહીને જે અદાથી તે ચાલે છે એ જોઈને આપણને રમૂજ ઉપજે.

ઇંડાં સેવતી વખતે માદાને ખોરાક લેવા કે નહાવાધોવા જવું હોય તે વેળા નર તેનાં ઇંડાં સંભાળે છે. અને તેની રીત પણ જોવા જેવી હોય છે. માદાના બંને પંજાની બરોબર સામે નર પોતાના બંને પંજા માંડીને બેસે છે, અને પછી એકના પગમાંથી બીજાના પગમાં ધીમેથી ચાંચ વડે ઇંડાં સેરવી દેવામાં આવે છે.

બચ્ચાં મોટાં થયા પછી તેને પાણીમાં તરતાં શીખવવું પડે છે. શરૂમાં તો તે પાણીમાં પડતાં પણ બીએ છે, પણ માતા તેને એક ઊંચા ખડક પર લઈ જઇને પછી હળવેથી પાણીમાં ધક્કેલી દે છે, અને એમ ધીમેધીમે તરવાની ટેવ પાડે છે.

પ્રાણીસંગ્રહસ્થાનોમાં રાખેલાં મોટા ભાગનાં પેંગ્વિનો માણસના સહવાસથી ટેવાઈ જાય છે, એટલે કોઈ જો આસ્તેથી તેને હાથ વડે ઉચકવા ચાહે તો તે તેમ કરવા દે છે; પણ જો કોઈ અચિંતું તેને હાથ લગાડે, તો એ કરડયા વગર રહેતું નથી! **ભાસ્કરરાવ વિદ્વાંસ**
(મરાઠી માસિક 'સૃષ્ટિજ્ઞાન' તથા બીજાં સાધનો ઉપરથી તારવીને)

Our Friends Abroad

—આ પત્ર મેળવનાર: શ્રી વાસુદેવ લ. ભટ્ટ, એમ. ટી. બી. કૉલેજ, સુરત

1841, Lincoln Ave. Chicago Ill. (U. S. A.)
૧૮૪૧, લિંકન ઍવન્યુ, શિકાગો, ઇલીનૉઇ, (યુ. સ્ટે. અ.)
ફેબ્રુઆરી ૧૨, ૧૯૪૧

પ્રિય વાસુદેવ,

કેટલા યે દિવસો આવ્યા અને ગયા, તો યે તમારા તરફથી એક પણ પત્ર નથી. એમાં દોષ મારો હશે? આ કાગળ લખતાં જાણે તમારી જોડે પ્રત્યક્ષ વાતચીત કરતી હોઉં એવો મને ભાસ થાય છે. એક વર્ષ પસાર થઈ ગયું હોવાથી મારે તમને ઘણું કહેવાનું છે.

સૌથી પહેલાં તો મારે તમને એ જણાવવાનું કે આ જૂનમાં શાળાનું છેલ્લું વર્ષ હું પાસ કરી દઇશ. કયારે પાનખર આવે ને કયારે હું કૉલેજમાં જાઉં તેની જ હું આતુરતાથી રાહ જોઉં છું.

અહીંની કૉલેજો કેવીરીતે ચાલે છે એ જાણવામાં તમને રસ છે, તેથી તેને લગતી કેટલીક મુખ્ય વાતો કહીશ. શિષ્યવૃત્તિની બાબતમાં મારો સ્વાર્થ હોવાથી તે વિષે પહેલું લખીશ. જો કોઇને કૉલેજમાં આગળ ભણવા માટે પૈસાની જરૂર હોય તો તેણે એક પરીક્ષા આપવી પડે છે, જે લગભગ ચાર કલાક ચાલે છે. શાળાના છેલ્લા વર્ષની પરીક્ષામાં પાસ થઇ પહેલા દસ ટકામાં આવનાર વિદ્યાર્થી જ આ પરીક્ષામાં બેસી શકે છે. શિકાગોની બધી હાઈસ્કૂલોના હોશિયાર વિદ્યાર્થીઓની જોડે એમાં હરીફાઈ કરવાની આવે છે. આ બધામાંથી યે ફક્ત પહેલા ૧૦૦ આવનાર વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળે છે. તે લગભગ કૉલેજની એક વર્ષની ફી જેટલી હોય છે. જો કોઈ અસાધારણ હોશિયારી બતાવી શકે તો બીજે વર્ષે પણ ચાલુ રહી શકે.

કોઇ પણ કૉલેજમાં દાખલ થવા માટે હાઇસ્કૂલમાં અમુક ખાસ વિષયો લેવા પડે છે. દા. ત. બે વર્ષ મૅથેમૅટિકસ (ઍલજિબ્રા, જ્યૉમેટ્રી), બે વર્ષ કોઇ એક ભાષા, એક વર્ષ વિજ્ઞાન (કેમિસ્ટ્રી અથવા ફીઝિકસ), ત્રણ વર્ષ અંગ્રેજી, અને આ ઉપરાંત ઇતિહાસ તથા નગરશાસ્ત્ર પણ આવી જાય છે. શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી ઘણા વિદ્યાર્થીઓને લાગે છે કે પોતે કૉલેજમાં જવા શક્તિમાન છે, પણ ઉપરના જરૂરી વિષયો તેમણે લીધા ન હોવાથી તેઓને કૉલેજમાં દાખલ થવા માટેનો અધિકાર રહેતો નથી.

તમને એ જાણવામાં કદાચ રસ પડશે કે તમને ગયો કાગળ લખ્યા પછી મેં જુદાજુદા અનેક ધંધા કર્યા. મારે કોઈ પણ હિસાબે કમાઇને આખા કૉલેજકાળનો ખર્ચ કાઢવો તો પડવાનો જ છે, તો આજથી જ શરૂ કર્યું શું ખોટું? હાલમાં શાળા છૂટયા પછી મારી શાળાના એક શિક્ષકના ભાઇને ત્યાં હું કામે જાઉં છું. તેમનું એક છાપખાનું છે, અને ત્યાં કામ બહુ સહેલું છે- જુદાંજુદાં ક્ષેત્રોમાં કામ કરવાથી મને ઘણું શીખવાનું મળ્યું છે, અને મને આશા છે કે શાળામાંથી નીકળ્યા પછી હું સહેલાઇથી ધંધો મેળવી શકીશ.

તમે હમેશાં બરફની વાતથી પ્રસન્ન થાઓ છો, એટલે અહીં હમણાં બરફનાં જે તોફાનો શરૂ થયાં છે એ વેળા તમે અહીં હોત તો કેવું સારૂં! બરફ પડતો જોવો મને બહુ ગમે છે. બધું તદ્દન શાંત, અને આખી દુનિયા જાણે સફેદ બની ગઇ લાગે. બરફની સફેદ કરચો હવામાં તરતી નીચે સરતી હોય છે એ દશ્ય તો સુંદર હોય છે. સ્કેટિંગ (બરફ પર ગરગડીવાળા જોડા પહેરી ફરવા) માટે હવામાન અનુકૂળ હોવાથી અમે તેની શરૂઆત કરી છે. મને લાગે છે કે એનું રંગભર્યું દશ્ય જોઈને તમને તો જરૂર આનંદ થાય. લાલ, વાદળી, લીલાં, એવાં રંગબેરંગી કપડાંમાં સજ્જ આકૃતિઓ આમતેમ લસરતી દેખાય અને આજુબાજુનાં મકાનોનો પ્રકાશ બરફ ઉપર રમતો હોય! શહેરના લગભગ દરેક ભાગમાં આ દશ્ય જોવાનું મળે છે.

છેલ્લા થોડા વખતથી શાળાની બાબતોમાં હું ખૂબ જ રસ લેતી થઇ છું. હું અમારા પત્રકારત્વ વર્ગની સભાસદ બની છું એ ખબરથી તમને એનો ખ્યાલ આવશે. અમારી શાળામાંથી નીકળતા પત્રમાં મારે પણ એક ખાસ કૉલમ લખવાનું છે. તે ઉપરાંત જાહેરખબર વિભાગ પણ મારે સંભાળવાનો છે. હમણાં એક પ્રસંગ એવો બન્યો કે જેથી મને જરા ખેદ થયો. વાત એમ બની કે ગયે વખતે અમારી શાળાના પત્ર 'યલો ઍન્ડ બ્લ્યૂ'એ ટૂંકી વાર્તાની હરીફાઈ યોજી. મેં પણ તેમાં ભાગ લીધેલો ને હું તે જીતી યે ખરી. પણ તે છાપી શકાશે નહિ, કેમકે હું હવે પત્રકારત્વ વર્ગની સભાસદ બની. આ વાર્તા મને પાછી મળશે કે તરત હું તમને ટાઈપ કરીને મોકલી આપીશ. તે વાંચીને તમારો જે કાંઈ અભિપ્રાય થાય તે અવશ્ય લખી મોકલશો.

કૉલેજમાં તમારૂં કેમ ચાલે છે તે જાણવાની મને બહુ ઇંતેજારી છે. તમે એની એ જ કૉલેજમાં જાઓ છો? તમારી કૉલેજ બીજી કૉલેજો જોડે રમતોની હરીફાઈમાં ઊતરે છે ખરી? અમારી કૉલેજોમાં ફૂટબૉલ, બાસ્કેટબૉલ, તરવાની, શરતી દોડ વગેરે રમતો હોય છે. તમારે ત્યાંના નિયમ–કાનૂનો તથા તમારે ત્યાંની પ્રવૃત્તિઓ વિષે લખી મોકલશો તો મહેરબાની.

અલબત્ત, એ તો કહેવાનું જ ન હોય કે તમારા સમાચાર બને તેટલા વહેલા જાણવા હું ઇંતેજાર છું.

તમારી મિત્ર
લીડિયા (Lydia)

પત્રમિત્રોને

આજના લડાઇના સંજોગોમાં પરદેશ સાથેનો ટપાલનો સંબંધ એટલો અસ્તવ્યસ્ત ને અનિશ્ચિત થઇ ગયો છે કે પરદેશના પત્રમિત્રો સાથેનો વ્યવહાર લગભગ અશકયવત્ થઈ ગયો છે. આ કારણથી 'કુમાર'માં આવતા ઘણા પત્રો એકાદ બે વરસ પહેલાંના હોય છે. એવા પત્રો પણ હવે અમને જૂજ મળતા હોવાથી આ વિભાગ નિયમિત આપી નથી શકાતો. પરદેશની ખાસ વિશિષ્ટ વાતો જણાવતા રસદાયક પત્રો એવા 'પત્રમિત્ર' વાચકો તરફથી જો નહિ મળતા રહે તો આ વિભાગ બંધ કરવો પડશે. પત્રો મોકલનારાઓએ ઉપરના ધોરણને લક્ષમાં રાખીને ખાસ ચૂંટેલા પત્રો જ મોકલવા, અને પોતે જ તેનો અનુવાદ કરી સાથે મૂળ કાગળ પણ મોકલવો.

નીચેના ભાઇઓને પરદેશના પત્રમિત્રોનાં સરનામાં જોઇએ છે. કોઇની પાસે વિશેષ અને નવીન હોય તે તેમને મોકલે: (૧) વિનોદરાય છોટાલાલ મોદી, દશા શ્રીમાળી બોર્ડિંગ, માજીરાજ વાડી પાસે ભાવનગર.—પહેલાં મલાયામાં હતા ત્યાંથી હમણાં દેશ આવ્યા છે. ઈંગ્લંડ–અમેરિકામાં તેમજ હિંદમાં પણ પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે; (૨) મહેન્દ્રકુમાર c/o મણિભાઇ પી. મહેતા, બડા બજાર. પાલણપુર; (૩) સુમંત શ્રી. મજમુદાર, c/o શ્રી જ. ન. મહેતા, મૅલેરિયા ઈન્સ્પેકટર, કલોલ, (ઉ. ગુજરાત).

સુધારો–'કુમાર'ના ગયા અંકમાં આવેલી 'ધી ઑફસ બૅંક ઑફ ઈન્ડિયા લિ.'ની જાહેરાતમાં બોર્ડ ઑફ ડીરેકટર્સમાં 'રાવસાહેબ છોટાલાલ એમ. કોઠારી'નું નામ શરતચૂકથી રહી ગયું છે તો તે સુધારીને વાંચવું.

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

આ સાંભળીને ચક્રધર કહે, 'મિત્ર, એ સાચું છે. અથવા આ ઠીક કહ્યું છે:

નથી જેને સ્વયં પ્રજ્ઞા ન કરે મિત્રનું કહ્યું।
મૃત્યુને પામતો તે તો જેમ મન્થર કૌલિક ॥'

સુવર્ણસિદ્ધિ કહે, એ કેમ. તે બોલ્યો:

કથા ૭

એક ઠેકાણે મન્થરક નામે વણકર રહેતો હતો. તે કદાચિત્ વણતો હતો ત્યાં સાળનાં લાકડાં ભાંગી ગયાં. એટલે કુહાડો લઈને એ વનમાં લાકડાં સારુ ગયો. ફરતો ફરતો એ સાગરતટે પહોંચ્યો. ત્યાં એણે શીશમનું ઝાડ જોયું, ને વિચાર કર્યો: 'આ ઝાડ મોટું છે. એને કાપવાથી પુષ્કળ લાકડું થઈ પડશે.' એમ કરીને એણે કુહાડો ઉગામ્યો ત્યાં એ ઝાડ ઉપર એક વ્યન્તર રહેતો હતો તે બોલ્યો: 'અરે, આ ઝાડ મને આશરો આપે છે એની રક્ષા કર. કેમકે હું અહિં મહાસુખમાં રહું છું અને સમુદ્રકલ્લોલના સ્પર્શથી શીતળ બનેલો વાયુ ખાઉં છું.' વણકર કહે, 'તું ઠીક કહે છે, પણ મારે કરવું કેમ? લાકડાની સામગ્રી વિના મારું કુટુમ્બ ભૂખે પીડાય છે, એટલે ઝટ બીજે જા. હું આને કાપીશ.' વ્યન્તર કહે, 'હું તારા ઉપર તુઠ્યો છું, એટલે તારે જોઇએ તે માગી લે, અને આ ઝાડને રહેવા દે.' વણકર કહે, 'એમ છે તો હું ઘેર જઇ મિત્ર તથા પત્નીને પૂછી આવું. પછી તારે દેવું.' વ્યન્તર કહે, ભલે.

વણકર હરખાતો હરખાતો ઘર ભણી વળ્યો, અને ગામમાં પ્રવેશ કરતો હતો ત્યાં એણે પોતાના મિત્ર વાળંદને જોયો, ને કહ્યું, 'મેં એક વ્યન્તરને સાધ્યો છે, એટલે કહે શું માગું. હું તને પૂછવા આવ્યો છું.' વાળંદ કહે, 'એમ હોય તો રાજ માગ, જેથી તું રાજા થા, ને હું તારો મન્ત્રી. બે ય ઇહલોકમાં સુખ ભોગવી પરલોકમાં આનંદ કરિએ. રાજા નિત્ય દાનપરાયણ રહી અહિં કીર્તિ મેળવે છે, અને દાનના પ્રભાવથી સ્વર્ગમાં દેવો સાથે સ્પર્ધા કરે છે.' વણકર કહે, 'એમ છે, તથાપિ પત્નીને પૂછું.' વાળંદ કહે, 'ભદ્ર, સ્ત્રીઓ સાથે મન્ત્રણા કરવી તે શાસ્ત્રવિરુદ્ધ છે, કેમકે એની મતિ અલ્પ હોય છે. ભાર્ગવ કહી ગયો છે કે જ્યાં સ્ત્રી કે બાળકનું શાસન ચાલે તે ઘરનો ક્ષય થાય છે. સ્ત્રીનું વચન પુરુષ એકાંતમા ન સાંભળે ત્યાં લગી એનું મુખ પ્રસન્ન રહે છે, ને ગુરુજન ઉપર ભાવ એને રહે છે.' વણકર કહે, 'તો પણ મારે એને પૂછવું છે, કેમકે તે પતિવ્રતા છે. બીજું એને પૂછ્યા વિના હું કાંઇ કરતો નથી.'

એમ કરીને એ ઘેર આવ્યો, ને બધી વાત કરી, તો સ્ત્રી કહે, 'નાપિતભાઇમાં બુદ્ધિ કેવી? એટલે એનું કહ્યું ન કરવું. વાળંદ સાથે મન્ત્ર ન કરવો એવી શાસ્ત્રની આજ્ઞા છે. વળી રાજ્ય એટલે ક્લેશની પરંપરા જ જોઈ લ્યો. રામે ને પાંડવોએ વનવાસ ભોગવ્યા. યાદવ નાશ પામ્યા, નળરાજા પદભ્રષ્ટ થયો, સહસ્રાર્જુન ને લંકાપતિ માર્યા ગયા, એ જોઇને કોઇએ રાજ્યની ઇચ્છા ન કરવી. જેને સારુ



આમ બે માથાં અને ચાર હાથ સોતો વણકર પ્રસન્ન થઈને ઘેર આવતો નિકળ્યો; પણ લોકોએ તો એને રાક્ષસ ધારીને લાકડી તથા પથ્થરો મારીને મારી નાખ્યો.

તો ભાઇ બાદનો ને પુત્ર પિતાનો વધ કરે છે એ રાજ્યથી દૂર જ માગવું.' વણકર કહે, 'સાચી વાત. તો કહે, કઈ વસ્તુની પ્રાર્થના કરવી.' તે બોલી, 'તુ નિત્ય એક કપડું વણે છે, તેનાથી બધો વરો નિકળી જાય છે. હવે તુ તારે સારુ બીજા બે હાથ ને બીજું માથું માગ, જેથી આગળથી ને પાછળથી એમ બે કપડાં વણાય. એકના મૂલમાંથી ઘરખરચ નિકળે, અને બીજાના મૂલથી વિશેષ પ્રસંગ કરશે. આમ સુખમાં કાળ જાય, નાતીલા આપણાં વખાણ કરે, અને બે ય લોક સુધરી જાય.' વણકર કહે, 'ભલે, પતિવ્રતે, ભલે. તેં યોગ્ય કહ્યું; એમ જ હું કરીશ એવો મારો નિશ્ચય છે.'

એટલે એણે વ્યન્તર આગળ જઇને યાચના કરી, કે 'મને મારું ઇષ્ટ દેનો હો તો બીજા બે હાથ ને માથું દે.' આમ બોલ્યો એવો જ એ બેમઃથાળો ને ચતુર્બાહુ થઈ ગયો. પછી પ્રસન્ન મનથી ઘેર આવતો હતો ત્યાં આ રાક્ષસ છે એમ કરીને લોકોએ એને લાકડી તથા પથરા માર્યા ને એ મરી ગયો. એટલે હું કહું છું: 'નથી જેને સ્વયં પ્રજ્ઞા' ઇતિ.

વળી ચક્રધર કહે, 'કોઈ પણ માણસ આશાપિશાચિકાનો વિશ્વાસ કરે છે તો ને હાસ્યપાત્ર થાય છે. અથવા કોઇએ આ ઠીક કહ્યું છે:

અનાગતવતી ચિન્તા અસંભાવ્ય જ જે કરે ।
થઈ ધોળો સુએ તે તો સોમશર્મપિતા યથા ॥

સુવર્ણસિદ્ધિ કહે, એ કેમ. તે બોલ્યો:

કથા ૮

એક નગરમાં સ્વભાવકૃપણ નામે વિદ્યાભ્યાસી બ્રાહ્મણપુત્ર રહેતો હતો. તે એક વણિકને ઘેર નિત્ય ભોજન કરતો, ને જે દી ત્યાં ન જમે તે દી એક માપ સત્તુ એને મળતા. આ સત્તુથી એણે એક ઘડો ભર્યો. ઘડાને ખીંટીએ લટકાવી એની નીચે ખાટલો નાખી ને સતત એકદ્રષ્ટિએ એના સામું જોયા કરતો.

એક દિવસે સૂતાં સૂતાં એણે વિચાર કર્યો: 'આ કલશ તો સત્તુથી પરિપૂર્ણ છે. આમે ય આજ ધાન્ય મોંઘું છે, તેમાં વળી દુકાળ પડે તો વળી વધારે મોંઘું થાય. એટલે વીસ રૂપિયાના સત્તુ છે તે વેચી બબ્બે રૂપિયાની દસ બકરી લઈશ. બકરી છ માસે પ્રસવે. ને એનં બચ્ચાં થાય એ પણ એ જ પ્રમાણે પ્રસવે. આમ પાંચ વર્ષે ૪૦૦ બકરાનું જૂથ થાય. ચાર બકરી સાટે સવત્સા બહુદૂધાળી ગાય મળે એમ કહે છે; એટલે બકરાં સાટે એક સો ગાયનું ધણ મારે થાય. ગાયોના વાછડાના બળદ બનાવી ખેતી કરી પુષ્કળ અનાજ પકવીશ. અનાજ વેચીને સોનું કરીશ, અને સાત ભોં વાળું ઘર ચણાવીશ, ને તેમાં દાસદાસી તથા ઘરવખરી વસાવીશ. મારી આ સંપત્તિ જોઈ કોઇ બ્રાહ્મણ એની તરુણ તથા રૂપવતી કન્યાને મારા વેરે પરણાવશે. એને પુત્ર અવતરશે, તેનું સોમશર્મા નામ પાડીશ. એ ભાંખોડિયાંભર ચાલતાં શીખશે ત્યારે હું પુસ્તક લઈને અશ્વશાળાના પૃષ્ઠદેશમાં બેઠો બેઠો વાંચીશ. મને જોઈને સોમશર્મા માના ખોળામાંથી નિકળી રીખતો રીખતો ઘોડાની ખરી આગળ થઈને મારી પાસે આવશે. હું કોપાયમાન થઈને બ્રાહ્મણીને કહીશ, છોકરાને લઈ લે. પણ એ ઘરકામમા વ્યગ્ર હશે અને મારું વચન નહિ સાંભળે. એટલે ઊઠીને હું એને પગનો પ્રહાર કરીશ.' આમ ધ્યાનમાં ને ધ્યાનમાં એણે પાટુ માર્યું એનાથી ઘડો ભાંગી ગયો, ને પોતે સત્તુ સત્તુ ભરાઈ રહ્યો. એટલે હું કહું છું; 'અનાગતની ચિન્તા' ઇતિ.

દેસાઇ વાલજી ગોવિન્દજી

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

લાયક ચિત્રોના અભાવે પહેલાં ત્રણે ઇનામો મોકૂફ. ઉત્તેજના ઇનામ: 'સહાય'–ચીમન મેવાડા (કલોલ); નોંધપાત્ર (ગુણ પ્રમાણે): (૧) 'તલ્લીન'–રજનીકાન્ત પટેલ–આણંદ; (૨) 'વર્ષા દર્શન'–હાસમ સુતાર–નડિયાદ; (૩) 'ખેતર ભણી'–રજનીકાન્ત પટેલ–આણંદ; (૪) 'શ્રમજીવીનું સવાર'–વાલેગ ધાધલ–મેંદરડા, કાઠિયાવાડ.

મોંઘવારી અને અછતની આજની કટોકટીને લીધે ઉમેદવારોની સંખ્યા માત્ર ગણત્રીની જ આવે છે અને હરીફાઇનું ધોરણ ઊતરતું રહે છે. છતાં આવા સંજોગોમાં પણ જેઓ પોતાના આ શોખ પાછળ મચ્યા રહ્યા છે તેઓ ધન્યવાદપાત્ર છે.

ભાઈ ચીમન મેવાડાના ચિત્ર 'સહાય'નો વાદળાંની બૅકગ્રાઉન્ડ આગળ લીધેલો વિષય આકર્ષક છે, પણ તીવ્ર ફોકસિંગની ખામી તેમજ પ્રિન્ટની નબળી ટેકનિકને લીધે ચિત્ર ઊતરતી પંક્તિનું બની જાય છે. વાદળાંના ધોળા ભાગ સામે મુખ્ય વસ્તુ ઉઠાવ પકડે છે અને ભાર ઉંચકી માથે ચઢાવતી બેબીનો શ્રમ તથા ગતિ પણ ઠીક લેવાયાં છે. ચિત્રના નીચેના ભાગ વધારે અસ્પષ્ટ છે, અને તે અરધો ઇંચ વધારવાની જરૂર છે. આવા વિષયના બે ત્રણ સ્નૅપ જુદાજુદા ઍન્ગલથી લીધા હોય તો જરૂર એકાદ સારું ચિત્ર નીકળી આવે.

ભાઇ રજનીકાન્ત પટેલના 'તલ્લીન'માં પ્રકાશનું ધોરણ સચવાયું નથી, તેમજ બૅકગ્રાઉન્ડ ખામીભરેલી છે. ચિત્રના મથાળાનો પોણા ઇંચ જેટલો ભાગ નકામો છે. દરેક ચિત્રમાં કૅમેરા નજીકનો ભાગ તીવ્ર ફોકસમાં હોવો જ જોઇએ, નહિ તો તે ખામી ગણાય. ભાઇ હાસમ સુતારના 'વર્ષાદર્શન'ના ચિત્ર પાછળ કોઈ હેતુ દેખાઈ આવતો નથી. ચિત્ર પાસે જોનારને માટે કંઈક રહસ્ય કે સંદેશ તો હોવો જોઇએ. ચિત્રના વચલા ભાગમાં આવતો લોખંડનો કઠેરો કઢંગીરીતે ચિત્રના બે ભાગ પાડે છે. અને પાત્રો કૅમેરાથી સભાન હોઇ ખાસ ગોઠવાઇને ઊભેલાં જણાય છે. બાકી, દૂરનો દેખાવ પ્રશંસાપાત્ર છે. આકાશનો ભાગ ઉપરથી ઊતરતાં થોડો ઘેરો ઝાંખો કરવાની જરૂર છે અને નીચેના ભાગમાંથી સવા ઇંચ કાપવાથી ચિત્ર વધુ ઠીક લાગેછે.

બી. બી. ફનીબંદા

પરિચય

'Camera in the Tropics' c/o The Illustrated Weekly of India, Bombay. વાર્ષિક લવાજમ રૂ. ૫; છુટક ૦–૮–૦. આ માસિક હિંદુસ્તાનના ફોટોગ્રાફિક અભ્યાસીઓ માટે જ પ્રકટ થાય છે અને અનુભવીઓના હાથે ઉપયોગી લેખો, સલાહો, પ્રશ્નસમાધાનો વગેરે તેમાં આવે છે. સુંદર ફોટોચિત્રો અને કરી શકાય તેવા નમૂનાઓ પણ ખૂબ આવે છે. ૨૪ પાનાંનું ખીચોખીચ ભરેલું. આર્ટ પેપર ઉપર છપાતું આ પત્ર મોંઘુ નથી.

'Swan Bulletin' જયેન્દ્ર બિલ્ડિંગ, ભદ્ર અમદાવાદ. એમેટર ફોટોગ્રાફરોની કળા વિકસાવવા શ્રી નવનીત શાહ D. P. E. D. તરફથી વિના મૂલ્યે નીકળતી આ પત્રિકા તુરતમાં જ શરૂ થઈ છે. અનુભવી ફોટોગ્રાફરોની કૃતિઓ પર વિવેચન અને ટૅકનીક [illegible] માહીતીઓ આપતી આ પત્રિકા દ્વિમાસિક હપતે પ્રકટ થશે અને દરેક વખતે ફોટોગ્રાફી હરીફાઈ ચાલુ રાખશે.

ભારતના ગાયનાચાર્ય વઝે બુવા (અનુસંધાન પૃ. ૧૪૨થી)

ગ્રામોફોને કેટલા યે ગાયકોની રેકૉર્ડો ઉતારી એમને અમર કર્યાં છે. કમનસીબે વઝેબુવા સાઠ વર્ષના થયા ત્યાં સુધી એમની એકે રેકૉર્ડ ઊતરી ન હતી! એટલે જુવાનીમાં તેઓ કેવું ગાતા એનો તો ખ્યાલ જ કરવો રહ્યો. આખરે બાપુરાવ પેંઢારકરના આગ્રહને વશ થઈ તેઓ રેકૉર્ડો ઉતરાવવા તૈયાર થયા. કોલંબિયા કંપનીએ એમની નવ રેકૉર્ડ બહાર પાડી છે. દરેક રેકૉર્ડમાંથી ગાયનના અભ્યાસીને ઘણું શીખવાનું મળશે. બધી યે રેકૉર્ડો સારી છે, તોપણ એમને પોતાને મિયા મલ્હાર અને તોડીની રેકૉર્ડ માટે પક્ષપાત હતો. રેડિયોમાં પણ તેઓ ગાતા, અને કોઈ પણ બીજા ગાયકને મળતું નહિ એટલું વેતન એમને મળતું.

છેલ્લાં બે એક વર્ષ તો વઝેબુવા એક જોવા જેવા અવશેષ જ રહ્યા હતા. તબિયત બગડી ગઈ હોવાથી ગાઈ શકતા નહોતા. છતાં કોઈવાર લોકોની વિનતિને માન આપી એમને દર્શન દઇ અર્ધો-એક કલાક ગાઈ જતા. ઘણી સંસ્થાઓ એમને બોલાવી એમનો સત્કાર કરતી, ત્યાં એમને જવું પડતું. પત્નીને લઈ કાશીયાત્રા પણ કરી આવેલા. પૂનામાં એમનો ઘણોખરો વખત માળા ફેરવવામાં જતો.

એક રીતે ગાયકો અને નટો બહુ કમનસીબ ગણાય છે. એમને જ્યાંસુધી લોકો જોઈ શકે, જ્યાંસુધી એમની હયાતી, ત્યાંસુધી જ એમની કીર્તિ. એમના મૃત્યુ પછી એમના શ્રેષ્ઠત્વનું ચિહ્ન સરખું યે રહેતું નથી. પણ આનંદની વાત છે કે વઝેબુવાની રેકૉર્ડો હજી વગાડી શકે છે. અને એમનું પુસ્તક તો એમનું ચિરકાલીન સ્મારક બનશે. પુસ્તકના બીજા ભાગમાં તેઓ લખે છે:

'મુઝે યહ વિદ્યા પ્રાપ્ત કરનેકો બહુત હી કષ્ટ ઉઠાને પડે. એકએક ચીઝ શીખનેકો અન્ય ગાયકોંકી સેવા કરની પડી! પરંતુ મૈં અભી નહિ ચાહતા કિ દૂસરોંકો ભી ઉસી તરહ કષ્ટ ઉઠાને પડે. જો કલા મૈં જાનતા હૂં વહ દૂસરોંકો સિખાનેમેં મૈં ઉસ કલાકી હી સેવા કર રહા હૂં, ઔર દૂસરા કોઇ ભી સ્વાર્થ ઇસમેં નહિ!'

ગાયકો પોતાની વિદ્યા બીજાને આપવાની બાબતમાં બહુ કૃપણ હોય છે. વઝેબુવા તેવા નહોતા અને તેથી જ એમના જવાથી ભારતવર્ષની ગાયનકલાને અપરંપાર હાનિ થઈ છે.

વસન્ત જોષી

સંસારનાં શહેરો


૪૩-વેલિંગ્ટન

ન્યૂ ઝીલાંડ જે ઉત્તર અને દક્ષિણ એવા બે ટાપુઓનો બનેલો છે તેમાંના ઉત્તર ટાપુના છેક નીચલા, બૂટની એડી જેવા છેડા પર તેની રાજધાનીની આ નગરી આવેલી છે. ન્યૂ ઝીલાંડના એ બે ટાપુઓને જુદા પાડતી કૂકની સામુદ્રધુનીના દક્ષિણ તરફના મુખ ઉપર પૉર્ટ નિકલ્સન નામનું એક બંદર છે, તેને આવરી લઇને જરા અંદર શકું, એક કુદરતી અર્ધચન્દ્રાકાર અખાત પર ઝૂમી રહેલી ટેકરીઓની વચ્ચે વસેલું. ન્યૂ ઝીલાંડનું આ પાટનગર એક વિશાળ અને સુંદર બંદરગાહ ધરાવે છે, અને અખાત પર તોળાઇ રહેલી ટેકરીઓ પર પથરાએલા તેના વિસ્તારનું દૃશ્ય અખાતમાંથી જોતાં ભવ્ય-મનોહર લાગે છે.


વેલિંગ્ટન આખું સીધી ટેકરીઓથી ઘેરાએલું હોવાથી તેને વિસ્તારવું મુશ્કેલ પડે છે. આથી, દરિયાકિનારા પર પુરાણ કરીને નવો 'રેક્લેમેશન' વિસ્તાર ઊભો કરવામાં આવે છે, જેના પર આજનો વ્યાપારી લત્તો ધમધમી રહ્યો છે. લોકોનો વસવાટ અંતરાળમાં ટેકરીઓ પર પથરાએલો છે.

આ શહેરનો ઇતિહાસ માત્ર ૧૦૦ વર્ષનો જ છે ઈ. ૧૮૪૦માં તેની સ્થાપના થઈ. ન્યૂ ઝીલાંડમાં વસવા આવનાર વસાહતીઓનું એ પહેલું થાણું હતું. જોકે ન્યૂ ઝીલાંડનું પાટનગર તો એ ઇ. ૧૮૬૫ માં થયું. ત્યાં સુધી રાજધાનીનું શહેર ઑકલૅન્ડ હતું, જે નગર આજે પણ આખા ન્યૂ ઝીલાંડમાં મોટામાં મોટું શહેર ગણાય છે અને ઉદ્યોગધંધા તથા બંદરી વેપારમાં વેલિંગ્ટનની સામે ભારોભાર ઊભું રહે છે. બે રેલવે લાઇનો વેલિંગ્ટનમાંથી ફૂટે છે, જેમાંથી એક ઉત્તરમાં એ ઑકલૅન્ડ તરફ અને બીજી, પૂર્વમાં આવેલા એટલા જ મહત્ત્વના ને મોટા, બીજા બંદરી નગર નેપીઅર તરફ જાય છે.

લાલ ઈંટની બાંધેલી વિક્ટોરિયા યુનિવર્સિટી કૉલેજ, ન્યૂ ઝીલાંડી આરસ અને ઈંટનું બાંધેલું પાર્લામેન્ટનું મકાન, નૅશનલ મ્યૂઝિયમ, ગવર્નમેન્ટ હાઉસ જ્યાં ન્યૂ ઝીલાંડનો ગવર્નર જનરલ રહે છે, અને સંખ્યાબંધ પાર્ક 'બાગ', એ વેલિંગ્ટનનાં શોભનસ્થાનો છે. લગભગ દોઢ-પોણા બે લાખની વસતિ ધરાવતું આ નગર સાબુ, મીણબત્તી, દોરડાં અને ઊની બનાવટના ઉદ્યોગો માટે પ્રખ્યાત છે.



ન્યૂ ઝીલાંડની રાજધાની વેલિંગ્ટનનું આજનું દૃશ્ય



આજથી સો વર્ષ પર ન્યૂ ઝીલાંડ સ્થપાયું ત્યારનું દૃશ્ય



માધુકરી

તું શન્યમાંથી જઇ શન્યમાં રહ્યો;
પરન્તુ જે માર્ગ શકી પળંતો
તે તો નથી શન્ય સમાન ભાસતો.
આમંત્રતા ઉન્નત આંહીં શિખરો,
ને તારી પાસે પુરુષાર્થ પાંખો.
તૂટી જતાં કલ્પનના મહાલયો
ને અફૂપા હોય જરૂરિયાતો–
તણી, તદા ના બનતો નિરાશ:

એ કલ્પવા કારણ આજ તો પ્રિય
તું બુદ્ધિનો કૈં કરી ઉપહાસ
અશબ્દ થૈને કરી લે હળુ સ્મિત.
હા શન્ય તો છે જ નહી, ત્વદર્થે
પ્રવાસ જો ! કિંતુ ન થાય નિષ્ફળ.

—ભગીરથ મહેતા

'ઈહા'—હિંદનો મહાન નિસર્ગશાસ્ત્રી

સઘળાં પુસ્તકોમાં પોતાને 'ઈહા' નામે ઓળખાવતો હિંદનો સર્વશ્રેષ્ઠ નિસર્ગશાસ્ત્રી એડવર્ડ હૅમિલ્ટન ઍટકન (એ શબ્દોનો પહેલો અક્ષર મળીને 'ઈહા'-EHA-થાય છે) આજથી નેવું વર્ષ પહેલાં હિંદમાં જન્મેલો અને હિંદમાં જ એની જિંદગીનો વિશેષ ભાગ વીતેલો. એની જ્વલંત વિદ્યાર્થી કારકીર્દિ પછી સિવિલ સર્વિસનું જીવન તેને માટે શરૂ થયું. એક રીતે એ જીવનનો આભાર પણ માનવો જોઇએ, કારણ એને લઇને જ ઈહા જેવો સમર્થ નિસર્ગશાસ્ત્રી આપણને મળી શક્યો. પંચાવનની વયે નિવૃત્ત થઇને એ એડીનબરોમાં જઇ વસ્યો, પણ ત્યાંના હવામાને તેનું મોત ઝડપી બનાવ્યું.

આમ છતાં એ પોતાનો અવિસ્મરણીય વારસો આપતો ગયો છે. ઉપરથી શુષ્ક દેખાતા એ જીવનને તળિયે રસનો જે અંત:પ્રવાહ વહેતો રહ્યો હતો એ તેનાં અરધો ડઝન પુસ્તકોમાં ઝીલાયો છે. એ પુસ્તકો છે: 'Tribes on My Frontier', 'A Naturalist on the Prowl', 'The Common Birds of Bombay', (ઈહાના કહેવા પ્રમાણે મુંબાઈનાં પક્ષીઓ એ જ હિંદનાં પણ સામાન્ય પક્ષીઓ છે) 'Behind the Bungalow,' 'The Fine windows of the Soul,' અને 'Concerning Animals and Matters.'

હડસને એજ વિષય ઉપર પ્રોત્સાહપૂર્ણ અને અલંકારયુક્ત શૈલીએ લખેલું છે, ગિલબર્ટ વ્હાઇટે ભાષાગૌરવને બહેલાવ્યું છે, પણ એ બેમાંથી એકે ઈહાને પહોંચી શકે તેમ નથી. વડના ઝાડ માટે એક સ્થળે એણે લખ્યું છે, 'પોતાની શાખા ઓમાંથી એણે જમીનમાં મૂળ પહોંચાડ્યાં અને પછી વૃદ્ધ વયે એ તેનાં ઓઠીંગણાં બની રહ્યાં.' બધા કલાકારોની માફક પોતાનું વક્તવ્ય વધુ સચોટ બનાવવા માટે ઇહાએ કલ્પનાનો આશ્રય લીધો છે. ગીધનું બયાન વાંચો કે બગલાનું, પણ ઈહાની સ્પષ્ટ છાપ તે પર પડેલી હશે. એની નાનારંગી શૈલી એનાં સઘળાં વર્ણનોને અવિસ્મરણીય બનાવી રહે છે.

પક્ષીઓનો એનો અભ્યાસ તથા પરિચય તલસ્પર્શી હતાં, એનો અર્થ એ નથી કે હિંદના પ્રાકૃતિક ઇતિહાસની બીજી બાજુઓથી એ અપરિચિત હતો. એની સૂક્ષ્મદૃષ્ટિમાંથી પ્રકૃતિનું કોઈ અંગ છટકી નથી શક્યું. એણે કરચલાં પર લખ્યું છે અને પતંગિયાં પર લખ્યું છે, માંકડ પર લખ્યું છે અને કરોળિયા પર લખ્યું છે, સાપ અને કીડાથી માંડી હાઇપોડર્મેટિકોસીરિંગોફોહાઇ (ઈહારિયન શબ્દ !) પર લખ્યું છે. એની જ નજરે પહેલું એ સત્ય ઉકેલ્યું છે કે મુંબાઈમાં થતી 'Eruploea Core' નામનાં પતંગિયાંની પધરામણી વર્ષાની સૂચક હતી. એની અન્વેષક દૃષ્ટિનો ખ્યાલ આવા ફકરાઓ પરથી મળી રહે છે કે, 'નાનપણમાં મેં મેળવેલા અનુભવ પરથી હું જાણું છું કે ઇયળ હમેશાં પાંદડાંના 'છેડા' ગોળાકારે કોરે છે, જ્યારે વંદા તેની 'વચ્ચે' કાણાં પાડે છે અને એક પ્રકારની મધમાખી આખા પાંદડામાંથી સ્પષ્ટ અર્ધવર્તુલો કોરી પાડે છે.' નવાઈની વાત એ છે કે માનવજાત (Genus Homs) પણ આ વિચક્ષણ નિસર્ગશાસ્ત્રીની નજરથી છટકી જવા નથી પામી.

આજે યુદ્ધને અંગે અનેક પરદેશીઓ ખુશી-નાખુશીએ હિંદની આ અજાણી અને આશ્ચર્યપ્રેરક ભૂમિ પર આવી લાગ્યા છે. ત્યાર પહેલાં પણ છૂટાછવાયા અનેક આવી ગએલા છે. પરંતુ હિંદ વિષેની અતિશયોક્તિઓ સિવાય તેની પ્રકૃતિનો અને પ્રાકૃતિક ઇતિહાસનો પ્રાથમિક પરિચય પણ આપવાની બહુ ઓછાએ તસ્દી લીધી છે. પરંતુ એવાઓને દોષ આપવા પહેલાં આપણો પોતાનો પ્રમાદ આવા વિષયોમાં ક્યાં ઓછો છે? ઇંગ્લંડમાં પક્ષીઓની જુદીજુદી પાંચસો જાતો થાય છે, અને એમાંની પ્રત્યેક વિષે અભ્યાસપૂર્ણ લખાણો મળી આવે છે. હિંદમાં ઓછામાં ઓછી બે હજાર જાતો થાય છે, છતાં એમાંની એકેને પોતાનો જીવનભરનો અભ્યાસ બનાવનાર હિંદી પ્રતિભા ક્યાં?

'પ્રકર્ષ'

બેલજિયન કૉંગો

ખુદ બેલજિયમ કરતાં આફ્રિકાની વચ્ચોવચ આવેલું તેનું કૉંગો સંસ્થાન એંશીગણું મોટું છે અને નવેક લાખ ચોરસ માઇલનો વિશાળ પ્રદેશ તે ધરાવે છે. એટલા વિસ્તારના પ્રદેશના પ્રમાણમાં તેની નૈસર્ગિક સમૃદ્ધિ પણ ઓછી ઊતરે તેમ નથી. રેડિયમ, કોબાલ્ટ તથા હીરાઓનો તે દુનિયાના સૌથી જબરા ઉત્પાદક દેશ છે. સોના તથા કલાઇનું તેનું ઉત્પાદન પણ દુનિયાના સૌથી જબરા ઉત્પાદક દેશોની

હારમાં ઊભું રહે છે. પામ ઑઈલ તથા ત્રાંબાના ઉત્પાદનમાં તો તે જગતમાં બીજા નંબરે આવે છે. એ ઉપરાંત મૅંગેનીઝ, જસત, કૅડમિયમ, કોલસો, કપાસ, કોપરૂં, કૉફી, કોકો, શણુ, શેરડી અને તલનું પણ તેનું ઉત્પાદન જબરૂં હોઇને યુક્ત રાષ્ટ્રોના યુદ્ધપ્રયાસમાં એનો સારો જેવો હિસ્સો રહેલો છે.

બેલ્જિયન કૉંગોમાં ર૭૫૦ લાખથી ૩૭૫૦ લાખ એકર તો માત્ર જંગલનો જ પ્રદેશ છે, જેમાંથી વિવિધ પ્રકારનાં લાકડાં મળી આવે છે. ૩૫૦૦ માઇલના તેના રેલમાર્ગો છે અને નદીઓના લગભગ ૨૧૦૦૦ માઈલ પર જળવહેવાર ચાલી શકે છે. બધી મળીને ૪૫,૦૦૦ માઈલ જેટલી પાકી સડકો છે. જુદા જુદા આફ્રિકન દેશો સાથે તેનો વિમાન-વહેવાર જોડાએલો છે અને એના આંતરપ્રદેશમાં પણ ૧૦,૦૦૦ માઇલ સુધી વિમાની વહેવાર ચાલે છે. ઇ. ૧૯૪૧ ના ડીસેમ્બરમાં તેની અને યુનાઇટેડ સ્ટેટ્સની વચ્ચે ક્લિપર સર્વિસ (જહાજી વહેવાર)-૮,૯૬૦ માઈલનો-ખોલવામાં આવ્યો છે. ટેલીગ્રાફ અને ટેલીફોન સર્વિસ ઉપરાંત રાજધાની લીઓપોલ્ડવિલા મુકામે એક મહત્ત્વની વાયરલેસ સિસ્ટમ પણ કામ કરી રહેલી છે.

લગભગ એક લાખ જેટલું સૈન્ય પણ તે ધરાવે છે, જે બેલ્જિયન અફસરો નીચે કામ કરે છે. ઈ. ૧૯૪૧માં દક્ષિણ ઍબીસીનિયાનાં ઈટાલિયન સંરક્ષણો પર હલ્લો કરવામાં ભાગ ભજવીને આ લશ્કરે આસોસ, ગૅમ્બેલા તથા સાયો હાથ કરેલાં અને નવ ઈટાલિયન સેનાપતિઓ, ૩૭૦ અફસરો તથા ૧૫૦૦૦ સૈનિકો કેદ પકડેલા.



(ઉપર) બેલ્જિયન કૉંગોનો પ્રદેશ ને જેના પરથી તેનું નામ પડયું તે આફ્રિકાની મહાન કૉંગો નદી. દક્ષિણે આવેલા ઉત્તર હોડેશિયા પ્રાંતમાંથી નીકળી, ઉત્તર તરફ ચડીને પશ્ચિમે આવેલા આટલાંટિક મહાસાગરને મળતી આ નદી અને તેની સંખ્યાબંધ શાખાઓ તેર લાખ ચોરસ માઇલના એટલા મોટા પ્રદેશને પરિપ્લાવિત કરે છે કે એ બાબતમાં તે દુનિયા આખીમાં ઍમૅઝૉન પછી બીજા નંબરે આવે છે. ૩૦૦૦ માઇલની તેની લંબાઇમાંથી ૧૫૦૦ માઇલ સુધી તો તેમાં વહાણો હંકારી શકાય એવડી તે જબ્બર છે.

આફ્રિકાને બરોબર મધ્યભાગે તે આવેલું હોવાથી કૉંગો નદીના મુખ આગળનો માત્ર થોડા જ માઈલનો દરિયાકિનારો તેને મળે છે. વિષુવવૃત્તની બંને બાજુએ તે વિસ્તરેલું હોવાથી તેનું હવામાન ઉષ્ણ છે.

પહેલાં આ પ્રદેશ કૉંગો ફ્રી સ્ટેટને નામે ઓળખાતો. બેલ્જિયમના રાજા લિયોપોલ્ડ બીજાએ તેની ઇ. ૧૮૮૫માં સ્થાપના કરી અને પોતાની અંગત મિલ્કત તરીકે તે તેનો વહીવટ કરતો. પણ ઈ. ૧૯૦૮ માં તે બેલ્જિયન પાર્લામેન્ટને સોંપી દેવામાં આવ્યો અને ત્યારથી તેનું નામ બેલ્જિયન કૉંગો પડયું. ગયા મહાયુદ્ધ પછી લીગ ઑવ નેશન્સના મૅન્ડેટ અનુસાર જર્મન ઈસ્ટ આફ્રિકાના રૂઆન્ડા અને ઉરૂન્ડીપ્રાંતો પણ તેમાં જોડી દેવામાં આવ્યા. તેની ૯,૧૦,૦૦૦ ચોરસ માઈલની ધરતી ઉપર આશરે એક કરોડ ઉપરાંતની વસતિ છે. —અ.

અમારી 'શરમ'!

૧૯૪૨ના ડીસેમ્બરમાં કલકત્તાના બૉમ્બમારા વખતે ભંગીઓની પણ હડતાલ હતી અને શહેરના રાજમાર્ગો પર સાત આઠ દહાડાના કચરાના ઢગલાઓ ખડકાઇ રહ્યા હતા. રોગચાળો ફાટી નીકળવાની ધાસ્તી હતી. મેયરે કલકત્તાના નવયુવાનોને જાહેર તંદુરસ્તી ખાતર હળીમળીનેકચરાના ઢગલાઓ સાફ કરવા હાકલ કરી.

અમે લોઅર ચીતપુર રોડ પર રહેતા હતા. ત્રણચાર દહાડા સુધી અમારા લત્તામાંથી ગંદકી દૂર કરવાને કોઈ યુવાનો ન નીકળ્યા. ઢગલાઓ વધતા ચાલ્યા. અમારા મકાનમાં આઠ દસ યુવાનો હતા, પરંતુ આવું કામ કરવામાં અમને 'શરમ' લાગતી હતી.

તા. ૨૪ મી ડીસેમ્બરની રાત્રે "ઑલ ક્લીઅર" પછી અમે નીચે રસ્તાઓ પર નજર કરી.

આજુબાજુમાં રહેતા ચીની યુવાનો રસ્તાઓ પરથી કચરાના ટોપલાઓ સારી રહ્યા હતા અને પાણીથી ધોઈને રાજમાર્ગોને સ્વચ્છ અને ચકચકિત બનાવતા હતા. ખુદ અમારા મકાન પાસે જ અમારા પાડોશી ચીનાઓને રાત્રીના તનતોડ મહેનત કરતા જોઈ અમને 'શરમ' આવી. પરંતુ આ અમારી સાચી "શરમ" હતી.

અમે પાંચસાત યુવાનો ઝપાટાબંધ નીચે ઊતર્યા અને સાફસુફીમાં લાગી ગયા. અમને જોઇ આજુબાજુમાંથી પણ કેટલાક યુવાનો આવી પહોંચ્યા. અમારૂં કામ ઝપાટાબંધ ખતમ થયું.

મને સમજાયું કે સ્વાતંત્ર્યપ્રેમી ચીની પ્રજા પાસેથી આપણે ઘણું શીખવાનું છે. —દ્વારકાદાસ બારાઈ

યુદ્ધ પ્રયાસની ટિકિટોમાં યુદ્ધકાળની કરકસર

યુદ્ધ પ્રયાસની ટિકિટોમાં યુદ્ધકાળની કરકસર દર્શાવતી ટિકિટોનો જે સમૂહ આ અંકના મુખચિત્ર પાછળ આપ્યો છે. તેમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બે વિશિષ્ટતા છે, એક એ કે યુદ્ધકાળને લીધે બધે અમલમાં મૂકવામાં આવતી કરકસરને દક્ષિણ આફ્રિકાની સરકારે ટપાલની ટિકિટોની બાબતમાં પણ અમલમાં મૂકી છે, અને અગાઉના કરતાં અરધા કદની ટિકિટો બહાર પાડી છે. ટિકિટોની રચનામાં એ એક નવીન, આશ્ચર્યકારક અને વિશિષ્ટ પ્રસંગ છે, તેથી એવી નાની ટિકિટો ખાસ સંગ્રહપાત્ર ગણાઈ છે, અને ઘણા ટિકિટ શોખીનો તેનો સંગ્રહ કરે છે. આ અંકની ચિત્રપ્લેટ ઉપર આપેલા સંગ્રહમાં યુદ્ધપ્રયાસની મૂળ સાત ટિકિટો, અને તે જ છાપની નાની કાઢેલી છ ટિકિટોના નમૂના દર્શાવ્યા છે. દક્ષિણ આફ્રિકાની ટિકિટોની બીજી વિશેષતા ત્યાંની ટિકિટો બે ભાષામાં કાઢવાની છે. તે દર્શાવવા પહેલી હારમાં દરેકના બબ્બે નમૂના આપ્યા છે.

(શ્રી હરિલાલ બૅંકરનો સંગ્રહ)

આ માસ ઈતિહાસમાં

જૂન

હાલની વર્ષગણનામાં છઠ્ઠો, અને ૩૦ દિવસ ધરાવતો આ મહીનો, જુલિયસ સીઝરે રોમન કૅલેન્ડરમાં ફેરફાર કર્યો તે પહેલાં ૨૯ દિવસનો હતો અને તેનો ક્રમ ચોથો હતો. સીઝરે તેમાં એક દિવસ ઉમેર્યો. તેનું નામ રોમન દેવરાણી જૂનોના નામ પરથી પડ્યું હોવાનું મનાય છે. રોમન સમયમાં એ દેવી સ્ત્રીજાતિ સમસ્તની અધિષ્ઠાત્રી દેવી ગણાતી અને લગ્ન, બાળકજન્મ, આદિ જીવનના અગત્યના પ્રસંગોએ સ્ત્રીઓ તેની ઉપાસના કરતી. એના ચિહ્નરૂપે પશ્ચિમમાં આજે પણ જૂન મહીનો 'લગ્ન-માસ' તરીકે ગણાય છે.

તા. ૪ જર્મનીના માજી કયસર વિલ્હેલ્મનું હૉલાંડમાં ડૂર્ન ખાતે અવસાન, ઈ. ૧૯૪૧.

તા. ૧૦ 'કેકારવ' નામથી ગુજરાતી સાહિત્યમાં જાણીતી કાવ્યકૃતિઓના કવિ 'કલાપી' —લાઠીના ઠાકોરસાહેબ સૂરસિંહજીનું અવસાન, ઇ. ૧૯૦૦.

તા. ૧૩ અહમદનગરના રાજ્યને બ્રિટિશ પ્રદેશ સાથે જોડી દેવામાં આવ્યું, ઇ. ૧૮૧૭.

તા. ૧૬ હોમરૂલ લીગની ચળવળ માટે ઍની બેસંટને કેદ કરવામાં આવ્યાં, ઈ. ૧૯૧૭.

તા. ૨૨ ઇટાલિયન લેખક અને મુત્સદ્દી નિકોલો મશિયાવેલીનો જન્મ, ઇ. ૧૪૬૯. (The Prince નામનો, રાજનીતિ ઉપરનો એનો ગ્રંથ અમૂલ્ય ગણાય છે; તેમાં રાજનીતિના ટકાવ માટે કોઈપણ ધોરણ નીતિમાન કે અનીતિમાન નથી એવું એણે પ્રતિપાદિત કર્યું છે.)

તા. ૨૪ 'ન્યૂ ફાઉન્ડલૅન્ડ'(જેના નામમાં જ તેનો અર્થ આવી જાય છે તે) ઉત્તર અમેરિકાના ટાપુની સૌ પહેલી શોધ જૉન કૅબટે કરી ઇ. ૧૪૯૭.

તા. ૩૦ હિંદના દાદાનું બિરુદ પામનાર આપણા વયોવૃદ્ધ અને અગ્રજ દેશનાયક દાદાભાઈ નવરોજીનું અવસાન, ઇ. ૧૯૧૭.

આ માસની વ્યક્તિ વિશેષ

જિસેપ મૅઝિની



જીવનભર ઈટાલીની મુક્તિ માટે ઝંખનાર, અનેક નિષ્ફળતાઓ છતાં મથી રહેનાર અને લગભગ અરધી જિંદગી જેલ અને દેશવટામાં ગાળનાર આ ઈટાલિયન દેશભક્ત મૂળે તો પ્રતિભાશાળી લેખક. એનો જન્મ જીનોઆ મુકામે ઈ. ૧૮૦૫ના જૂનની ૨૨ માએ થયો. શરીરે એ નાનપણથી બહુ જ માંદલો રહેતો, પણ બુદ્ધિએ અસાધારણ બળિયો થયો, અને ઘણી કાચી વયે યુનિવર્સિટીનો અભ્યાસ પાર કરી કાયદાનો ગ્રૅજ્યુએટ થયો. અભ્યાસકાળમાં પણ પોતાના ઉચ્ચ ચારિત્ર્યથી વિદ્યાર્થીઓમાં તે પ્રેમ ને આદરને પાત્ર થએલો.

એનું સ્વાભાવિક વલણ તો સાહિત્ય તરફ હતું, અને તેણે લખ્યું પણ પુષ્કળ છે; પરંતુ પોતાની માતૃભૂમિ ઈટાલીની છિન્નભિન્ન અને પરતંત્ર દશાએ તેના હૃદયને બેચેન બનાવી મૂક્યું અને સાહિત્યિક મહત્ત્વાકાંક્ષાઓને બાજુએ હડસેલી તેણે પોતાની કલમની બધી તેજસ્વિતા પ્રજાકીય મુક્તિની માગણી કરતાં ક્રાંતિકારી લખાણો તરફ વાળી. ૧૮૩૦ ની ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ પછી તે 'કાર્બોનારી' (ઈટાલીઅન શબ્દ—જેનો મૂળ અર્થ કોલસા બાળનારા)નામના રાજકીય ક્રાંતિકારીઓના છુપા મંડળમાં જોડાયો. એ હકીકત ફૂટી જતાં ઇટાલિયન સરકારે તેને પકડી સાવોનાના કિલ્લામાં કેદ રાખ્યો, પણ તેની સામે કેસ સાબિત ન થઈ શકવાથી તેને દેશનિકાલ કર્યો, અને તે ફ્રાન્સમાં માર્સેલ્સ જઈને રહ્યો.

ત્યાં રહેરહે તેણે સાવોનાના કારાગારમાં ચિંતવી રાખેલી, અને યુરોપભરમાં પ્રખ્યાત થઈ પડેલી 'યંગ ઇટલી'(તરુણ ઇટલી)નામના મંડળની યોજના પગભર કરી, જેમાં પરતંત્ર અને પાંગળા ઇટલીના નવવિધાન માટે લોકજાગૃતિ, ગેરિલા આક્રમણો અને બળવાની ભૂમિકા તૈયાર કરવાના કાર્યક્રમો હતા. તેની આ પ્રવૃત્તિથી ભડકીને ફ્રેન્ચ રાજસત્તાએ તેને ૧૮૩૨માં રૂખસદ આપી, એટલે તે સ્વિટ્ઝર્લૅંડ ગયો અને ત્યાં જીનીવામાં પાંચ વર્ષ રહી ૧૮૩૭માં લંડન ગયો, જ્યાં તેને ઘણા મિત્રો મળી આવ્યા. પણ અહીં તેને પોતાની યોજના ચલાવતાં ચલાવતાં ગરીબી સામે કપરું યુદ્ધ ખેડવું પડેલું અને અંગ્રેજી માસિકોમાં લખાણો અને અવલોકનો લખીને નિર્વાહ કરવો પડતો. તેમાં બધાં લખાણોમાં શ્રેષ્ઠ મનાતા 'ધ ડયૂટીઝ ઑવ મૅન' (માનવધર્મ)ના વિખ્યાત નિબંધો તેણે આ કાળે જ લખેલા.

એવામાં ૧૮૪૮માં ઈટલીમાં બળવાની તૈયારીઓ થઈ ચૂકી એટલે તે ત્યાં ગયો, પણ બળવો નિષ્ફળ ગયો. મૅઝિની ત્યાંથી નાસી સ્વિટ્ઝર્લૅંડ થઇ ઇંગ્લંડ ગયો. આ પછી ૧૮૫૨ નો માન્ટુઆનો અને ૧૮૫૩નો મિલાનનો બંને બળવા તેણે યોજ્યા તે નિષ્ફળ ગયા, અને એમ છેક જીવનના અંત (૧૮૭૨) સુધી એવી યોજનાઓમાં જ તે મથતો રહ્યો. કાવૂર અને ગેરીબાલ્ડીના ૧૮૫૯–૬૦ના પ્રયત્નોમાં પણ તેનો જ દોરીસંચાર હતો. અને તેને ગુરુ તરીકે પૂજતા ગૅરિબાલ્ડીએ અંતે ઈટાલીનું સફળ સંગઠન કર્યું એ સંતોષ એને જીવનના અંતકાળે મળ્યો.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેણે ખેડૂતો અને કામગારોના સંગઠનના પ્રયત્નો પણ કરેલા અને માર્કસ તથા બાકુનિનના સંસર્ગમાં પણ તે આવેલો. ૧૮૬૦ના બળવામાં ભાગ લેવા માટે તેને માથે લાંબો વખત ઝઝૂમી રહેલી દેહાંત દંડની સજા છેવટે પાછી ખેંચી લેવાઇ અને તેને અંતિમ દિવસો માતૃભૂમિને ખોળે ગાળવાના મળ્યા, જ્યાં, ઇ.૧૮૭૨ના માર્ચની ૧૦મીએ પીસા મુકામે એનું અવસાન થયું.

વિકસતું વિજ્ઞાન

આજકાલ અમેરિકામાં મધમાખીઓ યુદ્ધજરૂરિયાતમાં મહત્ત્વનો ફાળો આપી રહી છે, પરંતુ એ કામ તેમના મધથી નહિ પણ મીણથી નીકળી રહ્યું છે, જે ચારસોથી પણ વધારે ઔદ્યોગિક ચીજોમાં વપરાય છે. એ ચીજોમાં દવાઓ, શસ્ત્રો, દારૂગોળો અને લડાયક વિમાનો બધાંનો સમાવેશ થાય છે. અમેરિકાના મધમાખીઓ પાળનારાઓએ ગત વર્ષ (૧૯૪૨) માં ૩૩,૮૦,૦૦૦ રતલ મીણનો ફાળો આપ્યો છે, જે અમેરિકાના ઇતિહાસમાં એક વર્ષમાં થએલા જથ્થા તરીકે અપૂર્વ ગણાયો છે.

~

યુદ્ધના કારણે એક નવીન આશ્ચર્યકારક રેડિયો સેટ બનાવવામાં આવ્યો છે, જે એટલો નાનો છે કે સહેલાઇથી માણસના ગળામાં કે સૈનિકની પીઠ ઉપર બાંધી શકાય છે. એ સેટ સંદેશો મોકલવાનું તેમજ લેવાનું બંને કામ કરે છે. આ સેટની ખાસ વિશેષતા એ છે કે લશ્કરી જાસૂસો કોઈ મહત્ત્વની વાત જુએ કે સાંભળે છે તો તે મોઢેથી બોલીને નહિ પણ કેવળ હોઠ ફફડાવીને જ સંદેશો મોકલી શકે છે. તેનું યંત્રકામ એટલું નાજુક છે કે એ ફફડાટ મોઢેથી વાચાના રૂપમાં હેડ ક્વાર્ટર્સને સંભળાય છે.

—ઈ. સ. દે.

ઉગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે,
નહીં કૂળથી, કિંતુ મૂલ્ય મુલવાય ગુણો વડે.

—રમણલાલ સોની—

અહમદશાહ અબ્દલ્લીએ ૧૭૫૨ની ત્રીજી ચડાઇ વેળા લાહોર જીત્યું તે વખતે મૂઈન-ઉલ-મુલ્ક ત્યાંનો સુબો હતો. શરણાગતીની શરતો નક્કી કરવા તેને અબ્દલ્લીએ બોલાવ્યો ત્યારે તે માત્ર ત્રણ જ અંગરક્ષકો લઇને ગયો. અબ્દલ્લીએ તેને પૂછ્યું: 'તું જીત્યો હોત તો મારૂં શું કરત ?' મૂઇને નિશ્ચયભર્યો જવાબ આપ્યો: 'તારૂં માથું કાપીને મારા શહેનશાહને દિલ્હી મોકલી મારી ફરજ અદા કરત.' અબ્દલ્લીએ ફરી પૂછ્યું: 'અને આટલી આટલી ખુવારી કરાવ્યા બાદ તું જીતાયો છે, તો મારે હવે તારૂં શું કરવું ?' એ હારેલા સૂબાએ હિંમતભેર જવાબ દીધો: 'જો તું વેપારી હો તો મને ગુલામ તરીકે વેચીને સારા પૈસા ઘડી લે, જો તું ખૂની કસાઇ હો તો મને મારી નાખ, અને જો ખરો બાદશાહ હો તો તારો અનુગ્રહ બક્ષીને મને મુક્ત કર.' આ ચતુર ને નીડર જવાબથી એ અફઘાન રાજા એટલો તો ખુશ થયો કે 'મારા બેટા' કહેતો તે મૂઈનને ભેટી પડ્યો અને પોતાના તરફના શ્રેષ્ઠ માન તરીકે પોતાની પાઘડી ઉતારીને તેને માથે પહેરાવી દીધી.

અનેકાર્થી શબ્દ: **ઝોક**=ઝૂકેલી ચીજનો વળાંક; ઘેટાં-બકરાંનો સમૂહ કે વાડો; આંખમાં ઝપટવાગવી તે; નુકસાન; ગણિતની પરિભાષામાં 'ઈન્કલીનેશન'-સુરેખાનો ઢોળાવ.

ગણિતગમ્મત

$૧^૨ + (૨^૨+૧^૨) - ૧ = (૫)$

$૨^૨ + (૩^૨+૨^૨) - ૨ = (૫×૩) + ૦$

$૩^૨ + (૪^૨+૩^૨) - ૩ = (૧૦×૩) + ૧$

$૪^૨ + (૫^૨+૪^૨) - ૪ = (૧૦×૫+)\ ૩$

$૫^૨ + (૬^૨+૫^૨) - ૫ = (૧૫×૫) + ૬$

$૬^૨ + (૭^૨+૬^૨) - ૬ = (૧૫×૬) + ૧૦$

$૭^૨ + (૮^૨+૭^૨) - ૭ = (૨૦×૭) + ૧૫$

$૮^૨ + (૯^૨+૮^૨) - ૮ = (૨૦×૯) + ૨૧$

$૯^૨ + (૧૦^૨+૯^૨) - ૯ = (૨૫×૯) + ૨૧$

$૧૦^૨ + (૧૧^૨+૧૦^૨) - ૧૦ = (૨૫×૧૧) + ૩૬$

અને એ મુજબ આગળ (કા. ગ. જોષી)



ગરમ મફલર અને ગરમ ટોપી પહેરેલા આ ખુશનુમા બિરાદરને ઉલટાવો તો એક રડતી સૂરત દેખા દેશે.

સ્ત્રી કરતાં પુરુષની ઘ્રાણશક્તિ તીવ્ર હોય છે.


આ અંકમાંના 'પેંગ્વિન' વાળા લેખમાં ઉમેરવાની એક વિગત: કેપ ઑવ ગુડ હોપ પાસે 'જધા પેંગ્વિન' (જૅક ઍસ–પેંગ્વિન) નામની એ પંખીની જાત થાય છે તે ગધેડાની માફક ભૂંકે છે!



ખોટી વાત: આકાશમાંથી પડતો બરફ ધોળો દેખાય છે ખરો, પણ ખરી રીતે પાણીની માફક તેને કોઈ રંગ હોતો નથી.

કહેવતો કેમ પડી: 'આધી જાર મિયાંભાઈ કી' અથવા 'મિયાંભાઈકા આધા દાણાં'. ગોટાળા દર્શાવવા માટે વપરાતી, અથવા ભવિષ્યનો વિચાર કર્યા વિના ટૂંકું અને સ્પષ્ટતા વિનાનું લખાણ કરીને કબૂલત આપવા સામે ચેતવતી, આ કહેવત પાછળ વાત છે કે, એક વાણીઓ દુકાળ માટે ખાણમાં જાર ભરીને, ખાણ બંધ કરતી વખતે તેમાંની જારના હિસાબનો કાગળ મૂકવાસારૂ લખાણ કરતો હતો. તે વેળા ગામનો કોટવાળ ત્યાં થઇને નીકળ્યો. તેણે મુત્સદીગીરીથી જારનો એક દાણો લઈ તેને અરધો ભાંગીને ખાણમાં નાખ્યો ને વાણીઆને કહ્યુ કે મેં પણ આ ખાણમાં અરધો દાણો નાખ્યો છે એમ એ કાગળમાં લખી લે. વાણીઆએ રકઝક કરી કે એમ અરધો દાણો તે ખાણમાં નખાતો હશે ? એ કામનો શો? પણ કોટવાળે કહ્યું કે તારી માફક સૌની પાસે કાંઈ વધારે દાણો હોય ? મને મળ્યું તે મેં નાખ્યું. એ લખવામાં તારૂં શું જાય ? છેવટે ફોજદારના દબાણને વશ થઇ, તેનું મન મનાવવા, વાણીઆએ લાંબો વિચાર કર્યા વિના તેના કહેવા પ્રમાણે 'આધી જાર મિયાંભાઇ કી' લખ્યું ને વાંસની ભૂંગળીમાં મૂકી ખાણમાં તે નાખી ખાણ પૅક કરી દીધી. જતે વરસે દુકાળ પડ્યો ને વાણીઆએ ખાણ ઉખાળી તે ખબર પડતાં જ કોટવાળે જઇને અરધાઅરધ જારની માગણી કરી: ભોળા વાણીઆએ આ ગોટાળાથી આભા બનીને આનાકાની કરી, પણ ભૂંગળીમાંનો કાગળ વંચાવી મિયાંભાઇએ હકની રૂએ એમાંથી અરધી જાર પડાવી લીધી ને વાણીઓ હાથ ઘસતો રહ્યો.

દક્ષિણ આફ્રિકામાં થતી 'ડુઇકરબોક' (duikerbok) નામની હરણાંની જાત માત્ર સસલાં જેવડી થાય છે.




બીજ ને વૃક્ષ: વાયુવેગે દોડતી છતાં પેટનું પાણી યે ન હલે તેવી આસાન તથા કુશાદે આજની મોટરગાડીઓનું મૂળ બીજ તો ઉપલે ડાબે ખૂણે છે તે હેન્રી ફોર્ડે ઈ. ૧૮૯૬માં બનાવેલી ખડખડપાંચમ મોટર. એ પહેલી મોટર ખૂબ અવાજ કરતી અને બેસનારના સાંધાની પણ કસોટી કરતી.

જીવનની નવ ભાવનાઓ અને નવ
આદર્શોની ફોરમ પાથરતાં પ્રકાશ
ચિત્રો જોવાનું નક્કી કરો
કૌમાર્યનાં તેજ અને તાઝગી
વધારે તેવાં સ્વચ્છ ચિત્રો
આપનાર સંસ્થા તરીકે

પ્રકાશ

નું નામ દેશભરમાં
ખ્યાતિ પામ્યું છે.



પ્રકાશ
એટલે
કલા
સંસ્કાર
અને
મનોરંજનનો
વિજયધ્વજ



પૂર્ણિમા
નરસી
ભગત
ભરત
મિલાપ
જેવાં
સફળ
ચિત્રો
પ્રકાશનાં
મશહૂર
સર્જનો છે

કુવો
કવિ
અને
પનિહારીની
કથા

રામાયણ યુગનો વેધક ચિતાર રજૂ કરતું પ્રકાશનું
અનુપમ **રામરાજ્ય** ચિત્રરત્ન
દિગ્દર્શક · વિજય ભટ્ટ
કલાનિદર્શક · કનુ દેસાઇ

તા. ૨૦-૮-૪૩થી
મોડલમાં રજુ થાય છે.

ર જૂ આ ત ની વા ટ જૂ ઓ

એ વ ર ગ્રી ન રી લી ઝ